સોળ વરસની સતી



અરેરે ! સોળ વરસે. વીવાહ કર્યો તે હરેપ.

સોળ વર્ષની સતિ

અને

નવ વર્ષનો પતિ

ભાગ ૧ થી ૨૦

સંપુર્ણ સુબોધક વાર્તા

છપાવનાર અને વેચનાર

બુકસેલર બહુલાલ નારણદાસ

મુ. નડીઆદ

કીંમત રૂપીઓ એક

— ખાસ અગત્યની સુચના —

આ બુકનું પેઇજ નંબર ૨ વાંચવા હમારા દરેક ગ્રાહકોને સવીનય પ્રાર્થના છે.

ખાસ સુચના

આ બુક સોળ વરસની સતિ અને નવ વરસના પતિના પ્રથમ ભાગ ૧ થી ૮ છુટક ગોધરાવાળા મગનલાલ બાપુજી તરફથી પ્રગટ થયા બાદ તેઓની પાસેથી અમોએ તેઓને યોગ્ય બદલો આપી સર્વ હક્ક ખરીદ કરેલા હોવાથી આ પુસ્તક સાથે મગનલાલ બાપુજીને કોઇ પણ જાતનો સંબંધ રહેલો નથી.

પ્રથમ પ્રગટ થયેલા છુટક ભાગો ૫-૬-૭-૮ માં કવિ જોઇતારામ ભગવાનદાસ પાસે ઘણો સુધારો વધારો કરાવી ભાગ ૯ થી ૨૦ યોગ્ય બદલો આપી ખાસ રચાવવામાં આવેલ છે.

બુકસેલર જદુલાલ નારણદાસ

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે—**નડીઆદ**

પ્રત ૨૦૦૦ આવૃતી ૭ મી સને ૧૯૨૮

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીં. પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું અને બુકસેલર જદુલાલ નારણદાસે સ્વામીનારાયણના મંદીર પાસે નડીઆદમાંથી પ્રગટ કર્યું.

श्रीहरि

સોળ વરસની સતી

અને

નવ વરસનો પતિ

ઉર્ફે

બાળ લગ્નના બળાપો

ભાગ પહેલો

રાગ–બારમાસી

અરેરે સોળ વરસે, વીવા કર્યો તો હરશે;
માબાપ તો હુલાસી, મુજને અતી ઉદાસી—૧
મારી બહાર જાન આવી, સખીઓ તે જોઈ લાવી;
કે કંથ ઉંમર નાની, કાઢીશ કયાં જુવાની—૨
આ વાત સાંભળીને, પડી હું મુર્છા ખાઈને;
ઓ ઇશ કેમ કરવું, મુંઝાઇ મારે મરવું—૩

મારો જુવાની તાનો, પિયુડો મારો નાનો;
માબાપે કીધું ભુંડુ, સોધ્યુ ના જોડું રૂડું—૪

હું કહેતી'તી ફળીયામાં, કે જઇશ સાસરામાં;
ત્યાં જઈને રંગ માણું, પણ આવું ન્હોતું જાણ્યું—૫

માબાપે ઉંધું કીધું, તેને કરવું મારે સીધું;
કરી હર્ષથી સામૈયું, ફરી બ્હાર સર્વે ગયું—૬

ગયાં સર્વે મને મેલી, હું ઘરમાં અકેલી;
વીચારમાં થઈ ઘેલી, છું દુઃખમાં ડુબેલી—૭

મને વાર નથી મરતાં, પણ આપઘાત કરતાં;
અવતાર સાત આવે, આ એકે પાર આવે—૮

જેવી પ્રભુની મરજી, એ વાત એણે સરજી;
એવું મનમાં વિમાશી, બેઠી જઇ અગાશી—૯

જોઉ જાન ચાલી આવે, ગોરીઓ ગીત ગાવે;
મને નયને નીર આવે, ઉદાસી ઉપજાવે—૧૦

ગઇ જાન સઉ ઉતારે, જમવા સહુ પધારે;
વિવાહના વીચારે, હું રોઉં વારે વારે—૧૧

પછીજ માંયરામાં, હું બેઠી તેની સામાં;
નીરખીને નાનું બાળ, અંગે ઉઠે છે ઝાળ—૧૨

હું ઉઠી જ્યારે પરણી, નવ વાત જાય વરણી;
મુને અતી બળાપો, કોને કહું કઢાપો—૧૩

હું બનીતી દીવાની, થઈ જાન ચાલવાની;
સરવેજ રાડ પાડે, બેસો વહુજી ગાડે—૧૪

હું જઇને ગાડે બેઠી, પુરી ચીન્તામાં પેઠી;
હૈયું ભરાઈ જાતું, કે મુજને ન રહેવાતું—૧૫

નીરખીને મારૂ મુખ, સઉ કે છે શું છે દુઃખ;
પીયર છે પનોતું, વળી સાસરૂં છે સોતું—૧૬

લાજું જવાબ દેતાં, ઉપડે ન જીભ કેતાં;
બીજાં શું જાણે મારૂં, હું કયાં જઈ ઉચારૂં—૧૭

હું એને નથી રોતી, પણ કંથ સામું જોતી;
અરેરે નાનું બાળ, હજુ વહે છે લાળ—૧૮

અરે આનામાં શું છે, એ સંગ માણવું છે;
કેવાં નશીબ બળીયાં, આશા થયાના પડીયાં—૧૯

રસ્તે આવું છું રોતી, એમ સાસરામાં પોતી;
નણંદીઓ મારી સાથે, મુને ઝાલી એક હાથે—૨૦

વહુ હવેલી જુવો તો, ઠાલાંજ શું રૂવો છો;
પઇસા અહીં છે પુરા, વૈભવ નથી અધુરા—૨૧

કેવા દીસે કબાટ, ખાસા પડેલા ખાટ;
વિવિધ નવ રંગ, જુઓ પડયા પલંગ—૨૨

જોઇને આવું સુખ, વીસારી મેલો દુઃખ;
શા માટે રે રડો છો, કાંઇ અમને કહો છો—૨૩

એવુંજ કીધું જ્યારે, કેતી હતી હું ત્યારે;
શરમાણી ખુબ ચીતે, કહેવું ન આવી રીતે—૨૪

આ દુઃખ કયાં બતાવું, કોને કહુંજ આવું;
પણ જાણ્યું મનડામાં, છે ઝાળ તનડામાં—૨૫

બળી માળ ને હવેલી, ભલે બળી જાય વેલી;
મને સાસરૂ છે સુળી, પઇસામાં મુક પુળી—૨૬

જોઇને આ કબાટ, મુને થાય છે ઉચાટ;
તારી ખાટય નાખ ખુણે, મને દુઃખ આવી પુણે—૨૭

વિવિધ આ પલંગ, જોતાં નથી ઉમંગ;
તારો ભાઈ નાનો બાળ, દેખી ઉઠે છે ઝાળ—૨૮

પણ મન માન્યો સ્વામી, હે દઇવ હું ન પામી,
મેં વરત નહીં કરેલા, બહુ પાપ તો ભરેલાં—૨૯

પછી નણદી મારી બોલી, વહુ જાવ બાર ખોલી;
જઇ સુઇ તો રહોને, ઉદાસી મુકી દોને—૩૦

હું ગઇ ત્યાં ઉમંગે, પોઢયા પીયુ પલંગે;
જઈ ગોદડું મેં તાણ્યું, પિયુડે મારે જાણ્યું—૩૧

સામી ઉભેલી જોઇ, શું ચુડેલ આવી કોઇ;
મને જાણી એણે ભૂત, કર્યું જ એણે તુત—૩૨

તેણે તર્ત રાત પાડી, તું તો દોડ મારી માડી;
કે વોય મારા બાપ, આ કયાંથી આવ્યું પાપ—૩૩

હું બોલું થોડી થોડી, નણદીજ મારી દોડી;
મારા ભાઇને આ મારે, કોઇ આવો આની વારે—૩૪

પોતે જ મોટી થઈ છે, એની બુદ્ધી ફરી ગઈ છે;
એમ બાર વાત થાયે, મારૂં દીલ બહુ મુંઝાયે—૩૫

ઓ ઇશ કેમ થાશે, અહીં લાજ મારી જાશે;
શરીર મારૂં ધુજે, વિચાર તો ન સુજે—૩૬

ભલે થાય જે થાવાનું, કરી કાઢયું મેં ખાવાનું;
પીયરથી જે લાવેલી, દીધું પલંગ મેલી—૩૭

વસ્તુ ખાવાની ઝાઝી, તે દેખી થયો રાજી;
એમ કહી મેં ચખાડયું, હવે રાડ નહીં જ પાડું—૩૮

ખાતાં ખાતાં તે બોલ્યો, તમે કોણ છો તે બોલો;
તું શીદ આંહી આવી, તે દે મને બતાવી—૩૯

રે શો જવાબ દેવો, કાંઇ ન જાણે એવો;
અરેરે છેક નાનો, બહુ વારે રહયો છાનો—૪૦

વીચાર ઠીક કીધો, જવાબ ઠીક દીધો;
કહ્યું મેં વીચારી, હું નારી છું તમારી—૪૧

હું આવી છું ઉમંગે, સુવા તમારી સંગે;
રમોને રૂડે રંગે, પ્યારા પીયુ ઉમંગે—૪૨

તું શું રમત લાવી, તે દે મુને બતાવી,
તું આવી ફોસલાવા, પેંડા પુરી દે ખાવા—૪૩

રમતની નથી ખામી, તમે ખાઓ મારા સ્વામી;
બહુ પ્યારથી જણાવ્યું, રમત રૂડી ગણાવું—૪૪

સોળ સોગટાંને પાસા, રમવા કર્યાં છે ખાસા;
ચોપાટ આ છે પાસે, રમીએ આપણ સાથે—૪૫

તેમાં જે કોઇ હારે, પ્રભુ ચઢે તેની વારે;
નાખોને દાવ સ્વામી, કાંઇ ન રાખો ખામી—૪૬

રમતાં રમતાં રૂએ, ટગમગ સામું જુવે;
નીરખીને મારૂં મુખ, અતીશે લાગે દુઃખ—૪૭

આવા કજોડ સ્વામી, અકકલ તણી છે ખામી;
એ બેઠા બેઠા રૂવે, વળી મારા સામુ જુવે—૪૮

સમજ્યો ન કાંઇ બાળ, મને અંગે ઉઠી ઝાળ,
આસાથે રે'વું વાસો, ઉંડો મુકયો નીસાસો—૪૯

શી વાત કહુંજ એની, લાંબી કથાજ તેની,
નથી કહીજ જાતી, નથી છાતીમાં સમાતી—૫૦

તું બહુજ મારી પ્યારી, તેથી તને ઉચારી;
જો બીજે કાને જાશે ફજેતી મારી થાશે—૫૧

આ એક દીન ખાસો, એવો બન્યો તમાસો;
હસવું ને બીજી હાણ્ય, એ વાત આવી જાણ્ય—૫૨

સઉ ગયા ગામ મેલી, હું ઘરમાં એકેલી;
પીયુ ગયેલ રમવા, તે વખતે આવ્યા જમવા—૫૩

આવીને તાણ્યો છેડો, મુકયો ન મારો કેડો;
તું આપ મને ખાવા, નહીં તો ન દઉં જાવા—૫૪

બ્રાહ્મણ આવ્યો માગવાને, હું લાગી ભાગવાને;
આવી ઉભો ફળીમાં. કે બાઈ તુ તો બીમા—૫૫

હું બીને નથી જાતી, પણ ખુબ શરમાતી
માગે પિયુડો ખાવા, દે તો દઉજ જાવા—૫૬

મુકાવ્યો મેં તો છેડો, તોયે ન મુકયો કેડો;
એ રાડ પાડી રૂવે, બ્રાહ્મણ ઉભો જુવે—૫૭


બ્રાહ્મણ વચન કે આવાં, એને આપો બેન ખાવા;
બાળકની હઠ એવી, પણ માની હઠ કેવી—૫૮

બ્રાહ્મણની સુણી વાણી, મુકયો નીસાસો તાણી;
હું શું દઉં જવાબ, એ છોરૂનો છે બાપ—૫૯

શરમાણી મનમાં તો, આપી કર્યો મેં જાતો;
આશીષ આપો આવી, લખ્યું હશે જે ભાવી—૬૦

આવા બને તમાસા, તેથી નાખુ નીસાસા;
તુજ પાસ વાત થાય, બીજે તે કયાં કહેવાય—૬૧

મગન સુણી વાણી, તમે સમજો સઉ પ્રાણી,
અપુર્ણ રહેલી વાત, કહેવાસે બીજે ભાગ—૬૨



સોળ વરસની સતી
અને
નવ વરસનો પતિ

ભાગ બીજો

રાગ બારમાસી

નણંદની સાથે રહું છું, દુખોમાં ડુબી જઉં છું;
સંસાર ચીત છોડી, પ્રભુમાં ચીત જોડી—૬૩
વળી મનમાં વિચારૂ, ઠરવાનુ નથી બારૂ,
વીરહની અકળામણ, હું કયાં જઇને કાઢું—૬૪
પ્રીતમનું દૂખ ભારી, પ્રભુ ચડજો મારી વારી;
સ્વામી છે મારો છોટો, માટે કરી દો મોટો—૬૫
એમ કહીને રોઉં, પ્રીતમના સામુ જોઉં;
ઉભો તો બાની પાસે, તે દેખી મુને નાસે—૬૬
વળી દેખી તેના ચાળા, મારા મન બળે લાળા
એ વાત ઉર વિચારી, પકડીતી વીષ ઝારી—૬૭

આમાં વાંક નથી મારો, મુજ પીતા હત્યારો;
દીકરી કજોડે આપી, હાથે બન્યો છે પાપી—૬૮

માતા મન સાંધી, તો નાખી દે મન બાંધી;
નાના પતીની સાથ, ઝલાવ્યો મારો હાથ—૬૯

પતીને સમજાવ્યોં, તોય ભાનમાં ન આવ્યો,
મને બા કહીને બોલાવે, મારી પુઠળે તે આવે—૭૦

સખી તું દૂર થાને, ઘરમાંથી બહાર જાને,
વળી સુણી મારી, વાત કરવા દે આપઘાત—૭૧

મને દૂઃખ પડે છે શહુએ, હું કયાં જઈને કહુએ
પતી તણા વિયોગ, શી રીતે હવે સહીએ—૭૨

માટે સખી એ મારી, બંધ કરને તું બારી;
સંસારથી જવાની, આવી છે મારી વારી—૭૩

તુજ માતા પીતા એવાં, દૂનીઆમાં જોવા જેવાં;
છુપેલા દેવ પુંજી, ફરી માગી લેવા જેવા—૭૪

કુદરત અપાર ખુબી, માટે આવી તું ઉભી;
પણ પ્રાણનાથ મારા, છે મુજને તારનારા—૭૫

આવો ને મારા સ્વામી, રાખો જરા ન ખામી,
દુઃખી છે દીન દારા, દીલદાર યાર મારા—૭૬

તારા ફોટા જ્યારે દેખું, ત્યારે વાત એમ પેખું,
ઓ વાલા આવો પાસે, પુરોને મનની આશે—૭૭

મને આમ શીદ બાળો, આવીને હવે ઠારો,
મારાં મરજો માને બાપ, મેં શું કર્યાં ત્યાં પાપ—૭૮

વળી પરણી માથાં કાપ્યાં, નવ સુખ મને આપ્યાં;
મારા સુખના સમયે, તે દૂઃખ મારાં માપ્યાં—૭૯

ઉંચી છે તારી મેડી, કુળવાન તારી પેઢી;
તે સર્વે અહીંયાં રહેશે, નવ દૂઃખ મારૂં લેશે—૮૦

સરવે વાતે સુખી, પણ એક વાતે દુઃખી,
તે મન મારૂં જાણે, પીયુ દયા ન આણે—૮૧

એમ કહીને બાર બેઠી, પછીથી ઘરમાં પેઠી;
પાણીડાં ભરવા કાજે, પ્રીતમ મળ્યાં ત્યાં આજે—૮૨

મેં હાથ તેનો ઝાલ્યો, પણ તે જરી ન હાલ્યો;
ઉપરથી બુમ પાડી, મારી આબરૂ બગાડી—૮૩

તેથી હું ગભરાણી, ખુણે જઇ છુપાણી;
સાસુડી મારી ધારશે, અરેરે કેમ થાશે—૮૪

જાણ્યુ તું જઈ જમીશું, નીજ સાથમાં રમીશું;
ત્યાં જઈને સુખ માણ્યું, તે લોકે સર્વે જાણ્યું—૮૫

ખુણામાં બેસી રોઊં, ફરી આડી અવળી જોઉં;
વીધીએ લખેલું દુઃખ, તો કયાંથી મળે સુખ—૮૬

પછી મનમાં મુંઝાઉં, શી રીતે બહાર જાઉં;
જો આજ નહી જવાયે; સાસુડી ગુસ્સે થાયે—૮૭

ફરી કરી વીચાર, નીકળી હુ તો બહાર;
તેવામાં નણુદી બોલી, મારા ભાઇને શું મારે—૮૮

વળી સુણી તેની વાણી, હું બહુ થઈ દીવાની;
સઉ વાત મનમાં લાવું, પણ કોને કહું હું આવું—૮૯

પીએર રહીને મેં તો, અધિક સુખ માણ્યું;
સાસરીએ પડશે દુઃખ, મેં તેવું નોતું જાણ્યું—૯૦

વળી ગમતું નથી ખાવું, અરે શરીરે નાવું;
મને ઉંઘ નવ આવે, ઉદાસી ઉપજાવે—૯૧

નીંદ્રા દેવીને તાએ; પ્રીતમ તો થયા તા;
મારા મનના ઉમળકા, મુજ મનમાં રહ્યાતા—૯૨

પછી હું જઇને બોલી, દરસન દીયોને સ્વામી;
પડદો દીયોને ખોલી, નવ રાખો જરી ખામી—૯૩

તોયે ન સામુ જુએ, પડયો પડયો તે રૂએ,
તે દેખી હું ડરૂં છું, નીજ સાથમાં રડું છું—૯૪

દીલ માંહી દુઃખ સાલે, હીમત કોઇ ન આલે;
મુર્છા ખઈ પડતી, દીન રાત રહું હું રડતી—૯૫

મરજો કુટુંબ કબીલો, મરજો ભાઈ છબીલો;
ઉદર પોતાનું ભરવા, તે પડયો વચ્ચે નડવા—૯૬

પુત્રનું ભલું કરવા, માબાપ પડયાં આડે;
પોતાનું ભલું કરવા, દીકરીને નાંખી ખાડે—૯૭

આ જગતમાં હમોને, કો નથી તારનારો;
ઓ પ્રભુ આવ વારે, આવ્યો છે તારો વારો—૯૮

માબાપે જન્મ આપી, મને દુઃખમાં છે નાંખી;
સાસુ અને નણંદના, ટુકારા રહી છું સાંખી—૯૯

બધી હમારી વાતો, નણંદીને જ્યારે કીધી;
ત્યારે ઉપરથી ગાળો, બે ચાર મુને દીધી—૧૦૦

હક્ક છે પ્રભુજી મારો, શું જીંદગીને બાળો;
કો રીતે ન ફાવી, તે મુજને છે તાવી—૧૦૧

માટે બતાવો રસ્તો, આવે પીયુજી હસ્તો;
સઉ દુઃખ મારૂં તારી, મુજને લીએ ઉગારી—૧૦૨

શરીર સઉ સુકાઈ, ખોખું થયું છે ખાલી;
તાકાત ન રહીરે, વિના મોતથી મરીરે—૧૦૩

વળી નિશાળે જાતો, લેઈ રેવડી તે ખાતો;
તે ઘેર આવી કહેતો, મારે છે મુજને મહેતો—૧૦૪

આ બોલ સાંભળીને, ઘણી હું મનમાં લાજું;
જરી જો વચમાં બોલું, રે હાડકું ન સાજું—૧૦૫

સાસરીએ સાત માસ, રહી હતી હું જ્યારે;
માબાપે મન વિચારી, આણું કીધું તું ત્યારે—૧૦૬

પીયરમાં જઇને ભોજાઈ, હતી જે મારી શાણી,
સાસરીઆ કેરા દુઃખની, વાતો કહી મેં છાની—૧૦૭

ભોજાઇ હતી જે ડાહી, સમજીને આવી આંહી;
મુજને શીખામણ દેવા, તે વાત બેઠી કે'વા—૧૦૮

સતિ મીરાંના દુઃખનો, ચીતાર તેને કીધો;
બળેલા મારા જીવને, દીલાસો તેણે દીધો—૧૦૯

બીજે ચીતારે તેણે, દમયંતીને દેખાડી;
મારા હ્રદયને એવી, ધીરજની છાપ પાડી—૧૧૦

દમયંતી સતી શાણી, પ્રીતમે વન આણી;
તોયે તે નવ છોડે, સ્વામીની સંગ દોડે—૧૧૧

માટે ઓ બેન મારી, હીમત શું તુ હારી;
આ દુઃખ શું તું માને, કયાં ગઇ છે તારી સાને—૧૧૨

એમ કહી ભોજાઇ, મુને હીમત ઘણેરી આલી
રડતી મુને જોઇને, નીજ બાથમાં તો ઘાલી–૧૧૩
ભોજાઇ ઠપકો દીએ, મુજ મન બહુ ખીએ
પસ્તાઇને શું કરશો; મુંઝાઈ રોજ મરશો–૧૧૪
દમયંતી જુઓને, પતિની સંગ ગઇતી
અરે અર્ધ વસ્રી છતાં, નિજ સાથમાં તે રહ્રાતી–૧૧૫
નળરાય તેહને તો, મુકીને ગયો નાસી
પણ સતિ સુખ માણી, શોધી રહીતી ખાસી–૧૧૬
કરતી હજારો વ્રત તે, શીદને ગયાં ધોવાઈ
એ સર્વ ઇશ જાણે, તુજ કર્મની નવાઇ ૧૧૭
જેનો અપાર મહીમા, મહીમાં રહ્યો છવાઇ
કુલટાઓ સુખ માણે, તુજ કર્મની નવાઇ–૧૧૮
દીકરીને દુઃખ શું છે, તે તો કોઇ ન જાણે
ગૃહસ્થો થવા તણાતે, વિચારો ઉર આણે–૧૧૯
હવે ઓ બેન મારી, કહું છું કથા હું સારી
છે સર્વ વાતે સુખ, પ્રીતમનું ભારી દુઃખ–૧૨૦
મગન તો પુછે છે, શી રીતે તો રહેશે
બાકી રહેલું એનું, ત્રીજા ભાગમાંહી કહેશે–૧૨૧

સોળ વરસની સતી

અને

નવ વરસનો પતિ

ભાગ ત્રીજો

રાગ–બારમાસી.

પિયુ સંગ પ્રેમ રાખું નવીન વાતો ભાખુ
તોયે તે નવ બોલે હસીને નવ ડોલે–૧૨૨
જ્યારે બહુ સતાવું ત્યારે કહે તો આવું
તું ના કરીશ વાતો એમ કહીને મારે લાતો–૧૨૩
સાસુડી મારી દેખે ત્યારે વાત એમ પેખે
લાવોને વહુજી લાડુ પુત્ર વિદેશે કહાડું–૧૨૪
સાસુની વાત જાણી અરે ઉભી છાની માની
તે જોઇ મને બળતી નવ દેખે ત્યારે ઠરતી–૧૨૫
કીયા ભવનું વેર વાળી મારો મનખો દે બાળી
એ ઇશ આવે વારે મારૂં દુઃખ સર્વે ટાળે–૧૨૬

એ દડા છે રબરના વળી ભર જુવાની ભરના
પિયુ વિદેશે જાશે મારૂ અહીં શું થાશે–૧૨૭

ગોરા ગુલાબી ગાલ કમર કમાન વાળ
તેવું છે મુજ અંગ રમું હું કોની સંગ–૧૨૮

કારતકે સાહેલી મને કંથ ગયો મેલી
મને કામ બાણ વાગી ઝબકીને હું તો જાગી–૧૨૯

હવે શું કરૂં માડી દુઃખ ભોગવું છું દાડી
એ વાત કોને કહેવી મનમાં વીસારી લેવી–૧૩૦

સુણ સખી તું છે મારી બળવંત બુદ્ધિ તારી
રસ્તો બતાવ્ય બેની ઓલાય ઝાળ વેલી–૧૩૧

પાકયાં ખેતર સર્વે ધણી લણે છે ગર્વે
પાકી જુવાની મારી નાથે મુકી વિસારી–૧૩૨

તાડે પાકી છે તાડી ફુલ પકયાં ફુલવાડી
રામ સીતાને વાલાં ભોગે ભમર કાલા–૧૩૩

અરે માગશરે દીવાની હું નથી જીવવાની
વળી વસ્ત્ર છે રંગાળાં જરી કોર સેડ વાળાં–૧૩૪

પહેરૂં હું કોને કાજે દેખીને તન દાઝે
સ્વામી વીના શું કરવું વિજોગ દુઃખ મરવું–૧૩૫

કરવું તો કોની સારૂં ખાન પાન તો રૂપાળું
ઉડે છે અંગે દારૂ શી પેર બાઈ ઠારૂં-૧૩૬

ઝરે છે નીર નયને ભીંજાય શીર શયને
આવો નાથ ઓ મોરારી ખબર લ્યો હમારી-૧૩૭

પોશ માશ આવ્યો તોય કંથ નવ આવ્યો
જોબનીયું જાય ઝરતું એથી બીજું શું નડતું-૧૩૮

ચાલો સઉ ગામ જઈએ પ્રીતમના ગુણ ગઈએ
સખીઓ સઉ ભેગી થઈએ દુઃખોની વાતો કહીએ-૧૩૯

જ્યાં સુધી બનશે આવું મને ગમશે નહીં ખાવું
પીયુડો મારો મળશે ત્યારે તો જીવ ઠરસે-૧૪૦

અરેરે આવો નાથ ઝાલોને મારો હાથ
મને પ્રેમે નવ બોલાવો સઉ દીલ તો ખોલાવે-૧૪૧

આમ કહી મુંઝાઉં સખી કોને કહું આવું
ઓ ઈસ વારે ચઢજે સૌ કાર્ય મારૂં કરજે-૧૪૨

મહા મહીનો બેઠો પીયુ ગામમાં ન પેઠો
મન મારૂં ગભરાયે અરેરે કેમ થાયે-૧૪૩

ખબર મારી લીઓને જવાબ કંઈ દીઓને
પીવાડી પ્રેમ પ્યાલી તમે ગયા છો ચાલી-૧૪૪

તહેવાર જ્યારે આવે પિયુ સ્વપ્નમાં સતાવે
આંખ ઉઘાડી દેઉ તો કાંઇ નવ જોઉ-૧૪૫

પછીથી બેઠી થાઉં છું દિલને શિખામણ દઉં છું
પ્રીતમ મારા પ્યારા તું કેમ થાય ન્યારા-૧૪૬

મુજ સંગ રમનારા કમળના ભમનારા
તને ટાઢ બહુ એ વાય મારૂ તો શું એ થાય-૧૪૭

રૂડો ફાગણ ફુલ્યો છે ખુબ કેસુડો ખીલ્યો છે
તેવું વિરહ કાવે તોય કંથ નવ આવે-૧૪૮

જેમ હોળી તો બળે છે તે દીલડું કળે છે
હું નોતી તારી નારી તેથી જુવાની બાળી-૧૪૯

ધુળેટી આવી પાસ કેમ રાખું તારી આશ
પરણેત પિયુ મ્હારા કેમ થાય છે તું ન્યારા-૧૫૦

તને ઘટતું નથી આવું મુજના વિના તે ખાવું
ચોરીમાં હાથ ઝાલ્યો જીવ મુજનો તો બાળ્યો-૧૫૧

આ ચૈત્રરે બગીચો ભર્યા છે ગીચો ગીચ
ગુલાબ કેરી વાડી ખીલે છે દાડી દાડી-૧૫૨

વળી આંબા જેમ ફુલે જોબનીયું મારૂ ઝુલે
ડમરો જુઈ ગુલાબ ગુલ તોરાનો શું રાગ-૧૫૩

લીલાં પીળાં ને રાતાં ફુલડાં તે હરખાતા
તું મુકી રહયો જાતો મને શોક નથી માતો–૧૫૪

કુમળી આ કરમાય મને વિરહ નવ માય
બળતીને નહિ બાળો મારૂં દીલ આવી ઠારો–૧૫૫

છોગાળા છેલ આવો નવીન વસ્તુ લાવો
પછી પ્યારીને બોલાવો લીયો જોબનનો લ્હાવો–૧૫૬

વૈશાક કેરા માસે તમે આવો મારી પાસે
જોઉં તમારી વાટે નદી નાળા કેરા ઘાટે–૧૫૭

જેમ દીન વહેતા જાય મનખો તે રદ થાય
દિલ મારૂં બળી જાય શરિર તો સુકાય–૧૫૮

આ જળનાં જીવડાં તો વાદળામાં કેમ રહેશે
પરણેત તારી નારી દુઃખ કેવી રીતે સહેશે–૧૫૯

વળી બાળપણામાંથી મારૂં હીત ન વિચાર્યું
માબાપે મારા કર્મે આ કજોડું કયાં લગાડયું–૧૬૦

અરે બહુ થયું છે સ્વામી કહું છું શીષ નામી
તમે ઝટ ઘેર આવો ભોજન રૂડાં ખાવો–૧૬૧

વળી જેઠ માસ જાણી શરમ કંઇક આણી
ઉનાળે ઉડી જાયે પણ તું તો ન દેખાય–૧૬૨

ઘડી ગણુતાં માસ થાયે આઠ પહોર કેમ જાયે
આવું દુઃખ મારૂં જાણી પધારો પ્રેમ આણી-૧૬૩

સુંદીર શરમાળા તમે મુકો સર્વ ચાળા
તમે ઘેર આવી ચઢજો સૌ દુઃખ મારાં હરજો-૧૬૪

પીયુ તમારા કાજે હું જીવ આપું આજે
તને કાંઇ જરી ન લાગે તું કેમ દુર ભાગે-૧૬૫

વળી કરશો નહીં આવુ હું કોને દુઃખ કહાવું
તમે આવો ઘર વિષે કાઢીને સરવે રીસ-૧૬૬

અસાડ માસ આવી વીજળી તે મેઘ લાવી
ચમકારો બહુ ચલાવી મુજને દીધી હલાવી-૧૬૭

સુકાઇ થઇ છું આવી તેં મુને બહુ સતાવી
હવે ચઢજે મારી વારે લાવીને ઝટ પ્યારે-૧૬૮

સુખ સજ્યામાં હું જાવું ખાજીજ ડોલાં ખાવું
સુતાં તે સ્વપ્નામાં તમારૂં નામ ગાવું-૧૬૯

અવધ થઇ છે વાલા શરમાવો શીદ ઠાલા
હવે તો ઘેર આવો મુજ દીલ તો રીઝાવો-૧૭૦

અરે કહું છું કરજોડી દેશો ન તરછોડી
હું દાસી છું તમારી વેલી લીઓ સંભાળી-૧૭૧

સુંદર જુઓ આવણે રૂડાં મુકયાં નાવણે
તે જાણી ઘેર આવો મુજ મનને તો ભાવો–૧૭૨

કેમ વાલા દુર જાઓ મને તો શું સતાવો
પ્રભુએ કેર કીધો આપે દગો શું દીધો–૧૭૩

જુવાની ચાલી જાશે ત્યારે તું પસ્તાશે
તેમાં શું તારૂં વળશે નવ દુઃખ મારૂં ટળશે–૧૭૪

હું બહુ લખું છું આવું શુભ સંદેશા જે કહાવું
સોને શ્રીફળ મઢાવું તુજને મનાવા આવું–૧૭૫

ગયા છો તરછોડી મમ પ્રીતને તરછોડી
વીના વાંકે સતાવી લખ્યુ હશે જે ભાવી–૧૭૬

નોતી માંગતી હું માફી ચરણમાં શીશ નાંખી
હવે ગઇ છું હારી આવીને લેજો તારી–૧૭૭

આ વખતે નથી કોઇ માટે રહી છું રોઇ
તે અરજ કાન ધરજો મારૂં દુઃખ આવી હરજો–૧૭૮

ઉઠે છે અંગે આગે ઘણી મને તો લાગે
હું કયાં જઇને કહું શી રીતે હવે રહું–૧૭૯
મગને સર્વ કીધું પણ અહીંયા મુકી દીધું
બાકી રહેલું એનું ચોથા ભાગમાં લખાણું–૧૮૦

સોળ વરસની સતી

અને

નવ વરસનો પતિ

ભાગ ૪ થો.

રાગ—બારમાસી

સઉ જશે મારી બાજી તેથી થશો શું રાજી
હવે વીચાર લાવો તમે ઘેર પાછા આવો–૧૮૧

આખરે દગો દીધો વિશ્વાસ ઘાત કીધો
તમે હાલ મારા જુઓ જોબનીયું નવ ખુવો–૧૮૨

મેં ખુબ વેઠયાં દુઃખ નીજ સાથમાં તો ભુખ
હવે લ્યો મને તારી દો મનખો ન બારી–૧૮૩

છઠ્ઠીના લખ્યા લેખ તેને મારે કોણ મેખ
એ દૈવ મારા કર્મે લખેલો શું છે મર્મ–૧૮૪

આવા વીચાર લાવું સખીની પાસ જાઉં
ફરી આડી અવળી થઈને મુજ દીલને રીઝાવું–૧૮૫

મન ગમતા મારા તાજે આવોને ઘેર આજે
હું તલસું તમ વિના રંગીલા રસ ભીના–૧૮૬

જુઓને ઘરમાં પ્યાલા પડી રહ્યા છે ઠાલા
તમારા વીના સ્વામી પીએ તે કોન પાણી–૧૮૭

વળી પડયાં છે વાજાં ટેબલ ખુરશી ઝાઝાં
હીંડોળા ખાટ ઝુલે પણ કોણ આવી ડુલે–૧૮૮

સારંગી શું આ શોભે પડી રહી છે મોભે
ઉધેવ તેને ખાયે જોબન મારૂં જાયે–૧૮૯

વીલંબ ન કરશો માટે કહું છું સીર માટે
સઉ વાટ ભુલી જાજો આવીને ઘેર નાજો–૧૯૦

જેમ દીન ઝાઝા થાયે જોબન મારૂં જાયે
તે તો તું નવ જાણે હવે તો દયા આણે–૧૯૧

જેનો પીયુ વીદેશ જાયે તેનું ખરે શુ થાયે
તેનો કરી વિચાર તમે આવો ઝટ વારે–૧૯૨

શું આમ કેર કરો વળી ઝટ પાછા ફરો
મુકી દો સર્વે કાજે તમે આવો ઘેર આજે–૧૯૩

હીંમત ગઇ છું હારી હવે મરવાની વારી
પડે છે દુઃખ ભારી તેથી લો આવી તારી-૧૯૪

ગુનો નથી મેં કરીયો પણ બાપ મારો મરીયો
પાટા બાંધીને નાંખી તેથી રહી છું સાંખી-૧૯૫

સઉ નથી સમજાતું જોબન રહે છે જાતું
સ્વામી તું નવ જાણે વિદેશ મોજ માણે-૧૯૬

વખત વીત્યો ભારી હું થઇ છું નીરાળી
કરી મને નોધારી જીવ દીધો મા ા બાળી-૧૯૭

હવે નથી રહેવાતું સહ ા નથી થાતું
રાતને દીન મારૂ રે દીલડું દુભાતું-૧૯૮

તમે આવો પ્રાણ મારા શીદ થાઓ છો નીરાલા
વળી આવી બેસો પાસે તે દેખી દુઃખ નાસે-૧૯૯

દયા ધરોને વ્હાલા માથે દુઃખ કેરા ભાલા
કોઇ રીતે નથી સુખી દીન રાત રહું છું ભુખી-૨૦૦

હવે થયા છો મોટા શીદ થાવ ા તો ખેટા
ક્યાં જઇને કર્મ ફોડુ નવ મળશો આવું જોડું-૨૦૧

આશામાં દીન ગાળું હું આડી અવળી ભાળું
આવીને ક્યારે મલશો જીવન સફળ કરશો-૨૦૨

દાસીની અરજ ધારી દયા કરો ને ભારી
હું અબળા છું નારી કથની કહું છું મારી–૨૦૩

રહી છું અહીંયાં ભટકી વળી સીર મારૂં પટકી
નથી પામી કંઇ હું સુખ પડે છે બહું દુઃખ–૨૦૪

જુઓ સર્વ મોજ માને તે તો છે ઇંશ જાને
તમારી સંઘ મારૂં અપાવ્યું કોને પાનુ–૨૦૫

તે નથી સમજાતું જોબન રહ્યું જાતું
તે તો તું નવ જાણે વીદેસે મોજ માને–૨૦૬

આખરે આશો આવ્યો પીયુએ સદેશો કહાવ્યો
હું જઉ છું ચીન દેશે તું રેજે આવે વેશે–૨૦૭

ત્યાં જઇને સર્વ જોઇશ હુન્નર શીખી લેઇશ
જ્યારે જાપાન હું જઇશ ત્યારે તાર મુકી દેઇશ–૨૦૮

આ સર્વ જાણ્યુ જ્યારે ખાધીતી મુર્છા ત્યારે
ઓ ઇશ લે તું તાણીં મુજ પર દયા આણી–૨૦૯

દુઃખથી નથી રહેવાતું કંઇએ નથી જવાતું
મારી નણુદી મેણાં મારે દીયેરીઓ બાર કાઢે–૨૧૦

દુખે નથી ખમાતું સૌ પાપ રહ્યું જાતુ
ઓ ઇશ આવો વારે હવે લાવી ઝટ પારે–૨૧૧

અરે ઓ શેષ નાગે તું કેમ દુર ભાગે
મને આવી ડંખ મારે મારા પ્રાણુ બહાર કાઢે–૨૧૨

તારા ગુરૂની છે આણુ તે નક્કી તું તો જાણુ
સખત ડંખ મારી લે દુઃખમાંથી તારી–૨૧૩

મને દુઃખ બહુ છે પડીયું ઠીક જોડુ તેં ના ઘડીયું
નાદાન આવું બાળે મારે કર્મ તેં કયાં જડીયું–૨૧૪

ઓ પ્રભુ લે બચાવી મુજ પાસમાં તો આવી
કૃત્ય કાળાં કરીયાં તેં પેટ તારાં ભરીયાં–૨૧૫

સ્વામી કંઈ રાખો આસે હવે આવે મારી પાસે
તમે બાળ હઠ લીધી મને છેક તાવી દીધી–૨૧૬

મને પાસે નવ રાખી વીના મોતે મારી નાખી
જુદાઇ દોને છોડી તમે આવો ઝટ દોડી–૨૧૭

આવી ને પ્યારી કોને પછીથી લાવો લ્યોને
વીચાર સર્વ છોડો મુજ સંગ પ્રેમ જોડો–૨૧૮

વિપત્તિથી લ્યોને ટાળી સુખ આપનું દેખાડી
દુઃખ સર્વે મારૂં જાયે દર્શન તમારાં થાયે–૨૧૯

ચીન નાંખો ચુલામાં આવી ઝુલો ઝુલામાં
ટેબલ ખુરશી ઝાઝાં બેસીને થઇએ તાજાં–૨૨૦

જાપ:ન નવ જાશો હવે ના ભટકાશો
ઉમર તમારી થઇ છે જુવાની ખીલી રહી છે-૨૨૧

અરેરે પ્રાણ નાથ ઝાલ્યો તો કેમે હાથ
શું વાંક મારા પડીયા તેથી તમે તો નડીયા-૨૨૨

મુકો વીચાર વાલા શરમાય શીદ હાલા
તારાથી પેરૂં ચીર મુજ નણદી કેરા વીર-૨૨૩

સમજુ થયા છો સ્વામી કહું છું શીર નામી
વીચાર સર્વે છોડો ઝટ ઘર ભણી દોડો-૨૨૪

ગયા છો તરછોડી મુજ કર્મને તો ફોડી
તે દીની બેસી રહી છુ હું હાથ પગ જોડી-૨૨૫

અરેરે અહીં આવો લીયોને કંઇક લાવો
તમારા વી॥ બીજા કોઇને નથી દાવો-૨૨૬

જુઓને નથી ખામી જુવાની રહી છે જામી
ભરેલી આ છે પેટી આવી ને લ્યોને ભેટી-૨૨૭

રાખી પુરો ભરૂસો આવીને ઝટ જોશો
હાથે ચઢેલો હીરો તમે ગુમાવી દેશો-૨૨૮

જીવતરમાં ધીક એના સ્વામી નાદાન જેના
મળે કદી દુશાલા મણી મુક્તા તણી માળા-૨૨૯

કોઇ જો મળે માન ૫ગુળથી ૫ડે સાન
તેનું જો નહી ભાન આ વાત આવી જાન-૨૩૦

મનોહર મુખડું તારૂં શીદને થયું છે ન્યારૂં
મને ગમતું નથી ઘડીએ સંગાત કોની લઢીએ-૨૩૧

નારંગી જેવી નારી ભભકો છે મારો ભારી
જે જુવે એક વારી તેને થાય છે આજારી-૨૩૨

નાનકડા મારા કંથ શીદને સીધાવો પંથ
ત્રીજયનો દીન જાણી તમે આવો પ્રેમ આણી-૨૩૩

દીને તને ન દેખુ ત્યારે રાતે એમ પેખું
મારૂં જોડુ જ્યારે મળશે ત્યારે દુઃખ મારૂં ટળશે-૨૩૪

ોજે બીછાવું પુષ્પો તેની આવે ઘણી ખુસ્બો
ોઢન કાજે આવો જરૂર લ્યોને લ્હાવો-૨૩૫

ેને જોઅને કંથ તેને સીધો છે પંથ
ા બહુ કર્યાતાં પાપે તેથી પીડાઉં છું આપે-૨૩૬

ને મન એમ થાયે ખાવા દે મને ફાંસી
નીયામાં લોક બહુએ કરે છે મારી હાંસી-૨૩૭

ામાં સ્વામી આવ્યા સખીએ તે બતલાવ્યા
જ સાથમાં વળી તે નવીન વસ્તુ લાવ્યા-૨૩૮

વળી પાસ તેના જઈને ચરણમાં પડીતી
હૈયું ભરાઇ જવાથી હું બહુએ રડીતી-૨૩૯

નવીન વસ્તુ શું છે તે જાણવા જરૂર છે
આવેના ભાગે તેની ખરી ખબર લઇશું-૨૪૦

આ વાત પડતી મુકી તે પાંચમીમાં લીધી
મગને જે જે બની તે સાક્ષાત કીધી-૨૪૧



સોળ વરસની સતી

અને

નવ વરસનો પતિ

ભાગ ૫-૬

રાગ બારમાસી

છે સ્વામી ઘેર આવ્યા, તે છેતરી બોલાવ્યા,
જાણ્યું કે કાંઈ લાવ્યા, છે અંતરેજ ભાવ્યા—૨૪૨
બહુ દીનથી બળી'તી', ઘડી એક ના ઠરી'તી'
મતિ મરવા કર'તી', આશ નાથનીજ નો'તી—૨૪૩
જોયા નાથને ઉમંગે, તન કામ હોળી સળગે,
તે ક્યારે આવી વળગે, કે રમે રાત રંગે—૨૪૪
ઉગ્યો સુર્ય તો સોનાનો, છે મુજ પિયુ નાનો,
ચઢાવે જો એ તાનો, તો ઉતરે આ પાનો—૨૪૫
ઉમર તો હવે થઈ છે નાદાની બધી ગઇ છે,
હજુ મારી કંઇક રહી છે, ના વાત કંઇ કહી છે—૨૪૬

હસુ દર્દ દીલ ધાથી, વિયોગ દુઃખ સાથી,
બળતી બચી હું દાથી એ નાથના આવ્યાથી—૨૪૭
મુજ નાથના આવ્યાની, સગાંએ વાત જાણી,
મળવા ઉલટ આણી, આવ્યા વદીને વાણી—૨૪૮
તું કહે ભાઇ આવ્યો, છે શરીરે સવાયો ?
શાથી આમ તું લેવાયો, શા દુઃખમાં દબાયો—૨૪૯
પુછે પ્રશ્ન એમ ઝાઝા, સગા તજીને માઝા,
દે ડામ ઉપર દાજ્યા, એ સુણી કંથ લાજ્યા—૨૫૦
ના મુખ ઉત્તર દે છે, તે વાત ફેરવી કે છે,
મેં જાણ્યું માત રહે છે, તેથી તો મુંગા રહે છે—૨૫૧
એકાંત હમણાં મળશે, વાતો બધી તે કરશે,
મુજ ભ્રાત બધી હરશે, તવ દીલ મારૂં ઠરશે—૨૫૨
સગાં ન જાયે આઘાં, વેરી થઇને લાગ્યાં,
છે કામ બાણ વાગ્યાં, વિયોગ દુઃખ જાગ્યાં—૨૫૩
હું જોઇ રહી છાની, કરે કંથ મહેરબાની,
નથી નાથ ઉમર નાની, એ વાત માંડ જાણી—૨૫૪
ગયાં સગાં તો વેરાઇ, આશ અંતરે છે આવી,
મુજ ઉઘડયું ભાવી, જાણી સખીઓ બોલાવી—૨૫૫
એવે સખીઓ ત્યાં આવી, મેં સાનમાં સમજાવી,
લાવો નાથને બોલાવી, રે'મ અંતરમાં લાવી—૨૫૬

સખી સમજી છે સાનમાંહી જઇ ઉભી તે નાથ સહી
કરી ધીમેથી વાત રહી, ઘડીવાર ત્હાંજ થઇ—૨૫૭
રવી આથમી ગયો છે ત્યાં પડી રજનીની છાંય
સખી મોકલી છે તોય નાથ આવ્યા ન કાંય—૨૫૮
હું તો જોતી રાહ બેઠી, હતી આશ અંતર મોટી
હું નાથ રાહ જોતી શું પડશે વાત ખોટી—૨૫૯
મુંજ જીંદગીમાં પહેલી, છે રંગ રાગ હેલી
રમે રંગે પીયુ રેલી એ રાત આ છે પહેલી—૨૬૦
થઇ ઉમર પચીસ પણ કાઢી છે પીયુજ વણ
હજુ સુતાં ન બેઉ જણ પામી પીયુ પ્રેમ વેણ—૨૬૧
બેઠી એકલી વીમાસતી, હતી દુઃખને સંભાળતી
છાનાં આંસુડાં સારતી હું નાથને સંભારતી—૨૬૨
તવ ત્યાં સીડી ખખડી, જાણ્યું કો આવી ચઢયું
હું જાગી તે જ ઘડી નજર દ્વાર પડી—૨૬૩
હું ઉઠી સામે ધાઈ નિશ્વાસ ઉંડો ખાઈ
મુજ સખી આવી જોઇ, સાથે છે લાવી કોઇ—૨૬૪
આવી વિધુત વેગે, કરી નાથ મુજ ભેગે
બોલી બાળાં તે એમ લે આવી કુશલ ક્ષેમ—૨૬૫
તને સોંપ્યા તુજ નાથ, રંગે રમજો રાત
વહેલા ઉઠજો પ્રભાત, સુખે સમરો શ્રી નાથ—૨૬૬

સખી કહીને પાછી વળી ન વાર ઝાઝી
સાંકળ બ્હારથી વાસી, ગઈ ચુપકીથી નાસી—૨૬૭
જોઇ નાથ મુને ભડકયા, હજીુય નથી અડકયા
વદન નિચે નિહાળી, જુવે સામુ ન મારી—૨૬૮
હું બોલી શર્મ તોડી, વળી તો હાથ જોડી
કેમ નાથ નીચુ ઘાલ્યું શું દુઃખ નથી સાલ્યું—૨૬૯
આ જાય જોબન મારૂં પછીથી થાય ખારૂં
તે લુંટી રંગ માણો, એ વાત ખરી જાણો—૨૭૦
ગુલાબી ગાલ મારા, ચુંબન વિણ તારા
કરમાયે લાલ મારા, છે દુઃખી એથી દારા—૨૭૧
છે આધરો અધર અમી ચુસવાને તુજ ચૂમી
આવ્યો ન દાવ ધારી, તેથી ફીકાશ મારી—૨૭૨
શ્રીફલ શા કૂચ આ કઠણુ અતિ છે આ
વિના મર્દને દુઃખ દે, અનાથ કોને કહે—૨૭૩
છાતી ફાટી જો જાય, ચોળી માંહી ન સમાય
નાથ દુઃખ એવું થાય, કોને જઇને કહેવાય—૨૭૪
કટી મારી લચકાય, પગ પાણી પાણી થાય
ભમ્યા ચીતથી ભરમાય દુઃખ કોને કહેવાય—૨૭૫
બીજુ ઘણુય થાય, એનું વર્ણન ન થાય
નાથ સમજો એ સાર, આવો કરશો ન વાર—૨૭૬

એવુ કહેતી તે બાળા, કરતી ગઈ છે ચાળા
નાથ ઉભા છે જ્યાંય, આવી બાળા છે ત્યાંય—૨૭૭

પતિ ઝબકી જાગ્યો; જોઈ પાછો તે ભાગ્યો,
અંતર ધારીને ડર, ધ્રુજે ઉભો થરથરે–૨૭૮

બોલ્યો ધીમેથી સાદ; આઘાં ઉભા રહો આજ
દુર ઉભાં રો નારી, ન આવો પાશ મારી–૨૭૯

છો કોણ ક્યાંથી આવ્યા; શા કારણે સતાવો
જરા શર્મ કંઇક લાવો, ન કરો ભવાડો આવો–૨૮૦

ગયું કોણ મુકી લાવી, મને તો ફોસલાવી
કરીને માફ માટે, જવા દે જીવ સાટે–૨૮૧

સુણી સતીએ વાણ, તપી ઉઠયો છે પ્રાણ
આ સુ સ્નેહનું એંધાણ, કંઇક સુણોજ પ્રાણ–૨૮૨

વ્હાલા આપની હું નાર, ગયા મુકીને બેહાર
તે દીનની રહું છું, ઘાટ મોતનો ઘડું છું–૨૮૩

બાળવયે પરણી આપ, દુઃખ પામી અમાપ
ગયા વિદેશે આપ, પ્રગટયાં મારાં છે પાપ–૨૮૪

રજની રોઈ વીતાવું, અન્ન ન ભાવે ખાવુ
ના ગમે ક્યાંય જાવું, એ દુઃખ મમ લાવું–૨૮૫

વાતો વિવિધ થાતી, હું તેથી શરમાતી
કરૂ રડી આંખ રાતી, વળી કુટતી આ છાતી–૨૮૬

ઉપર સાસુડી સંતાપે, માર મોંઘેરો આપે
દે ગાળ ધારા ફાટે, થઇ ઉમર હતી માટે–૨૮૭

કહે શોકય છપરપગી, કહે મા તુ સગી
કહી વંઠી વેશ્યા લાગી, વળી જા કહે સમુળગી–૨૮૮

મુને જાણી અનાથ, આમ તજીને લોક લાજ
કરે હાંસી તે સમીસાંજ, સાંભળે ન કો અવાજ–૨૮૯

નાથ દુઃખ એવાં સહીને, વળી વિજોગે રહીને
ના દાહ્ડ કોને કહીને, દીન કાઢયા દુઃખી થઇને–૨૯૦

માટે પચીસ વરસે, પીયુને પામુ હર્ષે
જે આજનું એ ટાણું અમુલ એજ જાણું—૨૯૧

માટે પીયુજી આવો, રમીને લ્હયોને લ્હાવો
શાણા શું શરમાવો, વળી હાથને દબાવો—૨૯૨

કરતી એમ હાવ ભાવો, નયનો ઘણાં નચાવે
કરી એમ પાસ આવે, અંગે ઉમળકો લાવે—૨૯૩

પતિ જોઇ દુર ભાગે, તું આવ નહિ સાથે
મને વેમ કંઈક લાગે ના ભ્રાંત મારી ભાગે—૨૯૪

તું તો મોટી છે નાર હું તો હજુ છું બાળ
નથી સમજ્યો હું સાર, માટે નારી તું વિચાર—૨૯૫

રતી રંગ કેવી રીત, હજુ જાણું નવ પ્રીત
એ તો કહું છું ખચીત, માટે લાગે છે બીક—૨૯૬

મુને જાવાદે તું નારી, થશે પૂજેતી તો તારી
હું કહું છું વારી વારી, છોડી દે મુને નારી—૨૯૭

હું તારે પાયે લાગું, હું કરગરીને માગું,
લે ટોપીને ઉતારૂ, તું ગણ બાળ તારૂ—૨૯૮

મુને જવા દે જીવતો, હું ઘણો તુથી બ્હીતો,
લે હાર તુને આપુ ના નામ દઈશ બાપુ—૨૯૯

એ સુણી પતિની વાણી, સતીએ બધી જાણી,
ના કાહુ આમ લ્હાણી, આ રાત જાય ખાલી—૩૦૦

શું પીયુ આમ બોલો, દીલ અંતરથી ખોલો,
રંગે રમીને લ્હાવ, લ્યોને પછીથી જાવ—૩૦૧

હતી મોટી જો આપ, તો તો પરણ્યા શું કામ,
જીવતર મારૂ નકામ, કર્યું તોયે શું આમ—૩૦૨

નાથ માટે નવ આશ, તમે ધરો નવ ખાસ,
અહિંથી જાવા નવ દઉં, વાત ખરેખાત કહુ—૩૦૩

હોય જતું રહેવું રાજ, મુને મારી નાખી આજ,
પછી સીધાવો ને નાથ, છેલ્લી મારી એ વાત—૩૦૪

અલબેલા ઝટ આવો, જરા શંકા નવ લાવો,
શીદ શાણા શરમાવો, કંઇક દયા દીલ લાવો—૩૦૫

સતી ગઇ કહેતી આઘી, નાથ ભેટવાને લાગી,
ગયો ખસી પીયુ દુર, કરી હૈયું ઘણું કુર—૩૦૬

જાય દાદર ઉઘાડી, તો છે સાંકળ દીધેલી,
પીયુ નિરાશ થયો છે, હોસ ઉડી તો ગયા છે—૩૦૭

ગઇ કેડે હું તો દોડી, લાવી નાથને હું તાણી,
વ્હાલા આમ શું કરો છો, શાને મુજથી ડરો છો—૩૦૮

આવ્યા વ્હીતા વ્હીતા નાથ, બેઠા પલંગે સાથ,
લે કર હવે તું વાત, મારી જાએ મીથ્યા રાત—૩૦૯

કહો નાથ શું શું લાવ્યા, વિદેશથીજ આવ્યા,
મુજ માટે કંઈ છો લાવ્યા, કે ખાલી હાથે આવ્યા—૩૧૦

તું સાંભળને નારી, કરૂ વાત હું વિચારી,
હું ગણાવું જે જે લાવ્યો, જો જવા દે આ વારી—૩૧૧

ભલે નાથ પછી જાજો, જરા પ્રેમ પ્હેલો પાજો,
માટે સુખે નાથ બોલો, હવે અંતર ખોલો—૩૧૨

ત્યારે સાંભળને નારી, લાવ્યો ઘણી ચીજ ભારી,
મતિ ચાલે નહિ તારી, એવી ઘણી તો છે સારી—૩૧૩

લાવ્યો આ ડબા પચીસ, અંતર લાવીને હું રીશ,
પ્યાલા રકાબી છે વીસ, રોજ ઉકાળીને પીશ—૩૧૪

લાવ્યો બિસ્કુટ હજાર, ઉપર તાંબુલ બિહાર,
નહિ ચમચાનો પાર, મળશુ દીલદાર યાર—૩૧૫

લાવ્યો કેપ હૅટ ભારી, તું તો સાંભળને નારી,
વળી અત્તરનો બહાર, ભર્યો ડબ્બો છે ચીકાર—૩૧૬

લાવ્યો કાંસકા નવીન, એ તો ચાલે ઘણા દીન,
શીશી કંકુની તો બાર, કરૂ ટીલડી છીનાળ—૩૧૭

લાવ્યો નેકટાઇ અપાર સાથે પીન દસ બાર
વળી કોલર અપાર, કાઢયો જનમારાનો કાળ—૩૧૮

લાવ્યો કોટ દશવીસ, કાઢી જાકીટની રીસ
લાવ્યો ઘણાય ખમીશ, પહેરી સાહેબ બનીશ—૩૧૯

લાવ્યો પાટલુન ત્રીશ કમરપટા તો પચીશ
વળી બુટ લાવ્યો બાર, તે તો ચાલે ઘણો કાળ—૩૨૦

સ્ટીક છતરી અપાર, દેવા ભેટ તેની વાર
સીગારેટને ચીરૂટ ભર્યો બંડલ છે ફ્રુટ—૩૨૧

વાઇન વીસ્કીનો શોખ તેથી રાખો તેનો સ્ટોક
બની બજારે ફરીશ શાહુજાદો હું ઠરીશ—૩૨૨

લાવ્યો એવું હું તો નાર, બધું હજુ છે તૈયાર
તારે જોઇએ તે તો માગ મને માફી તું તો આપ—૩૨૩

મને છોડું જો તું આજ, હોય કૂળની તું લાજ
વળી લાગુ તુજ પાય હાય મારૂં શું થાય—૩૨૪

સુણી પતીની વાણી સતી ઘણું ગભરાણી
બોલી નાથ વાત જાણી, આંખે લાવી પુર પાણી—૩૨૫

ભલે નાથ બધું લાવ્યા દીન કેટલાયે આવ્યા
નથી એકે ચીજ ખપની, હું નામ તમ જપતી—૩૨૬

ભલે નાથ નવ લાવ્યા, પણ સારૂં થયું આવ્યા
હુ તમ દર્શન પ્યાસી તે મળી ચીજ ખાસી—૩૨૭

હું દુઃખ મારાં ભુલી વળી જીંદગી અમુલી
આવી નાથ મળ્યા આજે તેથી સારાં વાનાં થાશે—૩૨૮

રમો નાથ આજ રંગે તમ પ્યારીના સંગે
ઓલાય ઝાળ તનની કે શાન્તિ થાય મનની—૩૨૯

નવ વાર કરો નાથ ઝટ ઝાલો મારો હાથ
પ્રીતે ભરીને બાથ કરો મીઠી મીઠી વાત—૩૩૦

અંગે પાણી વહ્યુ જાય દીલે કંઈ કંઇ થાય
તપે કામથી આ કાય, નાથ દુઃખ ન રહેવાય—૩૩૧

બોલ્યો પતિ ત્યાંતો વાણુ સાંભળી નારી સુજાણુ
તું તો આમ શું કરે છે દીલ મારૂં તો બળે છે—૩૩૨

મને છેતરીને આમ તમે ફસાવ્યો શું કામ
ઉડી ગયા છે હોંસ, મુખે મારૂ આતો ઠોંસ—૩૩૩

તમે માંગો છો જે મુખ, હુંથી અપાય ન સુખ
હું તો અજ્ઞાની છું બાળ ઘણી મોટી તું છે નાર—૩૩૪

ભણ્યો ગુજરાતી. હું સાત કર્યો અંગ્રેજી અભ્યાસ
ભણ્યો પુરો ઇતિહાસ, કરી કોલેજોમાં વાસ—૩૩૫

પણ કરે આ તું ઠાઠ તેનો ભણ્યો નહી પાઠ
તેથી આવડે ન કાંઇ મીથ્યા રોકી રહી આંહી—૩૩૬

મારા મેતાજીતો પુરા હતા શ્રીમાન અધુરા
મારી માડી અનુભવી પણ વાત આ છે નવી—૩૩૭

વાત આવી નથી સુણી મને મારે અમથી દુણી
થઇ ગાંડી કે ગમાર કહું હું તો વારમવાર—૩૩૮

તારૂં બોલવું જે થતું તે તો મને નથી ગમતુ
કરે હાથ લાંબા ટુંકા તે ગમે ના સમુળગા—૩૩૯

હવે છેલ્લું હું સુણાવું, કદી અહિં નહિં આવું
મને આવડે ન કાંઈ, તેથી લાગુ મારે પાય—૩૪૦

હું તો હવે જઉં છું, હું કરગરીને કહું છું
કરી એમ જ્યાં તે ઉઠે, લાગે સતિ ત્યાંતો પુંઠે—૩૪૧

નાથ ઉઠો છો શું આમ, જરા કરો આરામ
બધું શીખવાડુ હું કે, છોડો હવે જવાનું—૩૪૨

હું પઢાવું પ્રેમ પાઠો, શીખો જુજવાને ઘાટો
જેથી રાતે રંગ માણો, બધી પ્રીત રીત જાણો—૩૪૩

જાણી સતીનો વિચાર, હવે ફરે ન લગાર
શોધ્યો પતિએ ઉપાય, હાય હવે તે શું થાય—૩૪૪

સાંભળ નારી ચતુરસુજાણ, મારે બધાનું એંધાણ
કરૂ વ્રત ખટ માસે, ત્યારે તો બધુ થાશે—૩૪૫

મને રોકીને આપ, ના વ્હોરીશ તું પાપ
પુન્ય થાશે અમાપ, માટે જવાદે તું બાપ—૩૪૬

બોલી સુણી તર્ત, ઘણાં દીન કર્યા વ્રત
હવે ત્યાગો સ્વામી આજ, દીન દાસીની આ કાજ—૩૪૭

નથી પુન્ય પાપ જેવું, શીદ હાથ આવ્યું ખોવું
પછી ભવ બધા રોવું, એ મારે નથી જોવું—૩૪૮

એવું સુણી પતિ ભાગે, પાછળ સતિ દોડી લાગે
ભરી નાથ બાથ વળગી ન કેમે થાય અળગી—૩૪૯

પીયુ નાખીયા પલંગે, વસ્ત્ર ખેંચી લીધા અંગે
રહ્યું અધુરૂ જે અહિથી, પૂરી કહીશું તે તહીથી—૩૫૦

વદે વાણી કઠલાલકર કર, મગજરે વાંચી તર
ગતિ સતિની શી થાશે, હવે પછી તે વંચાશે—૩૫૧

સોળ વરસની સતી
અને
નવ વરસનો પતિ
ભાગ ૭-૮

રાગ—બારમાસી

પીયુ કરગરી પડયો છે સુતાં ખાટમાં રડયો છે
નવ ઇલાજ જડયો છે વિધિ લેખ તો નડયો છે—૩૫૨
ગઇ રજની એ ચાલી ના કંથે કહ્યું વ્હાલી
કર્યો શ્રમ અતિસે ખાલી કંથે બાંય ન ઝાલી—૩૫૩
કર્યો શ્રમ અતિસે અંતે તે જાણ્યું રાત અંતે
પડયું તત્વ પીયુ પંથે નીર્માલ્ય નાથ અંતે—૩૫૪
હાયે હવે શું કરવું મુઝાઈ મારે મરવું
આ દુઃખ દીલ ધરવું ભવ પાર કયાં ઉતરવું—૩૫૫
છે નાથ વ્યંઢળ જેવા ના પામું કાંઇ સેવા
નીમ્યા છે દુઃખ દેવા શી આશે કરૂ સેવા—૩૫૬
પતિ બાળ સાથ હરખે પરણીતી સોળ વરસે
જાણ્યું તું કાંઇ વરસે કો દીન કામ સરશે—૩૫૭
પણ આશ એજ ઉડી ગઇ સોપારી વચ્ચે સુડી
હું કુટાઇ રાંડ ભુંડી થઇ રેવું પડશે લુંડી—૩૫૮

જુવાની મારી જાતી મુઝાય મારી છાતી,
હું રાંડી હોત આથી, તો લ્હાય આ સમાતી—૩૫૯
પતિ વીસ વર્ષ પુરા ન માહ્યરાં અધુરાં,
ના ઘર હજુય માંડયું, સંસાર સુખ છાંડયું—૩૬૦
મુજ જેવડી જે સખીઓ, પરણીતી સાથ બધીએ,
પળી સાસરીએ સાથે, જઇતી નાથ પાસે—૩૬૧
તે માંડી ઘર બેઠી, વ્યવહાર માંહી પેઠી,
રમે બાળ તેની ગોદે, ઝુલાવે ગીત ગાતે—૩૬૨
પતિ મુજ પાસ પ્રેમે, લુંટી મઝા તે રૈને,
પતિ પ્રેમ પુર જેને, ન દુઃખ કાંઇ તેને—૩૬૩
રે હાય સુખ મારૂ, તે સાથે સરખાવું,
જમીન આભને જે છેટું, તેવું છે સુખ છેટું—૩૬૪
હું થઇતી પ્રેમ ઘેલી, આ જીંદગીમાં પેલી,
પતિ પરણે ત્યાં ઝુલે, ગયો પ્રેમ એ અમુલે—૩૬૫
પતિ વિચાર્યા વિદેશે, ગયા તે બાળે વેશે,
હું રહી ઓશીઆળી, રહીતી આશા ધારી—૩૬૬
મુજ પતિ જ્યારે આવે, તવ સુખ પાછું લાવે,
હુતિ ધારણા એ મોટી, પડી સહુ તે ખોટી—૩૬૭
કર્તા—સંભારી દુઃખ જુનાં, આંસુ આવીઆં છે ઉનાં,
રડે સતી તો છાની, જોઈને કંથની નાદાની—૩૬૮

સતી ધરાઈ રોઇ, ના છાની રાખે કોઈ,
પીયું પાસમાં સુતો છે, રહ્યો એકી ટશે જોઈ—૩૬૯
સતી રડતાં નિહાળી, દુઃખ તેનું દીલ ભારી,
રહ્યો આંસુ નવ ખાળી, રહી આંસુધારા ચાલી—૩૭૦
ભવિ–સતિ શાંત થઇ પુછે છે, પતિ આપને આ શું છે,
શા કારણે રડો છો, શા કારણે બળો છો—૩૭૧
હું અભાગી પુરી, તમોતે સીર ઝુરી,
કાતીલ બનીને છુરી, આજે થઇ હું શુળી—૩૭૨
હું નાથ માફ માગી, રહી છું જુવો જાગી,
હું નાર નીરભાગી, ના આમ દોને ત્યાગી—૩૭૩
માતાજી તમ જાણે, રૂદન થતાં આ ટાણે,
ફજેતી મારી થાયે, ઇજત બધીએ જાએ—૩૭૪
માટે રહોને છાના, જો હો પતિજ દાના,
કારણ બતાવો આના, રડો છો આમ શાના—૩૭૫
પતિ–પત્નિ રહીને બોલ્યા, પટ અંતરથી ખોલ્યા,
ઓ સુણ સતિ તું નારી, ના હોય ભુલ તારી—૩૭૬
મુજ સાથ સ્નેહે પરણી, શી વાત કહું વરણી,
હતી મુજ ઉમર નાની, હતી છેક તો નાદાની—૩૭૭
એ કાળ માંહી તુને, ના સુખ કાંઇ દીધું,
રમી બળતા સંગાથે, યોવન અકાજ કીધું—૩૭૮

માતા પીતાએ તેવે વખત વીચારી કીધું
સમજ્યા વિના એ સીધુ જવા વિદેશ કીધું—૩૭૯
ત્યાં દેહ મારી સુધરે માતા પીતા એ ધારે
થયું ઉલટું ત્યાં મારે બધા બુરા વિચારે—૩૮૦
ગયો વિદેશ પહેલો જોઈ થયો હું ઘેલો
હતો પાસ પૈસો પુરો મુજ તાતે દીધેલો—૩૮૧
ખરચ્યો ઘણોય શોખે બધો વગર મોખે
ચઢયો વ્યસને હું પુરો ન રહયો હું અધુરો—૩૮૨
થયો હું ચાનો રસીઓ હોટલ માંહી ધસીઓ
થયો શોખ શીગારેટે ના રાખતો હું છેટે—૩૮૩
લોજ વીશીએ ભમીને રોજ કોરૂ જમીને
મુજ હોજરી આ પુલી ગયો શોખમાં હું ડુલી—૩૮૪
થયો વીસ્કીનો શોખી બધો આધાર નાખી
બન્યો ઘેનમાં હું ઘેરો ફીકો પડયો છે ચ્હેરો—૩૮૫
છતાંય ટાપ ટીપે રહે તો કાંઇ બીકે
થઈતી ઉંમર મારી આવતી સમજણ સારી—૩૮૬
મીત્રો તણી મીંટીંગે ચર્ચાય વાત રંગે
વિષય તણીતો વાતો કરી વિતાય રાતો—૩૮૭
દોરાયું લક્ષ તેમાં માનીને સુખ એમાં
વીતાવું દીન તેમાં લલનાની પુરી લ્હેમાં—૩૮૮

મીત્રોએ દુઃખ જાણી લીધો મુને તાણી
વેશ્યા ગૃહો બતાવી મને દીધો લોભાવી—૩૮૯
હું રોજ ત્યાંય જાતો વિલાશે થાતો તાતો
સુણી મધુરી વાતો હું રોજ ત્યાં ઘવાતો—૩૯૦
કંઇ આળ એમ કાઢયો અતિસે મોજ માણી
જીવન થતું એ જાણી પછીથી ધુળ ધાણી—૩૯૧
ઉંમર હજુય કાચી કરી ગમારી સાચી
નિસ્તેજ મુખ મારૂ થયું છે રોગે કાળું—૩૯૨
ફીકાશ દેહ મારે ન શક્તિ રહી લગારે
અંગ વ્યાધિથી ખવાયું અન ના જરા ખવાયું—૩૯૩
ચળે વ્યસન પડીઆ આ દેહ સાથે જડીયાં
ભવસુખ બધાં ટળીઆં કમભાગ્ય મારાં ઘડીઆં—૩૯૪
કંટાળ્યો દુઃખ જેથી હું આવ્યો અહિં તેથી
અહિંઆં થઈ ફજેતી તજ આશ તું હવેથી—૩૯૫
તું આશ જેની રાખે તે સુખ તું ન ચાખે
નિરમાલ્ય દેહ મારી એ કહું સતી વિચારી—૩૯૬
હું ધારી બેઠો એવું હવે નહિ હું જીવું
હું ક્ષય થકી પીડાઉં તો શક્તિ કયાંથી લાવું—૩૯૭
જીવન સલુણી તારૂ કરી મુકયું અકારૂં
મે ખોલ્યું નર્ક બારૂ દુઃખી જીવન તારૂ—૩૯૮

રે હાલ દુઃખ તારૂ જોઈને દીલ મારૂ
રડી રહ્યું છે આજે સલુણી તુજ કાજે ૩૯૯

કર્તા—પતિનું દુઃખ જાણી સતી મુજાણી શાણી
વીચારી વદી વાણી પતીની વાત જાણી—૪૦૦

સતી—ઓ નાથ મારા પ્યારા કાલે થશોજી સારા
દીન આવશે ઉજાળા તજો ઉચાટ પ્યારા—૪૦૧
દાસી તમારી હું તો હાજર હજુર છું તો
ન દુઃખ હવેથી આપુ ન નાથજી સંતાપુ—૪૦૨
પોઢોને પીયુ મારા જી થાવાને સુખારા
આ વાયુ ઢોળે દારા કોકીલ કંથ મારા—૪૦૩

કર્તા—પતીને ઉંઘ આવી સતી વીચારી લાવી
સતી—વીચાર ઉર લાવી દશા અરે શી આવી—૪૦૪
પતી વ્યસન પુરાં એકે નહી અધુરાં
આ તેથી વંઠયાં મુળાં કરમાયાં ફૂલ કુળાં—૪૦૫
અરે ખરીજ બીડી વળી તે નર્ક સીડી
તે બંધને દે ભીડી હરામ એવી બીડી—૪૦૬
બીડી દીવાના પીતા ન પાપથી એ બીતા
ચઢાવે ચીત ચાળે નખોદ કંઈક વાળે—૪૦૭
લાખોની લાળ ચાટે બીડી પીવાને માટે
ભટકાય હાટ હાટે બીડી પીવાને માટે—૪૦૮

ગંધાય શ્વાસ એવો સંડાસ દ્વાર જેવો
વળી કાળજું જલાવે ખરે ક્ષયથી પીડાવે—૪૦૯
અંતે મોત બીડી આણે સમજુ તે જોઇ જાણે
મીથ્યા મુરખ તાણે બીડીથી મોજ માણે—૪૧૦
બળ્યો ચા તણોય ચસ્કો મુખેથી લાગે મસ્કો
જીવન ખુવાર થાતું એવી અભાગી ચા તું—૪૧૧
લોહી માંસને તું બાળી બનાવે દેહ કાળી
બાહેર ઉકાળે જેવી અંદર જલાવે તેવી—૪૧૨
ઘણા પીઆક તારા તણી રડે છે દારા
નશો વ્યંઢળ જેવા કરે છે તુજ સેવા—૪૧૩
ઘણા પીઆક તારા થઈ વાંઝીયા રૂપાળા
પડ્ડ ફરે તે સારા હરદમ તને પીનારા—૪૧૪
ઘણા પીઆક તારા ગયા તજી સંસારા
ઉગતી જુવાની ચાલ્યા એ નર્ક પંથ ઝાલ્યા—૪૧૫
માટે તજે જે ચાને ભવ તરે એ બહાને
નહી તો નખોદ કાઢે જો જો તે ધોળે દહાડે—૪૧૬
દારૂ દિવાના પીતા નહીં ધર્મથી એ બીતા
સોગંદ જુઠા એ ખાતા ઉપાડતા એ ગીતા—૪૧૭
વીપરીત બુદ્ધિ થાતી દારૂની સેવનાથી
થતો નર્કનો એ સાથી દારૂની સેવનાથી—૪૧૮

દારૂથી ફાગ બોલે, નરક દ્વાર ખોલે
ગણાય શ્વાન તોલે, લોકો ભુંડાઈ બોલે—૪૧૯
ઇજત કાંકરા એ થાતા, ગાંઠેથી ગર્થ જાતાં
અંતે ખરાબ થાતા, દેહ દર્દમાં પીડાતાં—૪૨૦
બધાં વ્યસન એવાં, સમજુએ છોડી દેવાં
આ દુઃખ મારે આવ્યું, એ વ્યસને સજાવ્યું—૪૨૧
ધીક્કાર દારૂ બીડી, ધીક્કાર ચા તું ભુંડી
ધીક્કાર પેદા કરતાં, ધીક્કાર સેવનારા—૪૨૨
અબળાની આશ તુટે, એ પાપ તમ પુંઠે
સૌભાગ્ય મારૂ લુંટે, એ પાપ તમ પુંઠે—૪૨૩
ધીક્કાર એમ દેતી, ફીટકાર મુખ કહેતી
સતી ગઇ છે ઉંઘી, મુખેથી શ્રાપ દેતી—૪૨૪
અધુરી રાત વીતી, સાસુએ બાંગ દીધી
સાસુ—હજુએ રાંડ ઉંઘે, ના કામ કંઇ સુઝે—૪૨૫
કર્તા—ઝબકીને સતી જાગી, સાસુની બીક લાગી
નીસાસા નાંખી ઉઠી, કામે જઇને લાગી—૪૨૬
સતીને સાસુ કહેતી, મુખેથી ગાળ દેતી
હવે નથી હલેતી, કરોને કામ તેથી—૪૨૭
તું બાઇ રાંડ ફાટી, દેખાય રાંડ ધાટી
છે પુત્ર મુજ નાનો, વેશ્યા તમેય માનો—૪૨૮

તું આંખ કાળ જેવી, સાક્ષાત કાળી દેવી
તે જોઇ પુત્ર બીહીતો, નથીય ખાતો પીતો—૪૨૯
રાંડ વંતરી તું પુરી, બધાય કરમે સુરી
મુજ છોકરાને સુળી, સમી તું રાંડ બુરી—૪૩૦
માટે નીચુંજ ન્યાળી, તું ચાલજે હત્યારી
નહી તો દશા તારી, બુરી થવાની ભારી—૪૩૧
કર્તા—સતીને એમ સારે, નીત સાંજ ને સવારે
કહેતી ઘેર ને બારે, વદે તે સાથ ગાળે—૪૩૨
સતી આંસુડાં નિગાળે, ચઢે તે કોણ વારે
સામો શબ્દ જો ઉચારે, તો માર કંઈક મારે—૪૩૩
સતીના એમ જાતા, દીનો બધાય દુઃખના
કંકાસના પ્રતાપે, ઉડયા ઉલાસ સુખના—૪૩૪
સાસુના આમ તાપે, સતી તો રોજ ત્રાસે
વળી થતી નીરાશે, પતીની જાય પાસે—૪૩૫
સસરોય દુઃખ દે છે, મુખેથી ગાળ દે છે
ગધેડી ઘોડી કે છે, હમેશ ત્રાસ દે છે—૪૩૬
ના એકે ઠામ ઠરવા, સતીને સાસરીમાં
હજુ ન હામ હારે, વિશ્વાસ છે હરીમાં—૪૩૭
કરતાજ લોક ચેષ્ટા, સતી જ્યાં બહારે જાએ
ફટકેલ ટોળી માંહે, સતીની વાત થાએ—૪૩૮

છીનાળ ધારી તેને લંપટ પુરૂષ ફરતા
છળવા સતીને છળથી વિચાર કાંઈ કરતા—૪૩૯
જોખમ ભરેલી રીતે સતી રહેતી બીતે
બળવાન શતરૂ ઘરમાં અબળા એ ત્યાં શુ જીતે—૪૪૦
અહિંયાં પતીની સ્થિતી ગંભીર ઘણીય થાતી
શકિત હુવેય જાતી અશકિત ઉભરાતી—૪૪૧
લાલી ગુલાબી મુખની પ્રતિદીને જ ઉડતી
અશકિત અંગે આવી કાન્તિ જ ફીકી પડતી—૪૪૨
સતિનો સાસુ સસરો ચિંતા કરે છે સુતની
કરાવે દોરી ધાગા ઠરાવે બાધાં ભુતની—૪૪૩
એકે ન ટેકી લાગે ન દૂખ એથી ભાગે
ઉલટુ વધારે લાગે ના દૂઃખ એથી ભાગે—૪૪૪
બોલાવ્યા જોશી જતીઓ બતાવી ગૃહ દશાઓ
જોશી બતાવે એવું ગૃહ જાપને જપાવો—૪૪૫
જોશી જપે છે જાપો જેથી કપાય પાપો
ભુવા ઘણાય ધુણે હમેશાં બેસી ખુણે—૪૪૬
આવી અનેક રીતે ખરચ્યુ ઘણુંય નાણું
ના પુત્ર સાજો થાયે ના સુધર્યુ એ ટાણું—૪૪૭
વૈદ્યો બોલાવ્યા ઝાઝા આવ્યા પરગામ કેરા
બતાવી નાડી સુતની જમાવ્યા વૈદે ડેરા—૪૪૮

માત્રા વિવિધ જાતી એ દર્દમાં અપાતી
છે લોહ બંગ કેરી અબરખ તામ્ર કેરી—૪૪૯
સાકર શીરા તે ઉપર કઢાવેલ દૂધ પાએ
ન ટેકી તોય લાગે સાજો ન પુત્ર થાએ—૪૫૦
પછી ડાકટરો બોલાવ્યા એમ. બી. એસ. થયેલા
એલેમ એન્ડ એસે જે પાસ થયેલા—૪૫૧
છે શીર હેટ શોભે ચશ્માં નયને ઓપે
ઓળખાય સૌથી પેલા વળી કેશ ફ્રેન્સી ઓળે—૪૫૨
ભરી ડોઝ વીસ્કી પાએ વાઈન દેશી ઝાઝો
દવા વિદેશી બીજી ભર્યો બાટલો મઝાનો—૪૫૩
પણ તે પીવાડી થાકયા ના ફેર કાંઇ લાગ્યો
સતી તણાય દૂ:ખનો દીવસ આવી લાગ્યો—૪૫૪
એકે ન ટેક લાગી સાસુ કે સસરાની
સતી ને માથે ધારી ચઢાવ્યું આળ જાણી—૪૫૫
સાસુ કહે સતીને આ રાંડ ફાટી હાવે
તું ડાકણી છે પુરી તુજ ગુણ એ કહાવે—૪૫૬
મુજ પુત્ર બાળો ભોળો લઇ ખપ્પર તે ખાંતો
વૃથા અમારો આજે મનખો કીધોય બાધોય—૪૫૭
જો પુત્ર મારો મરશે તો તારે મરવું પડશે
એ જાણજે તું સાચું તું મોત એજ વાંચું—૪૫૮

કર્તા—સતી સાંભળી રડે છે વીધી લેખથી નડે છે
ઉત્તર કાંઈ ના જડે છે ખુણે બેસીને રડે છે—૪૫૯
સતીના દીન જાતા કઢાપા રોજ થાતા
ન આપતું કો સાતા વહે છે શબ્દ તાતા—૪૬૦
એક દીન સાધુ આવ્યો ભીક્ષાન્દેહી કરતો
સતી પતીને જોઇને ઉચાટ દીલ કરતો—૪૬૧
શોકે ઝવાયું મુખડું સતી પતીના દુઃખથી
નીરખે જોનાર એવું કીધું છે મુખ દુઃખથી—૪૬૨
સસરો—પુછે સતીનો સસરો મહારાજ કેમ લાગ્યું
વિલાયું મુખ શાથી શું દુઃખ આંહી જાગ્યું—૪૬૩
બાવો—બાવો ઉઠયો ત્યાં બોલી વળી તે દીલ ખોલી
શું શેઠજી જુવો છો તમ પુત્ર ખાય ફોલી—૪૬૪
તમ પુત્રને કો ડાકણ વળગી છે શેઠ ભારે
તેથીજ મૃત્યુ આનું હું દેખતો અત્યારે—૪૬૫
શેઠ—તવ શેઠજી ત્યાં બોલ્યા ઓ બાપુજી એ સાચું
મુજ પુત્ર રોજ ગળતો તમામ કહેવું સાચું—૪૬૬
મહારાજ કોણ એવી વળગી છે જીવ લેવા
માલુમ નથી એ પડતું બતાવો સાધુ દેવા—૪૬૭
બાવો—ઓ શેઠ સુણ કહું છું બાધાય તેની દઉં છું
તમ ઘર તણી કો નારી તેણે કરેલું ધારી—૪૬૮

ના નામ તેનું આપુ પણ કષ્ટ એજ કાપું
જો હોય વિચાર કહેજો નિશ્ચીંત થઇને રહેજો—૪૬૯

શેઠ—સુણીને શેઠ ત્યાં તો મહારાજ પાય પડીયા
મહારાજ આજ મારા નસીબે આવી ચઢીઆ—૪૭૦

ઓ બાપજી દયાથી મુજ પુત્રને જીવાડો
અતિ ઉપકાર થાશે બદલો વાળીશ સારો—૪૭૧

બાવો—બાવો વદ્યા ત્યાં વાણી ઓ શેઠ જુવો જાણી
રહેઠાણ મારૂં પાદર એક વડની એધાણી—૪૭૨

તમ પુત્રની વધુને સંધ્યા સમે વિચારી
એકલી અબોલ ભેજો તે પાસ આવે મારી—૪૭૩

હું મંત્રી જળ આપું તમ પુત્ર કષ્ટ કાપુ
સંભાળી લાવે તેને ઓળો પડે ન જેને—૪૭૪
નહિ તો નકામું થાશે તમ પુત્ર જીવ જાશે
માટે સમજાવી વહુને ભેજો એ સાચું કહુને—૪૭૫
ના વહેમ કોઇ રાખો નહિ તો બધુંય બગડે
દીન આઠ પાવું પડશે તો દર્દ પાછુ પડશે—૪૭૬

શેઠ—સુણીને શેઠ બોલ્યા મહારાજ એજ સ્હેલું
મુજ પુત્ર સાજો થાશે તો આવશે એ પહેલું—૪૭૭
શીરપાવ સારો દઇશું મહારાજ પુત્ર ઉઠે
સુધરી એ જાય બાજી કદાપી દઇવ ત્રુઠે—૪૭૮

બાવો—સુણીને બાવો બોલ્યા, શેઠ શું એ બોલ્યો
શીરપાવ દેઇ સારો, શું ભાર મુજ તોલ્યો—૪૭૯
સાધુ કદાપી મરતા, પૈસા ગૃહે ન કરમા
દુઃખો વેઠે એ વનમાં, કદી રહે ન ઘરમાં—૪૮૦
છે બેન માતા જેવી, સ્રી જાત આખા જગની
મરતાંય યોગી મનમાં, વાતો કરે ન ભગની—૪૮૧
માટે ન શેઠ મારે, પૈસો ન એક જોઇએ
પરમાર્થ કામ મારે, કરવું બતાવ્યું કોઇએ—૪૮૨
કર્તા—તે કહીને એવુ ચાલ્યા, બાવોજી ભાર મુકી
સતીનાં સાસુ સસરો, ગયાં છે ભાન ચુકી—૪૮૩
સસરો—સતી બોલાવી પાસે, કહ્યું તહાં ખુલાશે
કહોને સાચુ ગોરી, તમોથી ત્યાં જવાશે—૪૮૪
સાધુ છે સત્વ ગુણી, ન આવે આંચ ઉની
પતિ તમારો જીવે ન કરશો ઉની પુની—૪૮૫
સતી—સતિએ વાત સુણી, શોકે ભરાઇ ત્યારે
રે હાય કેમ કરવું, વગર મહોતે મરવું—૪૮૬
સંધ્યા સમય જાવું, એકાંત વેળા ત્યાંહી
અબળા અકેલી હું છું, ન બેલી મુજ ત્યાંહી—૪૮૭
માટે આ સાસુ સસરા, સંગાથ કોઇ હોશે
તો જઇશ સાધુ પાસે પતિ જીવ્યાની આશે—૪૮૮

સાસુ–સાસુ વદી સપાટે, એ રાંડ આ શું બોલે
 પડશે જવુંજ તારે, નાહક નકામું બોલે—૪૮૯
 ત્યાં જાય જીવ તારો, પરવા ન તેની ધારી
 ચાહે તે ભોગે ત્યાંથી, જળની લઇ આવ ઝારી—૪૯૦
સતી–સતિએ વિચાર્યું મનમાં, હું ના કહીશ આંહિ
 મુને તો માર મારે, પડશે જવુંજ ત્યાંહી—૪૯૧
 દીનેશ ઇશ મારો, કરજે બચાવ સારો
 કરજે શીયળ રક્ષા, લેજે તું પ્રાણ મારો—૪૯૨
 અનાથ હાથ જોડી, એ નાથ તુને કહે છે
 શીયળ ન ભ્રષ્ટ કરજે, તદાપી પ્રાણ હરજે—૪૯૩
 પતિ થવાને સાજા, લીધી છે આજ બાધા
 તે ઇશ પાર પાડે, સંકટ પડેલાં આડે—૪૯૪
કર્તા–કરતી વિલાપ આવા, તૈયાર થાતી જાવા
 સંધ્યા પડી છે જ્યારે, વસ્ત્રો સજ્યા છે ત્યારે—૪૯૫
 આંખેથી આંસુ ધારા, વરશી રહી ચોધારે
 તીમીર ઘોર જામ્યું, તવ નીકળી તે બહારે—૪૯૬
 ઘુંઘટ ઘણેરો તાણી, મનમાં ધરી એધાણી
 તરકટ બધુંએ જાણી, બીકે વદે ન વાણી—૪૯૭
 પ્રીય વાંચકો એ મારા, પીડાય ત્યાં શી દારા
 કઠલાલકર તે તો અવર ભાગ માંહિ છે તો—૪૯૮

સોળ વરસની સતિ
અને
નવ વરસનો પતિ

ભાગ ૯-૧૦

રાગ—બારમાસી

સતી ગઇ છે ત્યાં તો, છે પર્ણકુટી જ્યાં તો
ત્યાં શીવ કેરૂં દહેરૂ, શોભા આપનું અનેરૂ—૪૯૯
સરીતા વહેતી સારી, દેખી મુઝાય નારી
અબળાનું અંગ તેનું, ડરે છે દીલ તેનું—૫૦૦
રાત્રી અતીશે કાળી, દેખી મુઝાય નારી
નિર્જન બધુંય ભાસે, તેથી એ નારી ત્રાસે—૫૦૧
બોલે શિઆળ વનમાં, સતી ડરે છે તનમાં
તથાપી જાવા તેણે, હીંમત ધરી છે મનમાં—૫૦૨
સરિતા વહેતી ખળખળ, કરતી ઉચ્ચાર પળપળ
ઉપજાવે ત્રાસ ભારી, સહે શી રીતે નારી—૫૦૩
વેગેથી વાયુ વાતો, સતીનો જીવ જાતો
પડઘા અનેક પડતા, અતી સતીને નડતા—૫૦૪

ચોધાર નયને રડતી, વળી આખડતી પડતી
દુઃખેથી પાય ધરતી, ઉચ્ચાર કાંઇ કરતી—૫૦૫
અરેરે દેવ આશું, કરી બુરી દશા શું
અબળાની જાત ધારી, હિમત ચલાવી સારી—૫૦૬
કોમળ કુસુમ માથે, ગીરી ચઢાવ્યા સાતે
પ્રભુ હજાર વાતે, અરે શું ન્યાય આતે—૫૦૭
ધાર્યું તું દુઃખ દેવા, ઉગારી શુંય લેવા
ઓ દેવ આજ મારૂ, ખોવાયુ પાન કાહુ—૫૦૮
આ દુઃખથી ઉગારી, લ્યો સ્વર્ગમાં સ્વીકારી
દઇ ધ્યાન પ્રભુ ધારી, એ અર્જ સુણી મારી—૫૦૯
કરીશ આત્મ હત્યા, ના અર્જ આ સુણાશે
નક્કી એ દેવ તમને, એ સર્વે પાપ થાશે—૫૧૦
સંકલ્પ આમ કરતી, ધીરેથી કાપે ધરતી
આવી મઢીની પાસે, અમેરી આજ આસે—૫૧૧
પતિ નીરોગી થાસે, તવ કષ્ટ દુર થાશે
સહન કરેલું દુખડુ, સફળ તો ત્યારે થાશે—૫૧૨
સુંદર નદીને તીરે, યોગીરાજથી મડી છે
પુરાણું શીવ દહેરૂ, શોભા કરે અનેરૂં—૫૧૩
મઢુલી એક ત્યાંહી, યોગી બીરાજ્યા માંહી
ધીમો પ્રકાશ બળતો, ના કર્ણ સાદ પડતો—૫૧૪

સાતા વળી સતીને, એ જોઇને જતીને
દવા ત્વરાથી લઈને, જઇ પહોંચીશ હું પતીને—૫૧૫
અહિં યોગી બેઠા જપતા, સતીના જાપ જોતાં
નિહાળી રાહ નયનો, કર્યા છે રાતાં રાતાં—૫૧૬
યોગીને મન. આશા, વિચાર સુઝે ખાસ્યા
અહિંઆં એ નારી આવે, અતીશે સ્નેહ ભાવે—૫૧૭
અહિં ન કોઇ એનું, ઉપરાણુ લેય એવું
કહેતાં કબુલ થાશે, ભવ દુઃખ મારૂં જાશે—૫૧૮
વિચાર એવા કરતા, સતીનું ધ્યાન ધરતા
ઉઠીને જોતાં વળતાં, આવીને પાછા ઠરતા—૫૧૯
પગરવ સુણ્યો એવે, યોગીજી કાંન દેવે
ઉઠીને સામા ધાયા, ભરી ભભુત કાયા—૫૨૦
સતી છુપાતી આવે, યોગીજી જોતા ભાવે
અતિસે હર્ષ લાવે, સફળ દાવ હાવે—૫૨૧
સતિ નીકટ આવી, અતિશે બીક લાવી,
યોગીની દેહ આજે, કૃતાંત કાળ લાગી—૫૨૨
પાયે પડી તે દુરથી, વાણી વદે ન મુખથી
હૈયું ભરાઈ આવ્યું, રૂદન કરે છે દુઃખથી—૫૨૩
યોગી વધ્યા ત્યાં મુખથી નારી શું આમ ડરતી
તું રાખ હાય હૈયે અહિંયા ન કોથી ડરતી—૫૨૪

ન બીક વાઘ વરૂની, ન બીક ચોર કેરી
આનંદ ભુમી અહીંઆ, અહિંઆ મજા અરીને—૫૨૫
સતિ વદી ત્યાં વાણી, પીતાજી આપો પાણી
જઇને પતિને પાવું, ખોટી અહિં ન થાઉં—૫૨૬
સાસુડી મારી લઢશે, મોડું થયું છે માટે
સસરાનો ક્રોધ કારી, એ જીવતીય દાટે—૫૨૭
દયા કરીને બાપું, આ દીકરીને તારો
કરો વિદાય વહેલી, ન એક આરો મારો—૫૨૮
યોગી ભવાં ચઢાવી, વદ્યા તે ક્રોધ વાણી
અમથા શું બ્હાના કાઢે, સતી થઇને શાણી—૫૨૯
ગાંડું વદે શું આવું, વદે ન મુર્ખ આવું
જો હોત પાણી પાવું, તો શીદ તને લાવું—૫૩૦
જાણી બુઝીને બાળા, કરીએ ન આમ ચાળા
આવો સૌભાગ્ય મારા, વદો ન આવું દારા--૫૩૧
રંગેથી સહી રમીએ, કેલી અનેરી કરીએ
સફળ સંસાર કરીએ, પડીને પ્રેમ દરીએ—૫૩૨
યોગીની વાણી સુણી, બધુંય લોહી સુંકયુ
યોગીની વાણી સુણી, સતીનું દીલ દુખ્યું—૫૩૩
પગે ભરાયુ પાણી, યોગીની નેમ જાણી
જીવ્યાની આશ ત્યાગી, રહી ઇશ દાદ માગી—૫૩૪

ધરીને હામ હૈયે, સતી વદી છે સામું
યોગી પીતાજી જેવા, વદો શું ગુરૂ દેવા—૫૩૫
હું આવી આજ આંહી, છું મર્ણું બીક ત્યાગી
પતીના સુખ કાજે, આપદ બધીય માગી—૫૩૬
સતીનો ધર્મ મારો પતિના જીવ માટે
આ દેહ મુજ અર્પું, પતિના જીવ સાટે—૫૩૭
લંપટ ન માનો મુજને, હું દીકરી તમારી,
તમે ગુરૂજી જેવા, દો શીખ મુજને સારી.—૫૩૮
વીચારી બોલ બાળા, અહીંયા ઉપાય તારા,
ન ચાલશે કદાપી, સતી દઇશ શ્રાપી.—૫૩૯
જાન્નમ જાય તારા, પતિ કદાપી આજે,
ન નાવું ધોયુ મારે, બોલાવી મુજ કાજે.—૫૪૦
યોગી વદો શું આવું, જરા તો બીક રાખો
અબળા ફસાવી આવી, ન સ્વાદ સારો ચાખો—૫૪૧
ન શ્રાપ કાંઇ ચાલે, ન માર કાંઇ સાલે
અહિંઆં કોઇ ન મારૂં, પ્રભુ વીના ન ધારૂં—૫૪૨
માટે લવારી ત્યાગી, આપો દયા વીરાગી
માયા બધીય ત્યાગી, જરા જુઓને જાગી—૫૪૩
યોગી વદયા ત્યાં એવું, સતી બધુંય જાણું
કષ્ટો અનેક વેઠયાં, તો આવીયું આ ટાણું—૫૪૪

હું નાતનો છું તારી હતી ઉમેદ ભારી
ઓળખ મને તું નારી, મુર્તી મધુરી મારી—૫૪૫

તુને પરણાવીને જ્યારે, કરી માગણી મેં ત્યારે
જોઈને સુખ તારૂ, ઘેલુ થયુ તું મારૂ—૫૪૬

પણ તાતે તારી જાણી, ઉમર ઘણેરી મારી
પઈસો ન પુરો દીઠો, તેથી તું દેહ બાળી—૫૪૭

તે દીનનો હું ઘેલો, ફરૂં છું, તેજ કેડે
ઉપાયો કંઇક કીધા, મળવાને તુજ પેરે—૫૪૮

ન ફાવીઓ હું કયાંહી, તો આવીઓ હું આંહી
બાજી બનાવી આવી, લગાવી સારી ચાવી—૫૪૯

અહીંઆ તું આજે કબજે, પડી છું નારી મારે
વિચારી બોલ બાળા કરવું છે કેમ તારે—૫૫૦

સુણીને આવી વાણી, ભયભીત થઈ છે બાળા
હવે શું આંહી થાશે, લાગ્યાં કયાં ભોગ મારા—૫૫૧
હવે જો હીંમત હારૂ, પાપીનું થાય ધાર્યું
ભીડીને હામ માથે, લઢું હું શીર સાટે—૫૫૨
મરવાનુ આજ મારે, નિર્માણ છેજ કીધું
સતીએ ધારી એવું, વીચારી એજ લીધું—૫૫૩
પછી વદી તે વાણી, યોગી વદી શું જાણી
હસે તમારૂ સાચુ, પરંતુ છેજ કાચુ—૫૫૪

સતી ભલેથી મરશે, કદી ન બીજો વરસે
માતા પીતાએ જેવો, પતિ દીધો તે લેવો—૫૫૫
આપણી એ નીતી, સતી પણાની રીતી
ન પાળતાં એ બીતી, આવે હજાર ભીતી—૫૫૬
દયા જો હોય દોને, બધી મજાક છોડી
ના નહી તો કહોને, હું જાઉં જેથી દોડી—૫૫૭
યોગી વદયા ત્યાં વાણી, દબાવવા ન આંહી
માનીશ કદાપી નાહી, ધકકેથી લઇશ માંહી—૫૫૮
હવે સતીએ ભણ્યું, અહીં આમ વાશે વાણુ
પાપી આ લાજ લેશે કલંક શીર દેશે—૫૫૯
વિચાર આવો કરતી, પાછાં ડગાં એ ભરતી
અરેરે સિંહ પાસે, શિયાળ જેમ ડરતી—૫૬૦
ટકકર મુખેથી ઝીલે, પાછી પડી તે ચીલે
યોગી ઉભા છે સામા, વદન કરીને વીલે—૫૬૧
આ નારી જાય ચાલી, યોગીને ભાસ્યુ જ્યારે
નયન બન્યાં છે રાતાં, ચઢયો છે ક્રોધ ત્યારે—૫૬૨
અરેરે ભક્ષ આવ્યો છટકી શું જાય આજે
આ દેહ ખ્વાર કીધી, અરેરે જેને કાજે—૫૬૩
તીલક કરે જ્યાં લક્ષ્મી, શુ ભાલ ધોવા જાઉં
ગૃહે પધારે ગંગા, મુહુર્ત જોવા જાઉં—૫૬૪

અભાગી હોય જે તે, અવસર અમુલ્ય ચુકે
ચાલીને આવા રંભા, તો કોણ એને મુકે ?—૫૬૫
નિશ્ચય કરીને આવો, બોલ્યા બળેથી બાવો
દયા જ દીલે લાવો સાંજે સલુણી જાવો—૫૬૬
ડગલાં કહીને ભરીયાં, સતીને સ્નેહ કરવા
આવો સલુણી આજે, આવોને દુઃખ હરવા—૫૬૭
સતીએ જાણ્યું હાવે, પાપી પડયો છે પુંઠે
છે દૈવ કોપ કરીઓ, શું આમ અહીં રૂઠે—૫૬૮
સતી ત્વરાથી ચાલી, મઢી બહાર આવી
પાપી પડયો ત્યાં પુઠે, અંતરે રોષ લાવી—૫૬૯
સતીને ઝાલી કમરે, ખભે ઉપાડી જ્યારે
વિધુત પડતી તેવે, સતીને લાગ્યું ત્યારે—૫૭૦
સતીને ક્રોધ ચડીઓ, પાપીના કૃત્ય સામો
અબળા બની ત્યાં સબળા, કર્યો પ્રહાર સામો—૫૭૧
કરીને બાણુ ઝ.ઝુ પાપી કનેથી છુટી
કુદીને લાત મારી યોગીની મોત ઘુંટી—૫૭૨
અજાણતાએ વાગી, યોગીના મર્મ સ્થળમાં
પોકારતો એ ધરણી યોગી પડયો છે કળમાં—૫૭૩
પાપીની આ દશાથી, સતીને શોક વાગ્યો
મરણ અરેરે પામ્યો, આ યોગ કયાંથી આવ્યો—૫૭૪

સતી વીચાર કરતી, ઉભી છે ભાન ભુલી
દુર્ભાગ્ય કેરા યોગે, સતી જવાનું ભુલી—૫૭૫
પાપીને કળ વળતાં, ઉઠીને આવ્યો ધાઇ
રંડા ઉભી તું રહેને, અહીંથી કયાં તું જાએ—૫૭૬
ઝાલીને બળથી બાળા, પાપી ધરીને વ્હાળા
ક્રોધે ઉપાડી બાળા, કરવાને કર્મ કાળાં—૫૭૭
પાપીના બળ આગળ, સતીનુ શુંય ચાલે
કરી પછાડા થાકી, બની સતી બે હાલે—૫૭૮
ગઈ ભાન સતી ભુલી, જીવ્યાની આશા મુકી
અહિં પાપી ક્રુર પુરો, દયા ગઇ છે સુકી—૫૭૯
અશકત અંગ સતીનું, ધીમેથી લાગ્યું પડવા
તેવે તો પાપી ત્યાં તો, લાગ્યો છે ઘાટ ઘડવા—૫૮૦
સતીની લાજ જાતાં, ન સાંભળી કે જોઇ
વળી રામ રાખે જેને, ન ચાખતું એ કોઇ—૫૮૧
સતીને દુઃખ પડવા, નીર્મ્યું છે જગત સાથે
કુલટાને સુખ દેવા, પ્રભુ મથે છે સાથે—૫૮૨
સતીના દુઃખ અંતે, સ્વર્ગીય સુખ મળતું
કુલટાના સુખ અંતે, અતીવ દુઃખ મળતું—૫૮૩
અહિંયાં સતીની આવી, સ્થીતી દુઃખે ડુબેલી
અહિંયાં ન કોઇ તેનું, અરેરે હાય ? બેલી—૫૮૪

વેળા અણીની આવી, સતીએ ચીસ પાડી
જંગલ બધુંય ધ્રુજયું, ધ્રુજી બધીય ઝાડી—૫૮૫
એવે અવાજ આવ્યો, સબુર પાપી રહેતું
ન કર્મ કાળુ પાપી, કરીશ ના અરે તું—૫૮૬
તુજ કૃત્ય કેરા બદલો, દેશે પ્રભુજી આજે
છે પ્રેર્યો સહાય માટે, પ્રભુજી મુને આજે—૫૮૭
કહેતામાં આવી નર તે, પાપીને કંઠ વળગ્યો
સતીની છાતી પરથી, ઉઠાડી દીધો આળગો—૫૮૮
ધરણીએ ઢાળ્યો તેને, અતીશે માર મારી
વળી મુખેથી વદતો, બતાવ શકિત તારી—૫૮૯
ઢીચણ મુકીના મારે, પાપી થયો બેભાને
પડયો તે હામ હારી, મરી ગયો તે જાણે—૫૯૦
પછીથી દોર લાવી, હાથે પગેથી બાંધ્યો
વળી તે સ્થંભ સાથે, બળેથી તેને બાંધ્યો—૫૯૧
અહિંયાં સતીની સ્થિતી, બેભાન માંહી પુરી
તે નર ગયો તે પાસે, સતી રહી ત્યાં ઝુરી—૫૯૨
વસ્ત્રોએ ઠીક કીધાં, આશ્વાસનાય કરતાં
નાખે સમીર મુખ પર, પાણી તે પાય ફરતાં—૫૯૩
કંઇ કાળ વીત્યો એવો, સતીનો શ્વાસ આવ્યો
જીવ તો ગયેલો ઉડી, હવે ઠેકાણે આવ્યો—૫૯૪

ઉઘાડી આંખ જોતી, વળી તે દાબી દેતી
અતીશે કષ્ઠ અંગે, સીત્કાર મુખે લેતી—૫૯૫
હવે તો ભાન આવ્યું, ઉઘાડી આંખ જોતી
અવર પુરૂષ દીઠોં, નિહાળી જ્યારે જોયું—૫૯૬
ભયભીત તેથી થાતી, આંખો મીંચાઇ જાતી
જાણી ગતી સતીની, એ નર ભરાઇ છાતી—૫૯૭
બોલ્યો મધુરી વાણી, ડર તજો એ નારી
પાપીને દેઇ શીક્ષા, હું રક્ષા કરૂં તમારી—૫૯૮
નિર્ભય તમે છો નારી, નીરખોને આંખ ખોલી
સતીએ નિહાળી જોયું, ત્યારે જરાય બોલી—૫૯૯
માગીને પાણી પીધુ, બેઠી જરાય થઇને
બોલી મધુરી વાણી, જરાક થાક ખાઇને—૬૦૦
અજ્ઞાત નરના સામુ, એકી નજરથી ન્યાળી
નિર્ભય હવે તો થઇને, બોલી મધુરી વાણી—૬૦૧
અહિયાં તમે તો કયાંથી, આવ્યા છો મારી વ્હારે
ઓળખ તમારી આપો, ઉપકાર કીધો ભારે—૬૦૨
અબળાની અર્જ એ છે, હરી કલ્યાણ કરશે
છો ગાય વારે ધાયા, તે શુભ સારૂં વળશે—૬૦૩
મરતી બચાવી સાથી, આ દુષ્ટના પંજાથી
ઉપકારી નર તમાં, કયા સ્વાર્થના સરવાથી—૬૦૪

હસીને નર બોલ્યો, બાળા વિચારી બોલો
ન સ્વાર્થ મારો કાંઇ, શું કામ આવું બોલો—૬૦૫
દુનીવા બધીમાં ભાળો, લંપટ નરો ભરેલા
ના ના હજુય કંઇ તે, નીતી રીતી ભરેલા—૬૦૬
ઓળખાણ આપું કાંઇ, હું ઓળખું છું તમને
મુકીશ ઘેર આવી, તવ સાતા મુજ વળશે—૬૦૭
તૈયાર થાવ ઉઠો, વિલંબ કરો ન હાવે
રાત્રી ઘણીય ગઇ છે, વિલંબ કરો ન હાવે—૬૦૮
વળી સતી ત્યાં બોલી, હવે શું ઘેર આવું
પાપીએ ભ્રષ્ટ કીધી, હું મુખ ના બતાવું—૬૦૯
ઉપકાર આપ ભારે, મેં અંતરે ઉતાર્યો
તમો સીધાવો સુખથી, મેં શ્રય પંથ ધાર્યો—૬૧૦
સરીતા વીષેજ અહીંથી, પડતું મુકીશ જઇને
આ પાપી દેહ ટાળી, પવીત્ર સ્વર્ગ જઇને—૬૧૧
માટે મુને મરવા, જવા દો કર્મ કરવા
તમો તમારે પંથે, સીધાવો કહું છું અંતે—૬૧૨
બોલ્યો પુરૂષ વાણી, સતી સુણીને શાણી
તમ ધારણાએ ખોટી, નવ દેહ તમારી ખોટી—૬૧૩
પાપીના ભ્રષ્ટ કરતા, પહેલાં હું તો આવ્યો
પાપીને દેઇ શીક્ષા, તમ ધર્મને બચાવ્યો—૬૧૪

હું કસમ ખાઇને કહું છું સચવાચે ધર્મ પુરો
જુઠી ન મુજ વાણી વિચાર ટાળો બુરો—૬૧૫
મરવા ન દેઉં હળ તૈયાર થાવ જાવા
થોડામાં સમજી જાવો ટાઇમ નથી સમજાવા—૬૧૬
સતી સુણીને વાણી ઉઠીએ સાચુ જાણી
ચાલીએ નરની સાથે રસ્તો વિતાવી વાતે—૬૧૭
આવ્યું છે શહેર પાસે, દાખલ થઇ ત્યાં નારી
પાછળ વળીને જુવે, ના નર શકી તે ભાળી—૬૧૮
વીસ્મય થઇ તે નારી, આ નર ગયેલો ભાગી
કૌતક અનેરૂ આતો, સતી રહી છે ભાળી—૬૧૯
શું સ્હાય મુજ કરવા, આવ્યા શ્રી નાથ આંહી
પંચાળી સ્હાય કીધી મને ગણી શું માંહી—૬૨૦
ના ના નથી હું એવી સ્થીતી વિષે ચઢેલી
પામર હજુય નારી કરે શું વ્હાર મારી—૬૨૧
ત્યારે શું કોઇ લંપટ, બાજી હજુય બીછાવે
ફસાવી કંઇક મુજને, સંકટ હજુએ લાવે—૬૨૨
વિચાર આવા કરતી, સતી અતીશે ડરતી
ત્વરાથી ચાલી જાએ મધ્ય શહેરની મોજારે—૬૨૩
સંકટ કાંઇ ન આવ્યું સતીનુ ઘર આવ્યું
ધીમેથી બ્હીતાં બાળા, ગૃહ દ્વારને ખખડાવ્યું—૬૨૪

છતાં ન કોઇ જાગ્યું, નિશા વિતી વધારે
પોકાર કંઈક પાડયા ન બોલે કો લગારે—૬૨૫
હવે તો થાકી સતીએ નિશ્ચય કર્યો છે એવો
પડી તો બહાર રહેવું ના સાદ કોને દેવો—૬૨૬
વિચાર એનો કરીને ધરણી પરે તે સુતી
શ્રમીત દેહ તેની છતાંય આંકી સુતી—૬૨૭
સહન કરે છે કષ્ટો નીજ ધર્મ રાખવાને
હજુય-નીર્મ્યું ન હતુ શુભ સુખ ચાખવાને—૬૨૮
વિચાર આમ કરતાં નીદ્રા સતીને આવી
રજની ગઇ છે ચાલી, દીનકર સવારી આવી—૬૨૯
સતી છતાંય ઉંઘે શ્રમીત થયેલી દેહે
સાસુજી વહેલાં ઉઠયાં સતીને નવ દેખે—૬૩૦
પથારી જોઇ પહેલી પછી તે બહાર નીકળી
દીઠી સુતીને સુતી, અતિશે રોષ કકળી—૬૩૧
પાસે જઇને તેણે પ્રહાર લાત કીધો
પુછયા વિના એ કાંઇ અતિશે માર દીધો—૬૩૨
થાકી તે ગઈ જ્યારે શરૂઆત ગાળ દીધી
રંડા અકેલી અહીઆ સુતાં જરાય બીતી—૬૩૩
છીનાળ શાના સુખમાં અહીંઆ રહી તું ઉંઘી
તું કર્મ રાંડ કાળાં વળી પુરી તું ગંદી—૬૩૪

સતી મુંઝાએ મુખથી, બેઠી રડે છે દુઃખથી
દે ડામ દાઝયા ઉપર, દયા નથી એ દીલમાં—૬૩૫

વળી સતીને પુછે, દવા તું લાવી ક્યાં છે?
યોગીએ આપી તે તો, બતાવ ઝટ ક્યાં છે?—૬૩૬

સતી વદી ત્યાં ધીમે, સાસુજી દુઃખ દીધું
યોગી નથી એ ભોગી, અતીશે દુઃખ દીધું—૬૩૭

દવા ન કાંઇ આપી, છે ઉલટી સંતાપી
પ્રભુએ લાજ રાખી, તે આવી આંહી સાજી—૬૩૮

સતીની વાણી સુણી, સાસુ ભરાણી ક્રોધે
પતી બોલાવી તેણે, કરી છે વાત બધે—૬૩૯

તમે જાવ સાધુ પાસે, ખરીજ વાત લાવો
યોગીને પુછો વહેલા, તાકીદે અહીં આવો—૬૪૦

સસરો સતીનો હાવે, ગયો છે સાસુ પાસે
અહીંઆ સતીને ગાળે, સાસુ ઘણી સંતાપે—૬૪૧

એ રીતે કાળ જાતાં, સસરો સીધાવ્યા પાછા
આવ્યા અરેરે લાવ્યા, સતીના દોષ ઝાઝા—૬૪૨

સંદેશ સાધુ સુણીને, સતીનું મોત આવ્યું
અતીશી માર મારે, ફરી કર્યું જવાનું—૬૪૩

હજુય સાંજે જાવા, સતીને કીધું બાવે
તેથી તો ત્રાસ આપી, સતીને સમજાવે—૬૪૪

પડી છે સાંજ તેવે, સતીને કીધું જાવા
સતીએ સુણી વાણી, લાગી અતી ગભરાવા—૬૪૫
કરે છે આનાકાની, તો માર ગાળ પડતી
છતાંય બેઠી બળથી, ના એ મારથી એ ડરતી—૬૪૬
સંધ્યા પડી છે જ્યારે, આવ્યો છે સસરો ત્યારે
સતીને કરથી ઝાલી, બળેથી બાર કાઢી—૬૪૭
પછીથી દ્વાર કીધું, લઇ સાથ માંહી ચાલ્યા
લઇ શહેર બહાર આવ્યા, યોગી અવાસ ચાલ્યા—૬૪૮
સતીને મુકી ત્યાંથી, સસરો સીધાવ્યા પાછા
અંધારૂ આંહી પડયું, સતીના હાલ આ શા ?—૬૪૯
પ્રીય પાઠકોજ આંહી, આરામ કંઇક લ્યોને
કઠલાલ કર કહે છે, અવર ભાગે ગઇશુ તેને—૬૫૦



સોળ વરસની સતી

અને

નવ વરસનો પતિ

ભાગ ૧૧-૧૨

રાગ-બારમાસી.

નીર્જન ભુમીમાં બાળા રહી અકેલી હારા
સસરાને લેશ તેની દયા ન આવી જેની--૬૫૧
વિખુટી ઝુરે હરણી, સતી રડે છે વરણી
ન કોઇ તેનું આંહી નીર્જન ભુમીની માંહી--૬૫૨
અરેરે હાય આ શું, કરી વિધી દશા શું
સસરોને સાસુ મારાં પુરાં બન્યાં હત્યારાં--૬૫૩
કસઇ થકી એ ભુડાં દુનીઆં કહે છે રૂડાં
પણ દુખ મુજ ઉંડાં દુનીઆ કહે છે કુંડાં--૬૫૪
સુણે ન મારૂં કોઇ મરૂ ભલેને રોઇ
ઉપરાણું કોઇ મારૂ લેતું નથીય મારૂં--૬૫૫

છતાં પતીએ હું છું વિધવા સમાન નારી
પતિનુ સુખ હું તો પરવારી હાય હારી—૬૫૬
પ્રભુ તું સ્હાય કરજે, દાસીને દીલ ધરજે
ભીડે તું કામ કરજે દાસીને દીલ ધરજે—૬૫૭
વીચારો આમ કરતી, સતી વીતાવે ધરતી
સ્મરણુ હરીનુ કરતી, તજીને ડર ઉચરતી—૬૫૮
રાત્રી વહેતી કાળી જોઇ ધીર જાય હારી
દેખી મુઝાય નારી છે એકલી બીચારી—૬૫૯
તમરાનાં શબ્દ થાતાં ઘણાં સીયાળ ગાતાં
નીર્જન વન લાગે તે જોઇ બીક લાગે—૬૬૦
તેવી અંધારી રાતે ન કોઇ તેની સાથે
તેવામાં સાદ પુંઠે સંભળાયો ગાન સાથે—૬૬૧
વાંચક સુણી લ્યો અહિંઆ તે ગર્વ આંહી ભાખુ
કો નર ધીમેથી આવે પાછળ થયો છે લાગુ—૬૬૨

જંગલમાં વ્યભિચારીનો ભેટો

(રાગ ખુને જીગર કો પીતી હું)

વ્યભિ—ના શોચો સલુણી શ્યામા રે હું આવું કરવા વ્હાર
દીલબરમાં દીલમાં લાવે રે હું છું તુજ રક્ષણુ હાર ટેક—૬૬૩
ભીંજાવી અશરૂથી છાતી જાતી કયાં ઓ મદમાતી
અંધારે ઠોકર ખાતી ગુણુગાન વિભુના ગાતી રે હું—૬૬૪

ઉભી રહે અબળા આજે, ના ના જરા તું આજે,
હું આવ્યો તારા કાજે મને પ્રેર્યો શ્રી જગરાજેરે. હું.—૬૬૫
સતી– છો કોણ દયાળુ દેવા, આવ્યા જે સ્હાયજ દેવા
કહો શું છે લેવા દેવા, કંઈ ખબર અંતર કહેવારે હું.—૬૬૬
વ્યભિ–આવોને રામા આઘાં શું આમ બનેલાં બાઘાં
અહિં ડર દુનિયાનો ત્યાગો ન હઠશો આઘારે. હું.—૬૬૭
સતી– આઘા રહી વાતો કરજો ના મુંજ સામે સંચરજો
ઝટપટ ખુલાસો કરજો જોઈ વાણી વેણ ઉચરજોરે. હું—૬૬૮
વ્યભિ–હું તો છું તમ અનુરાગી હું કેમ શકું તમ ત્યાગી
લગની આતમથી લાગી, આવ્યો હું પાછળ ભાગી. હું–૬૬૯
સતી–હિણભાગી એ શું બોલે, ગરવો થઈ શું ડોલે
મુજ તોલ અરે શું તોળે, તુજ મોત ચઢયું હિંડોળે. હું–૬૭૦
વ્યભિ–કાલે મેં તુજને રાખી, રાખી પણ ના મેં ચાખી
આવી ચઢયો હિણભાગી, તેણે આશા મુજ ભાગીરે. હું–૬૭૧
સતી–પાપી શું પુંઠે ધાયો, કાલે શું ના કમાયો
કુકર્મે ના તું ફાવ્યો, તોયે તું શાને આવ્યોરે. હું–૬૭૨
વ્યભિ–કાલે હિણભાગી મળીઓ આજે અહિંયા ટળીઓ
એવો સંદેશો મળીઓ, આવી અહિં તેથી મળીઓ–૬૭૩
જો હું ના અહિંઆ આવું, તો ધાર્યું તે તો જાવું
તુજ સસરા સાથે કહાવ્યું, હું એ આશાએ આવ્યો–૬૭૪

સતી—સસરો શુળી જો તો, આ કરવાથી ફજેતો
હુ ધારૂં એયજ તે તો, મુજ વેરી સસરો છે તોરે. હું—૬૭૫
વ્યભિ—છે સસરો તારો સારો, સંસાર સુધારે તારો
તુજ કંથ હવે મરનારો, તેથી ગણ મુજને તારોરે. હું—૬૭૬
સતી—પાપી ટળ અહિંથી આઘો, તું બહોત બનેલો બાઘો
આશા મારી એ ત્યાગો, હવે મ્હોત પ્રભુ પાસે માગોરે—૬૭૭
વ્યભિ—માની જા શ્યામ મારૂં અહિ કોણ હવે છે તારૂ
નહિ માને જો તું મારૂ, સીતમ તુજપર ગુજારૂરે. હું—૬૭૮
સતી—નિશ્ચય મેં ધાર્યું મરવું, તો શાને તુજથી ડરવું
કર હોય ભલે જે કરવું, તુજને હત્યા દઇ મ રું. હું—૬૭૯
જીવતાં મુછ વાળ ન જડશે, કેશરી કેરો શું વળશે
મણી સર્પ છતાં ના મળશે, સતી તેવી તુજને વરશે. હું—૬૮૦
વ્યભિ—આ શું બોલે છે બાળા, ના કર અમથી અહિં ચાળા
તુજ કારણ ભરી ઉચાળા, ફરી થાકયો ચરણે પાળારે. હું—૬૮૧
આવો અલબેલી આવો, શીદ આમ કરી તલસાવો
મેં રાખ્યો તમપર દાવો, તો રહેમ દીલ કંઇ લાવોરે—૬૮૨

સતિ પર હુમલો

(રાગ અસલનો)

કહીને એમ તેણે, સતિનો હાથ ઝાલ્યો
આવોને આમ શ્યામા, કહીને કંઇક ચાલ્યો—૬૮૩

સતીએ જોર કરતાં હિંમત હૈયામાં ધરતાં
પાપી પીઠ્યાં શું મરતો ખેંચ્યો કહીને કર તો—૬૮૪
છટકીને દોટ મુકી, પાપીની ચોટ ચુકી
પાપી પુંઠેથી ધાયો, વિચાર કંઈક આવ્યો—૬૮૫
હિંમત ઘણીય હોય, ગણાય તોય અબળા
શું ગાય જાય કયાંએ સીંહો છુટે જ્યાં પ્રબળા—૬૮૬
સતીને શ્વાસ ચઢીઓ, ચરણો શ્રમીત થાતાં
પાપીએ પુંઠ લીધી, સતીને જાણ થાતાં—૬૮૭
પડી તે ભાન ભુલી, આપઘાત એજ કરવા
હજુ કસોટી કરવા, પ્રભુ ન દેજો મરવા—૬૮૮
પાપી પુંઠેથી આવ્યો, જોઈ સતી હરખાયો
મુખ ઉપર રૂમાલ નાખી, સતી મુર્છામાં નાખી—૬૮૯
સતી બેભાન થાતાં, વધ્યો ઘણું હરખાતાં
હવે સતી કયાં જાતાં, શું ના તમે હરમાતાં—૬૯૦
અતીશે શ્રમ આપ્યો, બદલો દઈશ હાવે
એ શ્રમ સફળ તો થાતાં, હું ભોગવીશ ભાવે—૬૯૧
સતીને લીધી ખાંધે, ચાલ્યો તે વાસ જ્યાં છે
જંગલ વિષે તે આવ્યો, નીજ વાસ એજ ત્યાંછે—૬૯૨
ખાલી હતી ત્યાં પેટી, સુતી સુવાડી તેમાં
સગવડ હતીય એવી, હવા ભરાય તેમાં—૬૯૩

પેટી ઉપાડી માથે, ચાલ્યો તે ખુશી થાતો
નિર્ભય બનેલો એ તો, ત્વરાથી રાહ જોતો—૬૯૪
રાત્રીના ત્રણ વાગે, સ્ટેશન મહીં તો આવ્યો
દુર દેશ નાશી જાવા, વિચાર એ બનાવ્યો—૬૯૫
પુરા તે ચાર વાગે, ગાડી તહાં તો આવે
ત્યાં સુધી પેક પેટી, કીધી ઉમંગ ભાવે—૬૯૬
અડકાવી પેટી સારી, તાળું તે વાસી દીધું
ઉપર લપેટી કપડું, જતન સરસ કીધું—૬૯૭
તેવે તો ગાડી આવી, પાર્સલ કરાવી પેટી
ટીકીટ કરાવી બેઠો, પેટીને મુકી હેઠી—૬૯૮
વાંચક હતો આ નર તો, સાધુના વેશ પહેલા
સતી છળવાને માટે, મઢી મહીં રહેલા—૬૯૯
તેમાં ન તેને ફાવ્યું, સસરાની સાથ કહાવ્યું
રક્ષક સતીનો થઇને તેણે, કર્યું આ ફાવ્યું—૭૦૦
અહીંથી હાવે તેણે, જેરામ નામ રાખ્યું
યાત્રાનું કાઢી બહાનું, ફરવાનું એણે રાખ્યું—૭૦૧
અહીંઆં રહેજો કઇએ, પકડાઇ જાય કર્મે
લોકોમાં એ અધર્મ, પીટાય પાપી કર્મે—૭૦૨
કરી વિચાર આવો, દુર દેશ નાશી જાવા
સતી પુરી ફસાવા, લેવા અનેરા લ્હાવા—૭૦૩

બે ચાર દીન થાતાં પુરી અયોધ્યા જ્યાં છે
'જેરામ' થઇને નિર્ભય ઉતાર્યો અરે એ ત્યાંછે—૭૦૪
શોધીને ધર્મશાળા, સગવડ તમામ વાળી
લઇને એકાંત ઓરડી, પેટી તહાં ઉતારી—૭૦૫
જાત્રાર્થે કંઇક આવ્યા, ગુજરાતી જન ઝાઝા
ઉતર્યો એ ધર્મશાળા, આવ્યાં હતાં તાજાં—૭૦૬
વિચારી લાભ એનો, જેરામ ખુશી થાતો
અહિં સુખીજ થઇશું, મળ્યો છે યોગ એતો—૭૦૭
દિવસે વાતો કરશું, રાત્રે એકાંત થઇશું
જાગૃત કરી સતીને, અતિ મોજથી રમીશું—૭૦૮
બાહેર કદાપી જઇશું, અસબાબ સોંપી જઇશું
દેશી છે એજ માટે, નીરાંત વાળી જઇશું—૭૦૯
આજે છે દીન પહેલાં, બહુ દીનથી ઇચ્છેલો
બજારે જાઉં તેથી, સતી રીઝાય તેથી—૭૧૦
સાધન બધાંય લાવું, રસોઇ પાણી કરવા
દાગીના કંઇ લાવું, સતીને ખુશી કરવા—૭૧૧
જાઉં હું પેટી સોંપી, ગુજરાતી એક તેને
ન કોઇ તેને અડકે, ચેતાવી દઇશ તેને—૭૧૨
વિચાર આવો કરીને ગુજરાતીને બોલાવ્યો
જેરામ સાદ દેતાં તે હુર્ષભેર આવ્યો—૭૧૩

વધો જેરામ ત્યાં તો, ઓ ભાઇ દેશી તેથી.
તમોને કામ સોંપ્યું, વિશ્વાસ પડે જેથી—૭૧૪
હું જાઉં બહાર ફરવા, ત્યાં સુધી અહીં રહેજો
આ પેટી માંહી મારી, કીમતી ચીજો તે જોજો—૭૧૫
ન કોઇ તેને ખોલે, તપાસ એજ રાખો
ખોલેથી જીવ તેનો, અને તો જાય મારો—૭૧૬
એવી ચીજો છે માંહી, માટેજ ભાઇ કહું છું
તપાસ પુરી રાખો, વિશ્વાસ આપ રહું છું—૭૧૭
ગુજરાતી બોલ્યો ત્યારે, વિશ્વાસે આપ જાઓ
નિર્ભય રહેજો એથી, સુખેથી જઇને આવો—૭૧૮
અહીં પરદેશ આવ્યા, જ્યાં આપણું ન કોઇ
મળ્યા ત્યાં એક દેશી, સહોદરા તે ભાઇ—૭૧૯
જેરામ ખુશી થાતો, બજારે જાવા લાગ્યો
વિચાર કંઇક આવ્યો, પાછો વળી તે આવ્યો—૭૨૦
વળી કહે છે વરણી, જતન કરીને જો જો
ઉઘાડશે જો કોઇ મરી જશે એ તે તો—૭૨૧
ગુજરાતી કહે છે ભાઇ, નિર્ભય થઇને જાઓ
ફીકર તજીને એની, બજાર જઇને આવો—૭૨૨
વળી ગયો તે આઘો, પાછો વળીને તે આવ્યો
ભાઇ જરૂર જો જો, કહી ગયો તે પાછો—૭૨૩

એવી રીતે તે પાછો, જઈ ચાર વાર આવ્યો
પછીથી હામ ધારી, બજાર માંહી આવ્યો—૭૨૪
જેરામની વૃતી જોઇ, ગુજરાતી વહેમ લાવ્યો
સી ચીજ પેટી માંહી, કીમતી ભરીને લાવ્યો—૭૨૫
આતુર કેમ આવો, પેટીમાં શું યે એવું
જોખમ ગમે તે થાયે, નિશ્ચયે તે જોઈ લેવું—૭૨૬
વિચાર એવો કરીને, પેટીનુ તાળું ખોલ્યું
પાછીથી ધીમે તેને, પેટીનું પડ ઉકેલ્યું—૭૨૭
અંદર જુએ જ્યાં નીરખી, ગુજરાતી જાય હુબકી
અરેરે હાય આ શું, ગુજરાતી જાય ઝબકી—૭૨૮
જરૂર ખુન કરીને, પાપી પેટીમાં લાવ્યો
સુંદર સ્વરૂપની નારી, તે શીદ મારી લાવ્યો—૭૨૯
રઢીયાળી રંભા કરતાં, કાંતી છે ચંદ્ર જેવી
અપસરા સમાન નારી છે કોઇક દેવી જેવી—૭૩૦
ગુજરાતી મુખ તેને, ધીમેથી હાથ દે છે
ધીમો જરાક લાગ્યો, ગરમ શ્વાસ લે છે—૭૩૧
બ્રહ્માંડ જીવ તેનો, રહેલો તેને લાગ્યો
ધીમેથી બહાર કાઢી નીરખીને જોવા લાગ્યો—૭૩૨
અંગો બધાય સાજાં, વીચાર તેથી કીધો
પાપીએ પાપ કરમેં સ્ત્રીનો હુવાલ કીધો—૭૩૩

કામણુ કરેલું કંઇએ, મુર્છા નારી આ છે
વીચારી એવું લીધી, હોસ્પીટાલે તેણે—૭૩૪
દવાખાને તે મુકી, પાછો આવ્યો ત્યાં તો
હતીએ ધર્મશાળા પેટી છે ખાલી ત્યાં તો—૭૩૫
વિચાર કરતો બેઠો પેટી છે ખાલી તેમાં
જેરામ ન જાણે તેવું, ભરવું હવે શું એમાં—૭૩૬
પાપીને પાપ શીક્ષા, જરૂર કંઇક દેવી
વીચારી ધીર તેણે, ધારીને ઉર એવી—૭૩૭
પેટી ઉઘાડી મુકી, ભાતુ ઉઘાડું મુકયું
પેટીનું દ્વાર તેણે, જુગ્તે અડાડી મુકયું—૭૩૮
જરાક હાલ જેવે, અડકાય આપ મેળે
યુકિત લગાવી એવી, બેઠો જઇ તે દુરે—૭૩૯
ઘડીકવાર થાતાં, વાંદર ઘણાંય માતાં
ખાવાનું જોઈ હર્ષે, આવ્યાં ઘણાંય ધાઈ—૭૪૦
મસ્તાન એક વાંદર, પેટીમાં કુદી પડીયો
ખાવાને ભાતુ ભાવે, પેટી મહી તે પડીયો—૭૪૧
પેટીનુ દ્વાર તેવે પડયું ત્યાં આપ મેળે
ગુજરાતી દોડી આવ્યો તાળુ તે વાસ્યું—૭૪૨
વાંદર ખીજાયો ભારે પેટીમાં લાત મારે
થાકયો પછાડા ખાઇ ત્યારે રહ્યો સમાઇ—૭૪૩

પછી ગુજરાતી ધીમે, પેટી કરીને સીધી
કપડું ઉપર બીછાવી, હતી એ તેમ કીધી—૭૪૪
પછીથી બહાર ત્યાંથી ગયો તે ધીમે ચાલી
જેરામ સાંજે આવ્યો રમવાને રંગ વ્હાલી—૭૪૫
પેટી હતી ત્યાં જોઇ મનમાં ખુશી તે થાતો
મદન તણા તે તાપે આવેશ ના સમાતો—૭૪૬
ગુજરતી આવી તેવે, જેરામ સાથ વદતો
પેટી તમારી ભાઇ જે સાચવી છે મેં તો—૭૪૭
સોંપી હતી તે જેવી સંભાળી લ્યોને તેવી
જોખમ હવે તો મારે તે ઉતર્યું અત્યારે—૭૪૮
મુને ફીકર બહુ થાતી તમો ન આવ્યા તેથી
દીલગીર ઘણોય થાતો, શું થઇ આ પૂજેતી—૭૪૯
તેવામાં આવી પહોંચ્યા, હરખ્યો ઘણોય તેથી
જોખમ ઘણેરૂ ઉતર્યું, આ પેટી સોંપી તેથી—૭૫૦
જેરામ પેટી જોઈ, વદયો ખુશીથી વાણી
ભાઇ હવે તો જાઓ, રાખ્યું ઘણેરૂં પાણી—૭૫૧

છંદ-કટાવ.

સાખી–ગુજરાતી વદીને એવું, ગયો તેહ ચુકાવી દેવું
હવે જોઇ લ્યો વાંચક મારા, જેરામ તણા અહીં ચાળા–૭૫૨

કટાવ.

ભવન બતાવ્યું ભભકા ભારે, કરી રોશની અંદર બ્હારે
લેમ્પ ઉંચા મેકરનું લાવ્યો, જાણે વીવા આજે આયો-૭૫૩
દીવા કરીને હોલ બનાવ્યો, જાણે દીનકર ઉગી આયો
વળી રસોડે પેસી પોતે, સરસ બનાવી રસોઇ જો તે-૭૫૪
દાલ ભાત ને શાક કરીને, ગોળતણો કંસાર વળી તે
ખાંડતણું ના નામજ લીધું, અપશુકનીયું તે તો સીધું-૭૫૫
તૈયારીથી ઢંકી ચુલે, ગરમા ગરમી રહે અણુમુલે
ગરમ કીધું પાણી ન્હાવાને, થાક સતીનો તો જાવાને-૭૫૬
સુગન્ધીદાર સાબુ પણ મૂકયો, વળી પાટલો તે ના ચુકયો
અલંકાર પણ વીધવીધ જાતી, વસ્ત્રો છે પણ વીધવીધ ભાતી-૭૫૭
ખુબીદાર બરમાની સાડી, પહેરે લાડી જરા ન જાડી
ચોળીમાં પણ ચીત લગાડી, બુધ્ધિને લાંબી પહોંચાડી-૭૫૮
કદાચ ચોળી હોયે આડી, છતાં કુચ દેખાયે દાડી
અક્કલને એવી પહોંચાડી, એહ વસ્ત્રની ચોળી ફાડી-૭૫૯
વળી ચણીયો લીધો તેવો, ચાલો વાંચક જોવા જેવો
અહાં ઉતર્યા જોવા દેવો, ભાત જાતમાં આતો કેવો-૭૬૦
અરે ચણીયા સાથે સાડી, ડબલ પટે પણ દે દેખાડી
અંગ બધું એ દે ઉઘાડી, એવા ચણીયા સાથે સાડી-૭૬૧
મુકયાં વસ્ત્રોએ બાહેર કાઢી, દીધાં સતીનાં ભાગ્ય ઉઘાડી
પલંગ વળી લાવેલો ભાડે, ઓરડી માંહી તે પણ ઢાળે-૭૬૨

તળાઇને તે પર ઓરાઢે શોભાવી તેને ઓછાડે
વળી વિચારે એવુ ધારે, સતી સંગ રમશું અત્યારે-૭૬૩
મદન મોજ મારીશું આજે ઇંદ્ર સુખ આ જોઈ લાજે
વિષ્ણુ સરખા બળશે દાઝે મુજ વિણુ વૈભવ કોને છાજે-૭૬૪
આમ વિચારે ભાવી સુખને તે સંભારે હસતો હાલે
પેટી જોઈ હૈયું ઠારે, હવે સુંદરી કાઢું બ્હારે-૭૬૫
એમ વિચારી પડદો કાઢે, કુંચી ધીમે તેહ લગાડે
વળી જોઇ તે બાહેર આવે, રખે કોઇ દોડીને આવે-૭૬૬
દ્વાર હોલનુ વાસી દીધું સાંકળ મારી તાળું દીધું
કામ એમ ચોકસ તો કીધું પછી કામ એ કરમાં લીધું-૭૬૭
પછીથી નિર્ભય થઈને પોતે, ખોલ્યું તાળુ જોતે જોતે
પેટી કેરૂં દ્વાર ઉઘાડયું, અંદર સુતેલું કો ભાળ્યું-૭૬૮
વસ્ત્ર ઉપર તો છે ઓરાઢયુ, નીજ કરે જેવું ઓરાડયું
ખુશ થયો અંતરમાં એતો, સુંદરી આ જીવે છે તે તો-૭૬૯
પછી ધીમેથી તે તો બોલ્યો હર્ષાવેશે એ બહુ ડોલ્યો
સતી સુંદરી આવો વ્હાલાં, હવે નહિ તલસાવો ઠાલાં-૭૭૦
એમ કહીને બાથ ભરે છે, કપી સુતેલો તેહ ડરે છે
થાકીને અકળાયો એતો રીસ ભરેલો પોઢયો તે તો-૭૭૧
હુપ હુપ કરતો જાગી ઉઠયો, ખરી રીસથી તે તો રૂઠયો
જેરામને કંઠે વળગ્યો તરછોડયો નવ થાએ અળગો-૭૭૨

ધાજોરે કોઈ ધાજો બાપુ મને બચાવો બદલો આપુ
હાય ભુત આ નીકળ્યું કયાંથી કાઢે જીવ આ તનડામાંથી–૭૭૩

બુમો પાડી કંઈ જેરામે પણ ત્યાં કોઇ શાનું આવે
વળી બારણા સામે દોડે કપી ત્યાં પણ આવે જોડે–૭૭૪

અંગ બધું ઉઝરડી નાખ્યું નાક ગાલ સઉ કરડી ખાધું
લોહી લુહાણું અંગ થયું છે ભાન વસ્ત્રનું અરે ગયું છે–૭૭૫

નગ્ન વેશથી દોડે ઝાઝુ સુઝે નહી નાઠાની બાજુ
ઉપર કપીને મારજ એવો મૃત્યુલોકમાં દીઠા જેવો–૭૭૬

પડયો ભોંય તે બુમો પાડે દ્વાર ના કોઈ ઉઘાડે
વાંદર પણ અકળાયો એવો દીઠો જયરામ કાળ જ જેવો–૭૭૭

પલંગ ચાદર તોડી નાંખ્યા હાંડી તકતા ફોડી નાખ્યાં
ભોજન તે સહુ ઢાળી નાખ્યાં તળીચું ભીંતો ગોડી નાંખ્યાં–૭૭૮

તજી ભાન જેરામ જ પડીયો શ્વાસ કંઠમાં આવી અડીયો
ત્યારે બાહેર ઉભા લોકો જોવા મળેલા થોકા થોકે–૭૭૯

દ્વાર ઉઘાડયું યુકિત કરીને કપી નીકળ્યો હુપ કરીને
મારી થેકડો ચડયો છાપરે પડયો જેરામ કહી બાપરે–૭૮૦

—: સાખી :—

હુપહુપ કરીને કપી નાઠો જેરામ કરી દીન માઠો
હતી મદન રંગની વાતો ત્યાં ખાધી કપીની લાતો—૭૮૧

(રાગ અસલનો)—(બાર માસી)

કપીને બહાર કાઢી, સહુ જન માંહી જાતા
દશા જેરામ જોઈ, મનમાંહી એ મુજાતાં—૭૮૨
જેરામ ભાન ત્યાગી, પડી રહ્યો અભાગી
જરીને જુએ જાગી, લીધું છે દુઃખ માગી—૭૮૩
ભેગા મળેલા લોકે, વિચારી વાત શોચે
મરી તે અહિં જાશે, પહોંચાડો વૈદ્ય પાસે—૭૮૪
વિચાર એવો કરીને, જેરામ લીધો ઉચકી
સઉજન સાથ જઈને આવ્યા તહાં તે મુકી—૭૮૫
સતીની આંહી શી છે, ગતિ વિચારો ભાઈ
ડોકટરની પાસે તે છે, બેહાલ બનેલી બાઈ—૭૮૬
સતીને બચાવી લાવ્યો, જે વીર ગુજરાતી
હરદમ ઉભો મે રહે છે, સતીની સેવા થાતી—૭૮૭
ડોકટરે દર્દ જાણ્યું, દવા તો સરસ કીધી
મુર્છા સતીની ટાળી, સાવથ સતીને કીધી—૭૮૮
નયનો ઉઘાડી ન્યાળે જંગલ નહી તે ભાળે
સાધુ ન આંહી દીઠો આવાંશ જોઇ મીઠો—૭૮૯
સતિ વિચારે મનમાં ઘડે ઘાટ તનમાં
અરેરે કયાં હું આવી મને ભૂલાવે ભાવિ—૭૯૦
મુકયાં કયાં સાસુ સસરો મુકયો પતિ કયાં મારો
અહીંઆં હું કયાંથી આવી દીઠો ન દુખ આરો—૭૯૧

ભયભીત ચહેરે વદવા, સતી પ્રયાસ કરતી
ના જીભલડી ઉપડતી ડોકટર પ્રતી એ જોતી—૭૯૨
સાહેબ નામ પીછાણું ના આપને હું જાણું
આ ઠામ ના શું છે, આ ગામ નામ શું છે—૭૯૩
હું અહીં કયાંથી આવી મુકી ગયું કો લાવી
સાહેબ દો ફરમાવી મુજ રહેમ દીલ લાવી—૭૯૪
ડોકટર વધા છે વળતાં ના સુંદરી એ ડરતાં
આ છે દવા તો ખાનું બીજુ કાંઇ ન જાણું—૭૯૫
પુરી અયોધ્યા નગરી જાત્રા ભરાય સઘળી
ઉચકી આ ભાઇ લાવ્યા દૂખે તમારા ધાયા—૭૯૬
ગુજરાતી ભાઇ આગળ આવી સતીને પુછે
તમ નામ ઠામ બાવા મુને કહોને શું છે—૭૯૭
સતી વદે છે ત્યારે હું શું વદુ અત્યારે
છે કર્મ કથા ભારે થવાનું શું સંભાળે—૭૯૮
આગ્રહ તોય નરનો, કથની સતીની સુણવા
સતીએ દીઠો જયારે લાગી તે તવ વદવા—૭૯૯
સુણોને ભાઇ મારી વીતક વીતેલી વાતો
કહેતાં ભાઇ આજે અતિશે શોક થાતો—૮૦૦
છે સાસરૂ ગુજરાત રૂડાં એ રાજનગરે
પીઅરમાં વાટ ઉઠી રૂડા વઇરાટ નગરે—૮૦૧

માતા પીતાએ મારાં, પુરાં હતાં હત્યારાં
કાળાં તે કર્મ વાળાં, હતાં દીલનાં ગોઝારાં—૮૦૨
જન્મી હું તેહ કુખે, પરભવ તણાં એ દુખે
મુને જીવાડી અમથી, મારીજ હોત વીખથી—૮૦૩
હું મોજ તેથી માણું, આ તેહથી અકારૂં
ધરાવી હીત મારૂં, જીવન બગાડયું મારૂં—૮૦૪
લોભી પીતાએ લોભે, મોટી કીધી છે મુજને
પૈસા પુરા એ રળવા, મોટી કીધી છે મુજને—૮૦૫
માગાં ઘણાંય આવે, મારૂંજ રૂપ જોઇ
પાપી પીતાએ પણ તો, પસે રહયાતા મોહી—૮૦૬
થયાં છે સોળ વરસો, કુંવારી સાય હું તો
પાપી પીતાના ઘરમાં, સ્ત્રી ધર્મે આવી હું તો—૮૦૭
હું ધર્મ કર્મ જાણી, રહીતી શુધ્ધ ભાવે
પાપી પીતાને તેથી, ઠપકા ઘણાય આવે—૮૦૮
કરવાને લગ્ન મારૂં, પીતા ગયા છે તેથી
મુજ વર શોધી લાવ્યા, આનંદ થાય જેથી—૮૦૯
વાંચક સુણોને મારા, પછી બનેલુ જે જે
આગળ લખેલું મેંતો, જેવું બનેલું તે તે—૮૧૦
રડતાં સતીએ તે તો વર્ણવ્યું બધું પછી તો
જેરામે ઝાલી રાતે ત્યાં સુધી કહ્યું તે તો—૮૧૧

વદી સતી પછી તો ખબર પછી નથી તો
હું આંહી કયાંથી આવી, કેવું લખેલું ભાવી—૮૧૨
ગંગા છે નામ મારૂં, દુઃખે બળેલી ભાળું
ઓળખાણુ ભાઇ આપો, કહી કલેશ દીલ કાપો—૮૧૩

અધુરી મારી કથની, વદો ને જેહ જાણો
વદયો સુણીને નર તો, સુણો અધુરી વાતો—૮૧૪
કહી બધીય તેણે, પુરી વીષે બનેલી
કહી પાપીને તેણે શિક્ષા વળી દીધેલી—૮૧૫

વદયો પછીથી વાણી, બાળાએ વાત જાણી
છે પુછવાનું મારે, પરણ્યા ત્યાં આપ જ્યારે—૮૧૬
તમ માત તાત જેને, હતું સંતાન બીજું
જો યાદ હોય તો કહો શું નામ તેનું—૮૧૭

વદી ગંગા ત્યાં વાંણી એ વાત ભાઇ ભુલી
વર્ષ આઠ કેરો ભાઇ, મારો હતો એ ભુલી—૮૧૮
મોહન મધુર નામે, હજુય રહે છે ગામે
માતા પીતા તો પ્લેગે, ગુજરી ગયાં છે હાવે—૮૧૯

સારો છે ભાઇ મારો, ન વાત આવી જાણે
કદાપી તેય જાણે, આવે તે તર્ત ટાણે—૮૨૦
વાત બધીય સુણી, નયને ભરાયું પાણી
ડુમો ભરાઇ આવ્યો, નર તો વદે ન વાણી—૮૨૧

નિશ્ચય થઇ રે ગંગા, પુછે છે પ્રેમ આણી
કહોને ભાઇ શાથી, નયને ભરાયું પાણી—૮૨૨
વદયો તે નર રડતાં, નીહાળ બેન મુજને
હત્યારો ભાઇ હું છું, કહું શું તુજને—૮૨૩
મોહન છે નામ મારૂં, વીરાટ ગામ મારૂં
સુણીને દુઃખ તારૂં, બળે છે દીલ મારૂં—૮૨૪
સુણીને આવી વાણી, સતીને સ્નેહ આવ્યો
ગળે તે બાઝી ઉછળી, સતીને સ્નેહ આવ્યો—૮૨૫
જરા તું આંહી આવ્યો મુજ જીવને બચાવ્યો
કહી સ્નેહાશ્રુ લાવી, નીજ વીરને નવરાવ્યો—૮૨૬
પછીથી બેન ભાઇ, ઉમંગ દીલ લાવી
ભોજન કીધું મગાવી, ઉતારે નીજ આવી—૮૨૭
રહીને દીન થોડા, પાછા વતન સીધાવ્યાં
અતી આનંદ સાથે, નીજ ગામ એહ આવ્યા—૮૨૮
ભાભીને ભાવે ભેટી, સતી ઘણુંય રડતી
છાતી શું ચાંપી ભાભી, છાની તે રાખે રડતી—૮૨૯
મોહન કહેતો બેની, જીવન અહીં તું ગાળે
દુઃખી થવાનું હવે, ના સાસરૂં સંભારે—૮૩૦
લખું છું પત્ર આજે, સસરાને દુઃખ લાગે
ઉઘાડું આંખ તેની, ભલેને દુઃખ લાગે—૮૩૧

સતી વદી ત્યાં એવું, ના ભાઈ એવું કરજે
વિચાર કાંઈ કરજે, દયા તું મારી ધરજે—૮૩૨
ભલે હો દુઃખ દરીઓ, વિશેષ ત્યાં ભરીઓ
છતાંય તેહ સારૂં, જીવન જશે ત્યાં મારૂં—૮૩૩
ગયા ના દીન કોના, મૈયર વિશે રહેથી
સાસરૂં છે સ્વર્ગ આને, શું થાય છે કહેથી—૮૩૪
માટેજ વીર મારા, આરામ લેઇ જાશું
દુઃખેથી દીન કાઢી, લુખુ સુકુ ત્યાં ખાશું—૮૩૫
લખો હયાતી મારી, ચીંતા ન થાય તેથી
ત્યારે તો વીર મારા, ખુશી થઇજ તેથી—૮૩૬
લખ્યો છે પત્ર તેવો, સતી વદી છે જેવો
ખુશીથી દીન જાતા, વળી કંઇક શાતા—૮૩૭
અહીંઆં હવે શું બનતું, સતીનાં સાસુ સસરો
રાત્રી બધાય જાગ્યાં, સતીની રાહ જોતાં—૮૩૮
દવા તે લેઇ આવે, આ પુત્રને જીવાડે
યોગી છે દેવ જેવા, ન કાંઈ લેવા દેવા—૮૩૯
થયું પ્રભાત જ્યારે વળી વળી વિચારે
હજુ ન રાંડ આવી દવા ન કાંઇ લાવી—૮૪૦
એવી તે રાહ જોતી મધ્યાન વેળા વીતી
સસરાને સાસુ કેરી દીલે ચઢી છે ભીતી—૮૪૧

સતીનો જાય સસરો, યોગીમઢુલી જ્યાં છે
ખબર બધીય લેવા, યોગીનો વાસ જ્યાં છે—૮૪૨
આવ્યો તે પુર પાટે નદી કિનારે તે તો
ગયો મઢુલી માહી ખાલી દીઠી છે તે તો—૮૪૩
યોગીનો વાસ શોભે શમશાન જેવો આજે
ઉપર તો કાગ બોલે બોલે ન કો અવાજે—૮૪૪
સતી જતી ન દીઠો મનમાંહી ભય પેઠો
અંધારા આખે અવ્યાં ધરતી પરે તે બેઠો—૮૪૫
જોયાં ખાંચા ખચીયા કોતર બધાંય જોયાં
ઝાડી તે જોઈ વળીઓ જતી સતીને જોયાં—૮૪૬
નિશ્ચય થયો ત્યાં એને હતી એ રાંડ વંઠી
ભરમાવી જોગી ભોળો ગઈતી રાંડ વંઠી—૮૪૭
આવ્યો ત્વરાથી પાછો વીગતે વાત જાણી
ખબર કહી ત્યાં એવી સતી જતીને પરણી—૮૪૮
નાસી ગયાતે કયાંએ પત્તો ન તેનો લાગે
હાય હવે શું થાશે એ બીક મુને લાગે—૮૪૯
વદી સુણીને સાસુ એમાં તો બીક શાની
પીયર કહીને ગઈ છે કહી છે એવું જાણી—૮૫૦
હતી એ રાંડ ભુડી જોગણી જાત રૂડી
ભક્ષીએ લેત સઉને, સાચીએ વાત કહુંને—૮૫૧

આ પુત્ર છેજ પ્યારો તે તેહને પ્રતાપે
પથારી આજ પોઢયો એ રાંડતો સંતાપે—૮૫૨

રહીજો હોત ઘરમાં જરૂર જીવ લેતી
ગઈ થયુ તે સારૂં હવે નથી હલેતી—૮૫૩

પુત્રનો જીવ બચશે, એ રાંડના જવાથી
માટેજ શોક ત્યાગો, નિર્ભય થઇ રહેજો—૮૫૪

પુછતું જો આવે કોઈ, પીયર ગઈ તે કહેજો
બીજી તે બીક ત્યાગી, નિર્ભય થઇને રહેજો—૮૫૫

વીસારી આમ સતીને રહ્યાં નિરાંત વાળી
ઠંડા થઇને બેઠાં આપદ બધીયે ટાળી—૮૫૬

હતી એ આશા મોટી, સતી તણા જવાથી
પુત્રને સારૂ થાશે સતી તણા જવાથી—૮૫૭

એ આશા ખોટી પડતી જણાઈ જાતે દહાડે
જણાય દીન દીને, ગળતો જતો તે હાડે—૮૫૮

ખાંશી અતીશે આવે અતીશે તાવ આવે
પથારી વશ પડયો શકતીય બધીય જાવે—૮૫૯

અનાજ કાંઈ હાવે જરા ન કાંઈ ભાવે
વિવિધ જાત રાંધી ભાવે ન તેહ લાવે—૮૬૦

જોવા સંબધી આવે વદે તે દીન ભાવે
જીવ્યાની આશા આની ભાઇ તજી દો હાવે—૮૬૧

અહીંયા દશા છે આવી, વીરાટમાં શું થાયે
અતીશે દુખે બળતા, સતીના દીન જાયે—૮૬૨
છે ભાઇ દીલે ભોળો, ભાભીને મન ચોળો
સંતાપ એહ આપે, મેણાં ઘણાંય મારે—૮૬૩
આથી સતીનું અંતર, ઉકળી ઉઠયું છે હાવે
કકળાટ થાય તેથી, ના ભાઇને કહેવાયે—૮૬૪
દુ:ખની બળેલી બાળા, બુજાવે કયાંથી લાળા
જ્યાં ત્યાંથી આગે આવે, બળતાંવળી અંગારા—૮૬૫
નિર્મ્યું ન સુખ વિધિયે, સતીના ભાગ્ય માંહી
જુની છે રીત એતો, સતીના ભાગ્ય માંહી—૮૬૬
તેનું મન આથી, પિઅર થકી તો ઉઠયું
અન્નજળ હવે તો અહીંથી, સતીનું હાય રૂઠયું—૮૬૭
સુળી તો સાસરાની, સતીને મીઠી લાગી
મૈયરની ગાદી હાવે, સતીને મીઠી લાગી—૮૬૮
પત્રની રાહ જોતી, કરવાને આણું આવે
સસરો કે કોઈ આવે, દયા જો મારી લાવે—૮૬૯
આશાએ દીન આવા, સતીના જાય દુ:ખે
વળી એ દીલ આવે, પતી પડેલા દુ:ખે—૮૭૦
દીનો ગયા છે કંઇએ, સતી નીરાશા થઇ છે
ખાત્રી પડી છે ત્યારે, ત્યાગી તો મુને દઇ છે—૮૭૧

આક્રંદ અતીશે કીધું, ન અન પાણી દીધું
રાત્રી બધીય જાગી, નીંદ્રા બધીય ત્યાગી—૮૭૨
સવારે ઉઠી જ્યારે, નયનો કરીને રાતા
ચક્કર અનેરા આવે, પડતી ઢળતી તે જાતાં—૮૭૩
એવામાં પોસ્ટમેને, પત્રજ એક નાખ્યો
હેતુથી ઉઠી સતીએ, એ પત્ર પાસ રાખ્યો—૮૭૪
પરવારી લેઈ બેઠી, એકાંત જઈને વાંચે
થયું ન દીલ ટાઢું, અરેરે હાય સોચે—૮૭૫
લખ્યું છે પત્ર માંહે, ઝટ અત્રે આવે
ગંગાનો કંથ માંદો, આખર ઘડી છે હાવે—૮૭૬
આશા તજી છે સૌએ, પત્રજ તેથી લખીઓ
વીલંબ ન કરો ઝાઝો, આ તાર જાણે લખીઓ—૮૭૭
જોવું જો હોય મુખ તો, ઉઠી ને આજ આવો
નહી તો તમારી ખુશી, નથી અમારો દાવો—૮૭૮
સતીએ પત્ર આવો, વાંચી રડી અતીશે
જવાને ભાઇ વીનવ્યું, એ પત્ર નીજ મીશે—૮૭૯
મારે તો ભાઈ જાવું, એ સાસરી મહીં તો
હવે તો દીન એકે, રહેવાય ના અહીં તો—૮૮૦
ફુટયું છે કર્મ મારૂં, જીવન થયું અકારૂં
તજી બધુંય આંહી, જવાનું હવે ધારૂં—૮૮૧

લખેલું દુઃખ કરમે, મીથ્યા ન થાય કોથી
આગળ અનેરાં દુખડાં, હજુય હાય જોતી—૮૮૨
સતી વદીને એવું, રડી છે દીલ ખોલી
ગળું રૂંધાઇ જાતાં, શકાય નહી બોલી—૮૮૩
મોહને તર્ત ઉઠી વસ્ત્રો તે પહેરી લીધાં
બેસીને ધીર વચને, આશ્વાસનોય દીધાં—૮૮૪
વળી તૈયારી કીધી લીધી સતીય ત્યારે
ચાલ્યાં તે બેન ભાઇ, ખરેખરા મધ્યાને—૮૮૫
ચાલે તે ભાઇ આગળ, બેની તે જાય પાછળ
આક્રંદ છુપુ કરતી, માપે ધીમેથી ધરતી—૮૮૬
આવ્યાં તે રાજનગરે, દીઠી સતીને સસરે
લાવીને રોજ મજરે, સાસુજી ક્રોધ પ્રજળે—૮૮૭
તડુકી ઉઠી એ તો, સસરોએ ગાળ દેતો
ભક્ષો તે પુત્ર મારો, ડાકણ સ્વભાવ તારો—૮૮૮
રંડા તું રાંડવાને, આવી હવે તું આજે
સતી જો હોવું તું તો, પીડાઇ મર લાજે—૮૮૯
જઇતી મુખ કાળું, કરીને હાય તારૂં
હતાં શું નાંરૂં કારૂં, બુડાડયું કુળ મારૂં—૮૯૦
વાળ્યાં બીજાએ જ્યારે, છાના રહ્યાં તે ત્યારે
સહન બધુય કરીયું, વખત નથી અત્યારે—૮૯૧

સતીને ત્રાસ થાતો, ના શોક તો સમાતો
શરમાતી પેઠી ખુણે, સાસુ ધીમેથી દુણે—૮૯૨

જાવું પતિની પાસે, અવસર એહ ખોળે
લોકો ભરાઇ બેઠા, શરમાતી આપ શોળે—૮૯૩

કંઠે છે પ્રાણ પતીનો, લોક વળી ઉચ્ચારે
પુરણ ભાગ્ય હોયે, તો રાત આજ કાઢે—૮૯૪

સંધ્યા થઇ છે જ્યારે, ગયા છે લોક જમવા
દવા તે લેવા સસરો, સાસુને ખાવા કરવા—૮૯૫

વેરાયાં એવી રીતે, ન કોઇ પતીની પાસે
અવસર વીચારી એવો, ગઇ પતીની પાસે—૮૯૬

વદી સતી ત્યાં રડતી, ઓ કંથ દુઃખ આ શું
એ દોષ કંથ મારો, કરી અરે દશા શું ?—૮૯૭

હું પાપી પ્રાણ મારા, હીણભાગી આપ દારા
ગતી થશે શું મારી, હું તો ઠરી હત્યારી—૮૯૮

સુણીને કંથ બોલ્યો, સતી સલુણી નારી
દુખી કરી મેં તુજને, ગણું હું ભુલ મારી—૮૯૯

દુનીઆ તજીને આતો, સ્વર્ગે સીધાવું હું તો
નક્કીજ એજ ભાસે, દુખી થઇશ તું તો—૯૦૦

મુજ જીવ તુજ માંહે, મુંજાય છેજ આજે
દેખીને દુખ તારૂ, અંતર અરેરે દાઝે—૯૦૧

માતા પીતાએ મારા ખરેખરા હત્યારાં
વળી અરેરે લાગ્યાં, વેરી થઇને તારાં—૯૦૨
જીવન ખરાબ તારૂ, મેં તો કર્યું છે આજે
આશીષ મુને દેજે, માફી તું તેની દેજે—૯૦૩
સતી વદી ત્યાં વાણી, ના દીલ દુખ ધારો
દુઃખો અનેક સહીને, કાઢીશ જનમારો—૯૦૪
લોકો ભલેને કહેશે, તે દુઃખ દીલ સહેશે
પ્રભુજી પાર દેશે, દારા એ દુઃખ સહેશે—૯૦૫
માટે પતી ઓ મારા, ના દુઃખ દીલ ધારો
તજી સંસાર ખારો, સ્વીકારો પંથ પ્યારો—૯૦૬
સતીની સુણી વાણી, નયને ભરાયું પાણી
સતીનો કર ઝાલી, ચુમી કરી છે જાણી—૯૦૭
અરેરે તર્ત ત્યારે, કફ તો ચઢયો ઉકાળે
પતિને મુંઝાઇ મારે, જીવ તો ચઢયો ઉકાળે—૯૦૮
બોલી શકાયું નહિ, રૂંધાયો કંઠ જ્યાંહિ
સતીએ બુમ મારી; આવ્યાં તે ધાઇ તાંહી—૯૦૯
બેઠા છે સાથ સરવે, નિહાળે કાંતિ તેની
શરીરે શીત વ્યાપી, નાડી તુટી છે તેની—૯૧૦
ગઇ છે શાન શુદ્ધિ, ખુટી છે તેની બુદ્ધિ
ધીમો તો શ્વાસ પડીઓ, બ્રહ્માંડ જીવ ચડીઓ—૯૧૧

તણાતું તન તેનું, સ્વર્ગ તે જીવ જાતો
પડયું તે શબ થઇને, અરેરે જીવ જાતાં—૯૧૨
પાડીને લોકો પોકો, કર્યું રૂદન અતીશે
સતીએ છાની રડતી, રૂધીર કાઢયું શીશે—૯૧૩
સવારે સૌએ શોકે, સંસ્કાર સર્વ કીધો
સતી શણગાર સરવે, છીનવી બધોય લીધો—૯૧૪
ચુડી કઢાવી હાથે, વસ્ત્રો પહેરાવ્યાં કાળાં
વેણી રચાવી સારી, મુડાવી નાખી ધારી—૯૧૫
રઢીઆળુ રૂપ નારી, આજે બની હત્યારી
કહી ચુડેલ જેવી, હતી સદભાગ્યા દેવી—૯૧૬
હિંદુ સમાજ તારી, આવી ઘણી બલીહારી
હજારો હિંદુ નારી, તારી પીટે પીટારી—૯૧૭
બાળા નવોઢા ફરતી, રંડાય ભાગ્ય ફુટે
વૈધવ્ય એજ ગાળે, હાથે ઉતારી ચુટે—૯૧૮
તીલક ન ભાળ થાએ, માથુ વળી મુડાગે
શણગાર સર્વે છોડી, વસ્ત્રો તે શ્યામ ઓઢે—૯૧૯
અતિ રડાવે બળથી, કુટાવે વીધ કળથી
ગોધાઇ ઘેર રહેવું, ખાવાનું દુઃખ સ્હેવું—૯૨૦
અરેરે રીત આવી, અબળાને દુઃખ દાઇ
હિંદુએ રૂઢી કેરી, નારી પીટે પીટારી—૯૨૧

સતીને દુખ આવું, લખાયું કર્મ માંહી
પતિ સીધાવ્યો સ્વર્ગે, હવે શું થાય ત્યાંહે—૯૨૨
શણગાર સર્વ ત્યાગ્યો, વિલાસ સર્વ ત્યાગ્યો
મુડન કરાવ્યું માથે, ચુડો ઉતાર્યો હાથે—૯૨૩
સબંધી સર્વ આવે, મોકાણ કાણ કરવા
સતિને સર્વ થઈને, આગળ કરે છે રડવા—૯૨૪
મારી ગોદાવી સરવે, કુટાવે લોક ઝાઝુ
પુછે ન ભાવ ખાવા, થઈને એક બાજુ—૯૨૫
વાસી અજીઠુ આપે, વળી અતિ સંતાપે
એ રીત ભુખ દુખે, સતી તપાય તાપે—૯૨૬
છોડીને સ્વર્ગ જેનો, પતિ ગયો છે પહેલો
તેને તો સર્વ છાંડે, સમાજ ધારો એતો—૯૨૭
આથી સતીનું હાવે, શરીર તો સુકાયું
અતિશે ભુખ દુખે, તાપેથી તન ભરાયું—૯૨૮
માથુ ચઢીને આવ્યું, અશક્તિ અંગ આવી
સતી પડી પથારી, દુખે ભરેલું ભાવી—૯૨૯
દરકાર કોઇ તેની, કરે નહિ લગારે
ન અન્ન પાણી આપે, દુખેથી દીલ બાળે—૯૩૦
દીનો ઘણાય એવા, વિત્યા સતીના દુખે
ચેતન ઘટ્યું એ સરવે, અતિશે દુખ ભુખે—૯૩૧

જાંણ્યું બધાએ જ્યારે, મરી જશે આ નારી
અપવાદ એજ આવે, મારી તે નાખી ધારી—૯૩૨

ઠંડક વળે એ દીલમાં, મરીયે જાય જ્યારે
છતાંય લોક લાજે, વિચારતાં અત્યારે—૯૩૩

દવા તે દારૂ કાંઇ, કરવીજ આજ પડશે
મરવાની આ છે નક્કી, લોકાપવાદ નડશે—૯૩૪

દવા તે ખાને લીધી, ઝોળી કરીને તેમાં
ડાકટરને વાત કીધી, સતી બીમાર જેમાં—૯૩૫

તાકીદે કેશ સુધરે, દાકતરે લાંચ માગી
સુધરે ન એમ સારૂ, તેથી ન જોયું જાગી—૯૩૬

દરકાર રાખ્યા વિના, સસરો સતીનો ચાલ્યો
અનાથ આજ અબળા, એકલી મુકી ચાલ્યો—૯૩૭

ડોકટર ભરાયા રોપે, દવા ન સારી આપે
તથાપી રામ રાખે, તેને શું કોણ ચાખે—૯૩૮

આરામ સતીને વળીઓ, ખોરાક સારો મળીયો
તેથી તો દર્દ તેનું, ધીમેથી પાછું હઠીયું—૯૩૯

ખબર તો એક દીને, સસરો જોવાને આવ્યા
મર્યા જીવ્યાની તે તો, ખબર જોવાને આવ્યા—૯૪૦

નજરે નિહાળી સતીને, તબીયત બનેલી સારી
સસરો મુઝાય ભારી, જીવે હજુય નારી—૯૪૧

અરેરે લ્હાય આતો, ઉભી હજુય રહી છે
ધાર્યું તું કાંઇ કાંઇ, આ આડ ખીલી રહી છે—૯૪૨
બળી જવ્યામાં આતો, ના તાપ એ સમાતો
કરવાને ગયા સીધું, થઇને તે બેહું વાંકું—૯૪૩
ડાકટર બોલાવ્યા પાસે, એકાંત માંહી બેસી
રૂસ્વતની નોટો દીધી, વસુ બસોની પુરી—૯૪૪
વળી વદયો તે એવું, સુણો સાહેબ કહું તે
દરદી તમોને સોંપી, છે મુજ પુત્ર વહુ તે—૯૪૫
તેણે તો ભસી લીધો, મારો તો પુત્ર પ્યારો
કાંમણ કુમણ એ જાણે ના અબળા એ ધારો—૯૪૬
માટેજ નાશ તેનો, કરવો જરૂર હાવે
ધાર્યું તું એજ મરશે, મારૂ તે કામ સરસે—૯૪૭
તથાપી દીધું આજે, સાહેબ આતો થાએ
જીવતી રહે તે હાયે, મહેનત બધીએ જાએ—૯૪૮
અહિંથી ઘેર પગલાં, તેનાં હવે ન આવે
દવાજ તેવી આપો, ઝટ તાગ તેનો આવે—૯૪૯
બનશે જો કામ મારૂં, ઇનામ દેઉં સારૂં
આ દાસ દીન ધારી, કૃપા કરો કૃપાળુ—૯૫૦
ડાકટરે સુણી વાતો, ધુણાવી શીશ હા તો
ગયો છે ઉઠી સસરો, ડોકટર વિચાર કરતો—૯૫૧

સતીની પાસ આવ્યા, પુછી બધીય વાતો
સતીએ મન મુકી, કીધી બધીય વાતો—૯૫૨
ડાકટરે દર્દ જાણ્યું, દુખ તો બધુ પીછાણ્યું
દયા સતીની આવી, બતાવી એક ચાવી—૯૫૩
પેટંટ દવાઓ આપી, સતી બનાવી સારી
સસરાની વાત તેને, કહી વિચારી ધારી—૯૫૪
ડાકટર સતીને પુછે, બાળા કહો તું હાવે
તારે જવું છે કયાંયે, જણાવ દીલ ભાવે—૯૫૫
સાસરીએ જઈશ તું જો, નિશ્ચય મોત થાશે
જીવતી તું રહીશ તે જો, બીજે સ્થળે નાશે—૯૫૬
માટે તું બોલ બાળા, જે દીલ તુજ હોયે
ઈચ્છા જો હોય તારી, દીકરી ગણું હું તોયે—૯૫૭
વર્તન પવિત્ર તારૂં, સુણી હું ખુશ થાતો
વળી તુંજ દુઃખ દેખી, અંતર ઘણું મુઝાતો—૯૫૮
આવે જો ઘેર મારે, વાંધો ન હોય તારે
સુખી તું થઈશ ત્યાં તો, આનંદ સર્વ જ્યાંતો—૯૫૯
મુજ પુત્રીઓ તો બે છે, ગણીશ તુને ત્રીજી
ભણાવે તેને તું તો, ચીન્તા તજીને બીજી—૯૬૦
સતીને વાત લાગી, મીઠી એ ભ્રાંત ભાગી
બાપું હું ત્યાંય આવું. જરા ન દીલ લાવું—૯૬૧

દુઃખી છે દીન મારા, સુખી નથી થવાના
છતાંય આવું સાથે, બનશે કરીશ હાથે—૯૬૨

ઇચ્છા જો આપ હોશે, વૈરાગ્ય મારૂ ગાળુ
બીજું ન કોઇ જોઇએ, વીના બે ટંક વાળુ—૯૬૩

સાંજે સતીને લઇને, ડોકટર ઘેર લાવ્યા
પત્નીને એજ કીધું, સતીને સાથ આવ્યા—૯૬૪

પત્નીનું નામ તારા, સ્વભાવ છેજ સારા
હવેથી આવી ધાઈ, ભલે પધાર્યાં બાઇ—૯૬૫

કહીને કંઠ વળગી, પોતાની પુત્રી જાણે
ગંગાને શાથી જાણે, ઉમંગ આવ્યા ટાણે—૯૬૬

રહે તે આંહી રોજે, ખાતા પીતા તે મોજે
વિસાર્યાં દુઃખ સરવે, હણાયુ દુઃખ હળવે—૯૬૭

અહીયાં સતીનો સસરો, ખબર જોવાને આવ્યો
ડાકટર ધીમે તેને, સંદેશ એજ કહાવ્યો—૯૬૮

ગુજરી ગઇ તે બાઇ, ઇનામ આપો કાંઇ
બધુય દુઃખ ડુબ્યું, ગઇ તે સ્વર્ગ માંહી—૯૬૯

સસરો સુણીને બોલ્યો, સાહેબ નોટ સોની
ઇનામ આપું આજે, ખુશી થઇને લ્યોની—૯૭૦

કહીને એવું પોતે, સીધાવ્યા ઘેર પાછા
કરી ક્રીયાઓ સરવે, પત્રો લખ્યા છે ખાસા—૯૭૧

માંકણુ સતીની માંડે, સતી રહે છે કોડે
ભજન પ્રભુનું કરતી, હેતેથી ધ્યાન ધરતી—૯૭૨

ડોકટર તો એક દીને, બાહાર બાગે બેઠા
તેવામાં સખ્સ બે તો, આવીને માંહી પેઠા—૯૭૩

મસ્તક નમાવી પડીઆ, ડાકટરના પાય માંહી
કહોને કયાંથી આવ્યા, ડાકટર પુછે છે ત્યાંહી—૯૭૪

ઉઠીને સખ્સ બોલ્યા, સાહેબ રહેમ લાવો
અમારા ફૂટે કરમે, વખત આવ્યો આવો—૯૭૫

હતા શ્રીમંત સારા, આવ્યા દીનો નઠારા
માટેજ આજે આવ્યા, આસરે તમારા—૯૭૬

હાંકું હું ઘોડા ગાડી, આ ભાઈ મારો તે તો
ઘરનું એ કામ કરશે, એ પેટ એમ ભરશે—૯૭૭

નથીય કાંઇ લેવું, ખાધા સિવાય બીજું
સાહેબ રાખી લેશો, બેલી ન કોઇ બીજું—૯૭૮

દયા ઘણેરી આવી, રાખી ત્યાં લીધા બેને
જરૂરી કામ જોઇ, સોંપી દીધુ છે તેને—૯૭૯

નોકર રહેલો નાનો, ઘરમાં રહે છે રોજે
એક દીન બહાર જઇને, લાવ્યા છે વાત તેને—૯૮૦

સતી બોલાવી પાસે, સંભળાવી ધીમે તેણે
અરે ઓ બેન આજે, સુણી છે વાત આજે—૯૮૧

સરખેજ ગામ સારૂ, રોજાની શોભા સારી
ભરાય ત્યાં તો મેળો, જુક્તિ જોવાની સારી—૯૮૨
ઉરસ આજ તેની, જોવાને જાય લોકો
જઇ એ જોવાને આજે સાહેબને આપ કહોતો—૯૮૩
સતી એ ભાન ભુલી, વિતેલ વાત ચુકી
સાહેબની પાસે જઇને, એ વાત એણે મુકી—૯૮૪
જાવું છે રોજે જોવા, બાપુ રજા જો આપો
દર્શન કરીને આવું, હરાય જેથી પાપો—૯૮૫
ડાક્ટર વદ્યા ત્યાં વળતી, જાઓ સુખેથી જાઓ
ગાફલ ના રહેશો ત્યાંએ, ગાડી લઇને જાઓ—૯૮૬
આજ્ઞા તો એવી મળતાં, ગાડી તૈયાર કીધી
નોકર હતા જે એએ, સાથે તૈયારી કીધી—૯૮૭
સતીને રાખી સાથે, ગાડી મુકી હંકારી
સતી અજાણી તો છે, અનાથ એજ નારી—૯૮૮
બાજુએ રોજ મુકયો, ગાડી ધપાવી આગે
સતી વિશ્વાસે રહેતી, ના વહેમ કાંઇ લાગે—૯૮૯
જંગલ અઘોર આવ્યું, થોભાઈ ગાડી ત્યાં તો
સતીને વહેમ આવ્યો, જંગલ દીઠુ છે જ્યાં તો—૯૯૦
આવ્યા ત્યાં ચાર નરતો, સતી ઉતારી હેઠે
હુતાશ થઇ ત્યાં નારી, અહીં શાં [illegible]

ધરીને હામ સતીએ, ખસીને દુર પુછયું
કહો ને આતે શુ છે ? સતીએ એમ પુછયું—૯૯૨
વધો છે એક નર તો નારી તે દુઃખ દીધું
પ્રથમ તુને તો ઝાલી, ધારીને સુખ લીધું—૯૯૩
હું તો લઈને તુજને, ગયો વિદેશ માંહે
અરેરે દેવ મુજને, આડો પડયો છે ત્યાંહે—૯૯૪
પેટીમાં પુરી તુજને, નીકળી તું ત્યાંથી નાઠી
મર્કટ ભરાયો માંહે, કરી દશા ત્યાં માઠી—૯૯૫
પછીથી આવ્યો અહિંઆં, ભમતો હું તારી પુંઠ
ટોળી જમાવી પુરી, લાગ્યો હું તારી પુંઠે—૯૯૬
દરદી થઇને તું તો, રહી દવા તે ખાને
સુભાગ્યે મારે તે તો, આવી તે વાત કાને—૯૯૭
થયો તો પુંઠે ત્યાંથી, ડાકટરને ઘેર જ્યાંથી
નોકર રહ્યા છે બે જે, સાગરીત મારા તે છે—૯૯૮
તારા એ ફકત સાટે, મહેનત કરે છે એતો
મહેનત ફળી એ આજે, કર્યું તું સર્વ કાજે—૯૯૯
હવે તો હદ થઈ છે, મુમત સલુણી ત્યાગો
આધીન મારે થાઓ, વસ્ત્રા ઘરેણાં માગો—૧૦૦૦
પતી સીધાવ્યો સ્વર્ગે, વિધવા થઇ તું હાવે
ઉચાટ સર્વ ત્યાગો, ભેટી તું લેને ભાવે—૧૦૦૧

હા ના કરીશ જો તું; દુખી થઈશ તો તું
સ્વાધીન સુખે થા તું, અહિંથી ન છુટી જાતું–૧૦૦૨
સતી સુણીને બોલી હરામી આશું બોલે
પાપી પ્રપંચી આવ્યો શું ભાર તોલ તોલે–૧૦૦૩
જીવન બધુય જુઠુ કર્યું પતીએ જાતાં
મરવાનુ સારૂ લાગે, વઇધ્વ્ય આજ થાતાં–૧૦૦૪
માટે આ પાપી નર તુ કેડો તો છોડ મારો
કદાપી કાળે તારો ન અર્થે સરનારો–૧૦૦૫
હત્યા તને હું આપું ન દેહ વાળ ભાળે
શાને ભરે તું ભાતું અઘોર કર્મ કાળે–૧૦૦૬
કરતી હું ચેન બાજી પાપીએ દાઢ ખુંચી
સુખો અનેરાં ત્યાગી, દુખી તે લાવી મુકી–૧૦૦૭
અરેરે હાય હાવે મરવું વીશેષ ભાવે
પાડી છે બુમ તેવે, રે હાય ? કો બચાવે–૧૦૦૮
કકાળત ભારે કીધો અતિશે સાદ કીધો
આવો બચાવો કોઈ કરિને સાદ રોઈ–૧૦૦૯
સુણીને અર્ત વાણી અબળાની એહ જાણી
મહાજન સંગ જાતો તેણે આ વાત જાણી–૧૦૧૦
ગયા નરો ત્યાં દોડી, અબળાને દુખ દેતા
મારે તો માર ઝાઝો કટુ મુખેથી કહેતા–૧૦૧૧

કીલકારી કીધી ત્યારે, મહાજન જનોએ જ્યારે
પાપીને ભાન આવ્યું, આ શું ચઢીને આવ્યું—૧૦૧૨
મુકી સતીને નાઠા, જંગલ વિષે ભરાયા
અતિશે માર ખાઈ, સતીની પુલી કાયા—૧૦૧૩
લોકોએ લીધી ઉંચકી, સતીને સાથે લાવ્યા
પુછી ન વાત કાંઈ, સાથે તે લઈ ચાલ્યા—૧૦૧૪
આવ્યા વિરાટ નગરે, સતીને લેઈ સાથે
તહાં તો ભાન આવ્યું, બેઠી થઇને હાથે—૧૦૧૫
સંઘે મુકામ કીધો, ચોગાન માંહી જ્યારે
અરે ઓ ભાઇ સુણો, સતી એ બોલી ત્યારે—૧૦૧૬
છે મુજ ગામ આ તો, રહે ત્યાં ભાઈ મારો
મુને બચાવી તે તો, ઉપકાર છે તમારો—૧૦૧૭
રજા જો આપ આપો, હું જાઉં ઘેર મારે
આવોને સાથ મારી, જાઉં છું અત્યારે—૧૦૧૮
સુણીને લોક બોલ્યા, સાચું જો હોય બેની
આનંદ અતીશે થાએ, ચીંતા ન થાય તેની—૧૦૧૯
સતીને સાથ લઇને, ગામે ગયા બે નર તો
નીજ ભાઇ ઘેર જઈને, સતીનો જીવ ઠરતો—૧૦૨૦
દેખીને નીજ બેની, તે ભાઇ ધાઈ આવ્યો
વળગ્યો તે બેની કંઠે, અતીશે સ્નેહ લાવ્યો—૧૦૨૧

વિગત બધીય પુછી, વહતી સતીય રડતી;
ઓ ભાઇ દુઃખ મારૂં, સમાય ના આ ધરતી—૧૦૨૨
કરશું નિરાંતે વાતો, ઉપકાર સંઘ ભારે;
નરો ન હોત આ તો, ન હોત હું અત્યારે—૧૦૨૩
માટેજ ભાઇ એની, સેવા જે થાય કરવી
ચીજો તે જોહુ માગે, રજુય તેહુ કરવી—૧૦૨૪
સુણીને ભાઇ ત્યાં તો, નરોને પાય લાગ્યો
ઉપકાર આપ મોટો, હું છું ઘણોય છોટો—૧૦૨૫
મ.ગો જો આપ માથું, આપીશ હું અત્યારે
સેવા તમારી કરવી, અરે એ ધર્મ મારે—૧૦૨૬
નરો તે વાણી સુણી, વદ્યા રહીને વાણી
અમારો ધર્મ એ છે, કર્યું એ ધર્મ જાણી—૧૦૨૭
જરૂર ન કાંઇ અમને, તૈયાર સાથે લાવ્યા
ખબર તમારી જાણી, સતીને આંહી લાવ્યા—૧૦૨૮
ખાત્રી અમારી કરવા, અમે તો સાથ આવ્યા
મળ્યાં તે બેન ભાઇ, આનંદ અમોને થાએ—૧૦૨૯
વળ્યા તે કહીને પાછા, સતી રહી તે આંહી
અતિશે કષ્ટે આવી, સતી પીયર માંહી—૧૦૩૦
પુછે છે ભાઇ પ્રેમે, બેની તું મર્ણ પામી
આવી તું આંહી ક્યાંથી ? થઇતી સ્વર્ગે ગામી—૧૦૩૧

એવા તે પત્ર આવ્યા, તું સાસરે પઠાવ્યો
અને તું આશ ત્યાગી, રહ્યાંતાં ભ્રાંત લાગી—૧૦૩૨
ગુજરી શીરે શું તારે, સુણવું એ બેન મારે
આવી તું ક્યાંથી અહીંઆં, શી રીતે અત્યારે—૧૦૩૩
સુણી સતી તો બોલી, ઓ વીર સુણુ મારા
વિધવા થઇ હું જ્યારે, થયા બેહાલ મારા—૧૦૩૪
મુને તો દવાખાને, સસરે મુકીતી બહાને
ઉપરથી લાંચ આપી, ડાકટરને શીખ આપી—૧૦૩૫
જીવતી ન આવે ઘરમાં, દવા એ રીત દેજો
દવાને પાઇ ઝેરી, મારી તે નાંખી દેજો—૧૦૩૬
સસરો કહીને આવું, મુકીને મને ચાલ્યા
ડાકટર દયાળુ એવા, વિચારી વાત ચાલ્યા—૧૦૩૭
રૂસ્વત ખાઇ તેની, દવા તો સારી આપી
જીવાડી મુને ભાઈ, દયા તો ઉર લાવી—૧૦૩૮
ખબર મુવાની આપી, ખબર જોવાને આવ્યા
એ વાત જાણી આવી, આનંદ ઉર લાવ્યા—૧૦૩૯
ડાકટરે મને પુછી, પોતાને ઘેર રાખી
પુત્રી સમાન ગણુતા, છે દેવ એનો સાખી—૧૦૪૦
જીવન બધુંય મેં તો, ત્યાં કાઢવાને ધાર્યું
માનવનું ધાર્યું જાએ, થાએ વીધીનું ધાર્યું—૧૦૪૧

પુંઠે હરામી ટોળી, અવલથી લાગી આવી
પેટીમાં મુને ઘાલી, પહોંચ્યો હતો જે આવી—૧૦૪૨
જમાવી ટોળી તેણે, મુને વળી ફસાવા
પાપીએ બેજ ત્યાં તો, નોકર થઇને આવ્યા—૧૦૪૩
રહ્યાં ત્યાં પેટ માટે, જાણે ન કોઈ યુકિત
મુને ફસાવા માટે, બધી ઘડી એ જુકિત—૧૦૪૪
ભરમાવી મુને નાખી, રોજાની રઢ લાગી
સાહેબ પાસ જઇને, આજ્ઞાએ મેંજ માગી—૧૦૪૫
ગાડી લઇને સાથે, નોકર બેય આવ્યા
હતો વિરાગ મુજને, તજી બધીતી માયા—૧૦૪૬
ના વહેમ કાંઈ તેથી, આવ્યો ન દીલ જેથી
ગાડી હંકારી પાપી, ઉતારી મુકી આઘી—૧૦૪૭
બીજા વધુ ત્યાં આવ્યા, ઈજ્જત લેવાને મારી
અતીસે ત્રાસ થાતાં, બુમો ઘણીય પાડી—૧૦૪૮
મહાજન જતાતા રસ્તે, આવી છોડાવી તેણે
ઉપકારી નર એતો, સોંપી છે આંહી જેણે—૧૦૪૯
ભગનીનું દુખ ભાળી, ભાઇ ઘણું છે રડતો
અરેરે બેન તારે, માથે સીતમ ગુજરતો—૧૦૫૦
સુખી ન થઇ જરીએ, આ માત પેટ આવી
સુખનો ન દીન દીઠો, બુરૂ ઘડેલું ભાવી—૧૦૫૧

નિર્ભાંગી ભાઇ તારો, પુરો બન્યો હત્યારો
દુ:ખમાં તું દીન કાઢે, રહું સુખી હું દહાડે—૧૦૫૨
હવે એની તું આંહી, જીવન બધું ગુજારે
સુખી તું જાત જોઇ, શાંતિ વળે તો ત્યારે—૧૦૫૩
સુણી સતી ત્યાં બોલી, ઓ ભાઇ દીન કાઢું
પણ ભાગ્ય મુજ લખીયું, વીઘન આવે આડું—૧૦૫૪
ખબર ન દેશો કંઇએ, મારી હવે તો ભાઇ
ઉપવાસ વ્રત કરીને, જીવન તજીશ ભાઇ—૧૦૫૫
નિર્ભય સતી તો થઇને, રહી છે ઘેર ભાઇ
ગમન દીનો ત્યાં કરતી, ફીકર નથી ત્યાં કાંઇ—૧૦૫૬
ભાભીનો ભાવ ભુંડો, સતી પરે એ રહે છે
અનાથ જાણી તેને, કટુ તે વેણ કહે છે—૧૦૫૭
સહન બધું એ કરતી, દુખેથી દીન કાઢે
વિચારે વામા વળતી, ના વેણ મુખ કાઢે—૧૦૫૮
રઝળતી આવી આજે, પગલાં તું કાળાં લઇને
હરામનું ખાવા આવી, ભાભી કે'ગાળ દઇને—૧૦૫૯
સહન સતી તે કરતી, ના વેણ તે ઉચરતી
કંકાસ થાય તેથી, ઘણી રહે છે ડરતી—૧૦૬૦
ના ભાઇને કહેતી, ના નામ તેનું લેતી
દુખે નીભાવ કરતી, બધુંય દુખ સ્હેતી—૧૦૬૧

ટાઢું અજીઠું આપે, બમાણું તે કામ સોંપે
સતી ઉઠાવે દુઃખે, અશક્ત તન ભુખે—૧૦૬૨
સતી બધુંય સમજે, દયા ન હોય તેને
મનમાં ન લાગે જેને, પરની જણેલી જેને—૧૦૬૩
હિન્દુ સંસાર માંહે, એ રીત ચાલી આવે
ભોજાઈ નણંદ જો ભાળે, તો કાળ જાણે આવે—૧૦૬૪
સાસુને વહુ કેરી, એવી તો રીત ચાલે
વીતી બધી એ જાણે, પડી જો હોય પાળે—૧૦૬૫
એ રૂઢીના પ્રભાવે, સતીને દુઃખ આપે
ના ભાઇ કાંઇ જાણે, તે અંદરે દબાવે—૧૦૬૬
દુર્બળ શરીર તેનું, દુઃખ માંહી છે ડુબેલું
થાતું એ કૃષ જાતું, દુઃખ માંહી એ ડુબેલું—૧૦૬૭
ઉપરથી દુઃખ આપે, ભાભી વળી સંતાપે
ભાઈ વળી તે પુછે, તપે તે બેન તાપે—૧૦૬૮
દુઃખી તું કેમ થાતી, દીને દીને સુકાતી
શું દર્દ કાંઇ થાતું, ના બેન એ શરમાતું—૧૦૬૯
વદી સતી ત્યાં એવું, ના ભાઇ કાંઇ એવું
સૌ દેહ દંડ થાએ, છે તન માટે જેવું—૧૦૭૦
વળાવી વીર મનડું, સતી રહી છે દુઃખે
ભાભીનો રોષ અહીંઆં, ભરાય પેટ ભુખે—૧૦૭૧

ચરીત્ર સ્ત્રીનું ભુડું, ન કોઇ તેને પહોંચે
વિરંચી વિષ્ણુ સરખા, ન કોઇ તેને પહોંચે—૧૦૭૨
વિક્રમ સરીખા હાર્યા, ધાર્યા ન પડયા પાસા
મહેલો તજાવી રૂડા, જંગલ વસાવ્યા વાસા—૧૦૭૩
અંતર ન તેનું કોઈ, નહિ પીછાંણી શકતું
છે પાપ કાળ ભરીયું, ન જાણી કોઇ શકતું—૧૦૭૪
હતી સતીની ભાભી, પુરી પ્રભાવ વાળી
ભર્યો તો કાળ રોમે, ન બુધ્ધિ તેની સારી—૧૦૭૫
ચરિત્ર કીધું તેણે, સતીને દુર કરવા
પતીની પાસ તેણે, લાગી જઇ ઉચ્ચરવા—૧૦૭૬
પતિ શું ઉંઘ ઉંઘો, કપાય નાક આતો
તમ બેન લાવી ઘાલી, કરી ઘણી દયા તો—૧૦૭૭
ઉંધું તે તેણે કરીયું, કલંક માથે ધરીયું
તે ચાલ ખોટી ચાલે, કલંક ચોટયું ભાલે—૧૦૭૮
ફીકાશ તેના અંગે, જુવોને આજ મારી
મોઢે ચઢીને મુજને, કહ્યું કે ભાભી મારી—૧૦૭૯
અમલ રહ્યા છે મુજને, કહ્યું તેદુઃખ મારે
વાતો બધે એ થાએ, રે હોય જો અત્યારે—૧૦૮૦
સાચું કહ્યું આ મેં તો, ઉપાય તેનો લેજો
ના લાડ કાંઇ કરશો, બે વાનાં તેને કહેશો—૧૦૮૧

મોહને વાત સુણી, દીલ માંહી ક્રોધ વ્યાપો
સતીનું તન જોઈ, નક્કી વિચાર વ્યાપો—૧૦૮૨
સતીની પાસ તેણે, તાત્કાળ જઈને જોયું
અતિશે કાળ વ્યાપ્યો, છે ધૈર્ય તેણે ખોયું—૧૦૮૩
પુછી ન વાત કંઈ, છે માર દેવા માંડયો
વિસ્મય સતીને થાતું, આ શો ભવાડો માંડયો—૧૦૮૪
ઓ ભાઇ કેમ મારો, શું દોષ છેજ મારો
થઈ જો ભૂલ મારી, તો જીવથીજ મારો—૧૦૮૫
જ્યાં વ્હાર ત્યાંથી આવી, આ ખુમ ભાઈ મારા
જીવે ન એક દહાડો, બીચારી આજ બાળા—૧૦૮૬
રડી અતીશે કકળી, અનાથ એજ બાળા
દયા વસી ત્યાં તેને, તજી ગયો તે બાળા—૧૦૮૭
અહીંઆં ભાભીએ જ્યારે, પ્રસરી વાત ગામે
સતી વિચારી વાતો, અતિશે ત્રાસ પામે—૧૦૮૮
અફવા ઉડી છે ગામે, સતીની ખોટી રીતે
વાતો સુણીને એવી, ચરર થાય ચીતે—૧૦૮૯
બળ્યું તે ઘર જ્યારે, વનમાં સીધાવ્યા ત્યારે
વનમાં એ આગ ઉઠી, વિધાતા આજ રૂઠી—૧૦૯૦
સતી વિચારે મનમાં, અરર હાય આ શું
વાતો વિવિધ થાતી, ના ચીતમાં સમાતી—૧૦૯૧

સતી ભરાઇ ઘરમાં, દર્શને તે ન જાએ
કીર્તન કથાએ મુકયાં, અદકા ઉચાટ થાએ—૧૦૯૨
જુઠી આ વાત જગમાં, અદકો પ્રચાર પામી
અરેરે કોઇ તેમાં, જુએ ન કાંઇ ખામી—૧૦૯૩
આપઘાત હાય કરવો, વિના ઉપાય બીજો
નથી ય મારા માટે, એકે ઉપાય બીજો—૧૦૯૪
મરવું તો શાને ડરવું, ખુશી થઇને કરવું
પંચાત બીજી ત્યાગી, પ્રભુનું ધ્યાન કરવું—૧૦૯૫
સતીએ આમ જાણી, લાવી તે દોર જાડો
ગાળો કરીને નાખ્યો, જોઇને પાટ જાડો—૧૦૯૬
ટેબલ મુકીને નીચે, ઉપર ચઢી તે બાળા
અરર હાય આજે, બુજાવે દીલ લાળા—૧૦૯૭
ફાંસો ગળામાં નાંખી, બોલી એ બોલ બાળા
પ્રભુ તું ખોળે લેજે, મુને તું સ્હાય દેજે—૧૦૯૮
વિનંતી એવી કરીને, પડવા તે જાય નીચે
અવાજ ગેબી તેવો, સતીને કાન સીંચે—૧૦૯૯
સતી સબુર કરજે, હત્યા તું નવ કરજે
હત્યાથી જીવ જાશે, કલંક ના ધોવશે—૧૧૦૦
દુનીઆ તો ભુંડું ગાશે, ના શ્રેય તારૂં થાશે
માટે સતી તું સાંભળ, આજ્ઞા પ્રભુની એવી—૧૧૦૧

હજુય દુખ સહેજે, સતી તું સાચી દેવી
આખર પ્રકાશ તારો, થશે તું દેવી જેવી--૧૧૦૨
દુશ્મનો દુર થાશે, વિજય તારો ગાશે
તુને તે પાય લાગે, આવે એ કાળ આગે--૧૧૦૩
માટે તું ધીરજ ધરજે, સાહસ ના તું કરજે
કંઠેથી કાઢ ફાંસો, સાબુત રાખ વાંસો—૧૧૦૪
સુણીને ગેબી વાણી, કૃપા સતીએ જાણી
પ્રભુની સહાય મારે, મરૂ હું શાને ત્યારે—૧૧૦૫
કહીને ફાંસો કાઢયો, છોડી એ દોર નાંખ્યો
સતી એ બેઠી ઝુરે, ધીમા ધીમા એ સુર—૧૧૦૬
આરામ અહિંઆં લ્યોને, વાચક અરે ઓ મારા
કઠલાલકર કહે છે, કથાના ભાગ સારા—૧૧૦૭
વિવિધ રસ પુરાણા, આગળ કથીશું હાથે
બાહેર એ ભાગ પડતાં, વાંચી વિચારો ભાવે—૧૧૦૮

સોળ વરસની સતિ

અને

નવ વરસનો પતિ

ભાગ ૧૭-૨૦

રાગ-બારમાસી.

સતી તો એમ રડતી, દુનીયાથી એહ ડરતી
આંખેથી આંસુ ભરતી, વિવિધ વીચાર કરતી—૧૧૦૯
વાણી વિભુની સુણી, મુલત્વી રાખ્યું મરવું
છતાં ન કાંઇ સુઝે, હાય હવે શું કરવું—૧૧૧૦
પાપી પ્રપંચી લોકો, પાડે બજારે પોકો
સતીના વીર હઈયે, લાગે અતીશે ધોકો—૧૧૧૧
અહિંયાં સતીની ભાભી, ખટપટ અતીશે કરતી
મોહન તણા તો દીલમાં, ભુસું વધારે ભરતી—૧૧૧૨
ચંચળ-બેસીશું આમ રહેશો, દીલે ન કાંઇ લેશો
અપવાદ વ્હોરી લેશો, દુનીઆને શુંય કહેશો—૧૧૧૩
કાળું આ કૃત્ય બેને, કીધું તે શાંખી રહેશો
દુનીઆં પૂજેતી કરશે, જવાબ સુંય દેશો—૧૧૧૪

મોહન મુઝાતો મનમાં, નારીના વેણુ સુણી
મોહન–અતિશે ખેદ ધારી, વદ્યો વળી તે વાણી—૧૧૧૫
પ્યારી એ વાણી તારી, ગળે ઉતારી ધારી
વિચારી વાત સારી, સુજે ન એકે બારી—૧૧૧૬
કરવું શું હાય હાવે, અતિ વિચારી આવે
પાપણી બેન મારી, કુકર્મી એજ નારી—૧૧૧૭
આપે સલાહ સારી, એવું ન પાસ મારી
ઇજત અરેરે એથી, જાએ અત્યારે મારી—૧૧૧૮
ચંચળ–થઇને મર્દ આજે, આશા વચન ઉચારો
ડરકણુ સ્વભાવ ધારી, શું હામ આમ હારો—૧૧૧૯
અબળાની જાત મારી, છતાંય હામ રાખું
પુછે જો કોઇ મુજને, સીધો ઉપાય દાખું—૧૧૨૦
બોલાવો કોઈ એવો, તમારો મિત્ર હોયે
તેની તો સાથ તેને, મુકો ધકેલી જોયે—૧૧૨૧
બચો બધીય વાતે, સુખનો સંભવ તેમાં
વળી ઉપાય બીજો, બતાવું સુખ જેમાં—૧૧૨૨
કરો ને ખુન તેનું, ગણો ન પાપ જેવું
લંપટ છે રાંડ તેથી, ગણો ન પાપ તેનું—૧૧૨૩
ઉપાય જે બતાવ્યા, કરો તમારે ફાવે
વદી ભોળા ભાવે, કહીશ હું ના હાવે—૧૧૨૪

છુટકારો કરોને એનો, નહી તો ન સારૂ થાશે
હુ તો જઇશ મારે, થવાનું તેહ થાશે—૧૧૨૫
કર્તા-નારીનાં વેણ સુણી, મોહન વિચાર કરતો
ઉપાય લેવો કેવો, ચોક્કસ ન એક જડતો—૧૧૨૬
મોહન મુંજાયા ભારે, ચંચળ કરે શું ત્યારે
અનેક દાવ ખેલે, સતીને આળ મેલે—૧૧ ૭
ચંચળે ધારી લીધું, પતીથી કાંઈ ન થાએ
અરેરે ત્યારે આ તો, શી રીતે સાલ જાએ—૧૧૨૮
ચંચળ ચતુર નારી, સ્વભાવની સારી
ઈર્ષાળુ મન તેનું, વખણાય ગામ જેહ—૧૧૨૯
પોંચેલી સર્વ વાતે, તે મર્દને હઠાવે
અબળાનું અંગ તેનું, પણ મર્દ હામ લાવે—૧૧૩૦
પતીને પૂછ્યા વિના, બોલાવી લાવી નરને
પ્રતાપ નામ તેનું, સુણાવી વાત તેને—૧૧૩૧
મોહન બોલાવ્યો પાસે, બધીય વાત કીધી
સતીનું ખુન કરવા, વાતો મળીને કીધી—૧૧૩૨
પ્રતાપ પુરો પાપી, પંકાય એજ આપે
કર્મો એ કુડાં કરતો, ડરતો ન કોઇ પાપે—૧૧૩૩
મોહન-આશા અનેરી આપી, મોહને દામ કેરી
થશે જો કામ મારૂં, થેલી દેઉં ભરેલી—૧૧૩૪

માટે એ ભાઇ મારા, જાણે ન કોઇ આતે
રાણીને તેવી રીતે, છુપી બધીય વાતો—૧૧૩૫
ઇનામ દઇશ સારૂ, થશે જો કામ મારૂં
કરીલે વીચાર વારૂ, દારીદ્ર ફીટે તારૂ—૧૧૩૬

પ્રતાપ—પ્રતાપે વાત સુણી હર્ષે ભરાયો તે તો
પહેલાંનુ વેર વાળુ, આવ્યો છે દાવ આતો—૧૧૩૭
અનેક રીતે પહેલાં સંતાપ્યો મુને એણે
અતિશે લાંચ ખાધી, દુભાવ્યો કુર વેણે—૧૧૩૮
તેવે દાવ ન ચુકુ, હું જીવતો ન મુકુ
પુરો પછાડી નાંખુ, ના કાંઇ બાકી રાખુ—૧૧૩૯
વદયો તે હોંસે એવું, મોહન ભાઇ એ શું
તમારે માથે આવ્યુ, સંકટ અનેરૂ એ શું—૧૧૪૦
ધીરજ રાખો ધારી જુઓ શાબાશી મારી
ન આંચ ઉની આવે કરૂ એ કામ ભાવે—૧૧૪૧
હનુમાન કેરૂ દેવળ, બંદર વિશે તે આવ્યૂં
શ્રીફળ લઇને ત્યાંતો મોકલજો એજ ફાવ્યું—૧૧૪૨
વગે કરીશ ત્યાં તો, પછી ન પત્તા લાગે
સાવધપણેથી રહેજો, જોખમ મુને ન લાગે—૧૧૪૩

મોહન—મોહન વદયો ત્યાં વાણી ફીકર ના રાખ વીરા
ન આવે આંચ ઉની થાઓ નહી અધીરા—૧૧૪૪

જરૂર કાલે આવે, મુજ બેન સંધ્યાકાળે
ઠેકાણું તમે કરજો, ના ઘર મુજ ભાળે—૧૧૪૫
વારૂં કહી ને વળીઓ, પ્રતાપ ઘેર પોતે
એમ દીન એક વીત્યો, સતીની રાહ જોતે—૧૧૪૬
દિવસ બીજાની આવી, એ કર્મ હીણુ સંધ્યા
મોહન ભોળે ભાવે; પ્રભુને પ્રેમ વંદયા—૧૧૪૭
મોહન મન વિષે, સદગુણુ છે ભરેલા
ન ક્રુર આવા ધંધા, ન કોઇ દી કરેલા—૧૧૪૮
છતાંય આજ આ શું, મોહન હાથ બનતું
સંસ્કારી દીલ તેનું, રહે ઘણુંય ડરતું—૧૧૪૯
નડે છે ફક્ત નારી, ઘડીમાં જીવ કાઢે
ડરે તે ફક્ત જેથી, સામરાજ્ય જેનું ચાલે—૧૧૫૦
અરે આ જગત વિષે ભોળા નરોના ભાગ્યો
દોરવાય નારી દોરે, જીવન બગાડે આગે—૧૧૫૧
સદગુણ એના સડતા વિવેક એના બળતા
નારીના સુર આગળ ભોળા કુટાઇ મરતા—૧૧૫૨
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, અંધો બનાવે નરને
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, ખર ગણાવે નરને—૧૧૫૩
સમરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, રાત્રીએ સુર ઉગે
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, મનાવે ભુખે સુગે—૧૧૫૪

સામરાજ્ય જ્યાં સ્ત્રીનું છે, ધીરજ ધીરાઓ ચુકે
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, માઝા મહાન મુકે—૧૧૫૫
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, સદગુણ જાય સરવે
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, કૃત્ય કુડાં એ કરાવે—૧૧૫૬
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છે, સેતાન થાય સાધુ
સામરાજ્ય સ્ત્રીનું જ્યાં છેઃ પાપી પુજાય પાદુ—૧૧૫૭
મોહન કેરા ઘરમાં, સામરાજ્ય સ્ત્રીનું એવું
મોહન પ્રતાપી તો એ, જીવન ન ભાવે એવું—૧૧૫૮
સ્ત્રીના કહ્યાથી તેણે, પવીત્ર બેન ત્યાગી
અંધો થઇને તેણે, જોયું ન હોય જાગી—૧૧૫૯
વાંચક વિચારો અહીંઆં, મોહને કાર્ય કીધું
ન દોષ એને આપો, નવું ન એણે કીધું—૧૧૬૦
જુવોને શાસ્ત્ર દ્રષ્ટે, અનેક ઠામ ભાળ્યું
કૈકેયી કેરા વચને, દશરથે નામ રાખ્યું—૧૧૬૧
કુરંગ કેરી કાજે, સીતાએ રાડ કીધી
ચરિત્ર સ્ત્રીનાં કરીને, વિપરીત બુદ્ધિ કીધી—૧૧૬૨
સ્ત્રીએ ચઢાવી માર્યો, રજપુત લક્ષ કોટી
પાયમાલ રાજ્ય કીધાં, ખુવારી કીધી મોટી—૧૧૬૩
થયું જ્યાં આવું આવું, મોહન વિશાત ત્યાં શી
નારીના મોહ આગે, ગણુતી સતીને ત્યાંથી—૧૧૬૪

પડી અઘોર સંધ્યા, સતીની હાય આજે
ભાવીએ લેખ દેવા, ઘડયા સતીને કાજે—૧૧૬૫
નિરદોશ એ જે નારી, ન જાણતી એ કાંઇ
ભાભીના દુઃખ માટે, તઇયાર તે ન કાંઇ—૧૧૬૬

રટણ પ્રભુનું કરતી, બીજુ ન તે ઉચ્ચરતી
ઘરમાં ભરાઇ રહેલી, વાણી કટુ એ સુણી—૧૧૬૭
એ આભ તુટયુ તેને, નિરદોષ એ છે તોયે
વિશ્વાસ ધારી પ્રભુનો, વિતાવે દીન તોયે—૧૧૬૮

આવી અઘોર સંધ્યા, મોહન વિચાર કરતો
અરેરે હાય મારે, વીધીનો યોગ નડતો—૧૧૬૯
સગી છે બેન મારી, ઘણી પવિત્ર સારી
પ્રભુ શું આ ગુજારી, ગણાવી તેં હત્યારી—૧૧૭૦
હવે ન એક આરો, નક્કી વીચાર મારો
તજીને ભાવ મારો, બુજાવું દીલ લ્હાવો—૧૧૭૧
અંધારૂ પુર પડીયું, મોહન ગયો છે ઘરમાં
ગંગા કહી ને તેણે, ઘાંટો દીધો છે ઘરમાં—૧૧૭૨
બેઠીતી એક ખુણે, ગંગા બીચારી રડતી
વીરાનો સાદ સુણી, લાગી છે ભારે ધરતી—૧૧૭૩
મોહન કેરા વચને, બંધુત્વ ભાવ નહોતો
મોહન કેરા વચને, કરોધીત્વ ભાવ હોતો—૧૧૭૪

ગંગાએ જાણ્યું મનમાં, વીરાને ક્રોધ વ્યાપ્યો
જાણ્યું કે ભાભી ભુંડી, વીરો સંતાપ્યો—૧૧૭૫
મોહનનો સાદ સુણી, ગંગા વદી વીચારી
કહોને ભાઈ શું છે ! વાણી મૃદુ ઉચારી—૧૧૭૬
કૃતિમ રોષ દાબી, મોહન વદયો ત્યાં વણી
અરેરે બેન મારી, દીધું મેં દુઃખ જાણી—૧૧૭૭
વીરાની મીઠી વાણી, ગંગાએ સુણી જ્યારે
આનંદ અંગ વ્યાપ્યો, હર્ષે ભરાણી ત્યારે—૧૧૭૮
વદી પછીથી વાણી, વીરા ન દોષ તારો
વીધીએ લેખ લખીયા, તેમાં શું થાય ધારો—૧૧૭૯
વિચાર સારો સુજ્યો, જાણીને હર્ષ પામુ
નહી તો અતિશે કષ્ટે, ધાર્યું તું હું વીરામું—૧૧૮૦
વીરા છે ઓથ તારી, હાંસી શું થાય મારી
હવેથી વીરા મારા, વિચાર રાખ સારા—૧૧૮૧
મોહન વદયો ત્યાં વાણી, હવે ન એમ થાએ
આજે તું બેન મારી, કામે કદાપી જાએ—૧૧૮૨
છે કામ એક મારૂં, કરી ત્વરાથી આવો
હનુમાન કેરી બાધા, આજે કરીને આવો—૧૧૮૩
રાખીતી તારા માટે, રહું તું જીવતી જેથી
વીધીએ તારા હાથે, કરાય ઠીક તેથી—૧૧૮૪

તઇયાર થા તું હમણાં, શ્રીફળની સાથ દીવો
લઇને સીધાવો ત્યાં તો, એની ન કાંઇ બીવો—૧૧૮૫
ગંગા સુણી વિચારે, કૃપા વીરાની પામી,
હા ના કરીશ કાંઇ, તુચ્છકાર પામું સામી—૧૧૮૬
ભલેને ભાઇ લાવો કરી, આવું કામ એ તો
પ્રતાપ તારો ભાઇ, ન કર કદાપી છે તો—૧૧૮૭
મોહને તર્ત ત્યાં તો, શ્રીફળ ને દીપ આપ્યાં
સતીએ ત્યાંથી સ્નેહે, પગલાં ત્વરાથી માપ્યાં—૧૧૮૮
અંધારૂં પુરૂં પડીયું, ના મુખે મુખ સુજે
સતીના ચર્ણ ડરથી, અરેરે હાય ધ્રુજે—૧૧૮૯
સંધ્યાયે થાકી થાતાં, રાત્રીનું રૂપ લેતી
નિર્જન તમામ રસ્તા, નીહાળી નાથ બીતી—૧૧૯૦
કષ્ટાળુ દેહ તેની, તેથી એ રહેતી ચાલી
આવી અનેક રાતો, વીતાવી ગણતી ચાલી—૧૧૯૧
એકલી અંગ ધારી, વિચાર કરતી ભાવી
વિતાવ્યું ગામ એવે, પાદર વિશે તે આવી—૧૧૯૨
ચાલી તે પુર પાટે, હનુમાન કેરા હાટે
ડરવું તે શાને માટે, ધારી તે જાય વાટે—૧૧૯૩
દેવળ નિહાળ્યું દુરથી, સતીને હામ આવી
કરીને બાધા હાવે, પાછી વળું નીરાંતે—૧૧૯૪

દેવળની પાસ આવી, નિર્જન બધુંય લાગ્યું
અબળાનું અંગ જેથી, ડરવા તે કાંઇ લાગ્યું—૧૧૯૫
દેવળ અતીશે ભારે, વિશાળ ચોક માંહે
પાણીનો હોજ વચ્ચે, સુંદર રસોઇ ત્યાંહે—૧૧૯૬
દર્શન નિમિત દીને, લોકો હજાર આવે
હનુમાન દાદા કેરૂં, દેવળ એ પંકાવે—૧૧૯૭
સતીએ દ્વાર ખોલ્યું, ધીમેથી માંહી પેઠી
મેદાન માંહી ભાળી, અંતરે બીક પેઠી—૧૧૯૮
છતાંય હામ રાખી, આગળ વધી તે નારી
દેવળના દ્વાર પાસે, આવી ઉભી તે નારી—૧૧૯૯
વિચારી વામા વળતી, દેવનું દ્વાર ખોલો
નારી ઉભી તું રહેને, પાછળથી કોઇક બોલે—૧૨૦૦
પડઘો સતીને લાગ્યો, ભીષણ એ નાદ લાગ્યો
અબળા ત્યાં દીનવદને, પાછું વાળીને જુવે—૧૨૦૧
અંધાર ભાગ વિશે, નિહાળી નારી જ્યારે
નીરખે છે નર ત્રણ તો, સતી ગભરાય ત્યારે—૧૨૦૨
દગો શું આજ આ છે, નિહાળું શું આ નયને
પ્રભુ શું બાકી રાખી, પુરૂ તે વેર લઇને—૧૨૦૩
ભાઇના કરેલા કૃત્યો, આગળ તે આજ આવે
દગો આ તેણે કીધો, સુખી તે તેથી કહાવે—૧૨૦૪

પ્રભુજી તુજ બેલી, હું અબળા અકેલી
લજ્જા તું નાથ રાખે, શશી રવીની સાખે—૧૨૦૫
અંધાર ભાગમાંથી, નર તો ત્રણેય આવ્યા
સતીના સામા ઉભા, સાક્ષાત યમ જેવા—૧૨૦૬
બોલ્યા છે ત્યાંતો, વાણી, સતી પધાર્યા શાણી
બુરી તમારી કહાણી, આવ્યા શું આંહી જાણી—૧૨૦૭
ઉતારો વસ્ત્ર અહીંયાં, પ્રભુને વળતી સમરો
હમણાએ નાશ તારો, અહીંયાં એ થનારો—૧૨૦૮
સતીએ શ્રેય માન્યું, પોતાના નાશ માંહી
અતીશે દુઃખ માંહી, જીવવું ન સારૂં આંહી—૧૨૦૯
સતી વદી ત્યાં વાણી, હરખાઉં વાત જાણી
મરવાને હું ઈચ્છું, હરખાઉં વાત જાણી—૧૨૧૦
ચલાવો શસ્ત્ર પ્યારા, આશીશ એજ આપું
દુખીઓ આ દેહ છોડી, પ્રભુજી પંથ માપુ—૧૨૧૧
તમારૂં શ્રેય કરશે, પ્રભુજી એજ પ્યારો
દુખીઆરો દારા કેરો, સુખી કરો જનમારો—૧૨૧૨
વીરા વીચાર કાંઈ, કરવાનો નથી હા ના
ખુશી થઈને કહું છું, તો તો વિચાર શાના—૧૨૧૩
માળા આ હેમ કેરી, ઉતારી લોને પહેલી
કહીને માળ આપી, સતી બની છે ઘેલી—૧૨૧૪

ચંડાળો ચીત્ત ચોંકે, સતીની હામ દેખી
મરવાને ખુશ આજે, રાતીને ત્યાંજ દેખી—૧૨૧૫
ચંડાળ વિચાર કરતા, કરવું શું આંહી હાવે
દારાને દેખી આજે, દયા જરા તો આવે—૧૨૧૬
ચંડાળ ચરણે પોતે, ઝુકાવ્યું શીર જોતે
વીરા વધેરો આજે, કહું છું પ્રભુને કાજે—૧૨૧૭
વદે સતી ત્યાં એવું, ચંડાળ દીલ ફરતું
નારી સલુણી સારી, ઇચ્છે છે એજ મરવું—૧૨૧૮
કોમળ છે તેની કાયા, કરી પ્રભુએ કેવી
જોવાથી આજ તેને, લાગે છે કોઇક દેવી—૧૨૧૯
જરા ન જીવ ચાલે, હણવામાં આને આજે
માટેજ મુકત કરવી, પ્રભુને એજ બાને—૧૨૨૦
વદ્યા ચંડાળ વાણી, ઉભી તું બેન થાને
અમો વિચાર કરીયો, જીવતી અહીંથી જાને—૧૨૨૧
કરતાં પ્રહાર તુજને, અમોને પાપ લાગે
દેવી સમાન તું છે, અમોને શ્રાપ લાગે—૧૨૨૨
માટેજ અહીંથી આજે, ત્વરાથી નાશી જાને
દુખોથી મુક્ત થઇને, પ્રભુના ગુણ ગાને—૧૨૨૩
સતીએ સુણી વાણી, ઉગાર્યાં પ્રભુ એ જાણી
હરખાણી એજ હેતે, પાછી વળી તે જોતે—૧૨૨૪

ભૂલ્યા ચંડાળ બીજું, સતી બોલાવી પાછી
વસ્ત્રો બધાંય માગ્યાં, યુક્તિ બતાવી પાછી—૧૨૨૫
પુરૂષ વેષ આપ્યો, સતિનાં વસ્ત્ર લીધાં
નરનાં સતીને વસ્ત્રો, પહેરાવી ત્યાંજ દીધાં—૧૨૨૬
સતી વિદાય કીધી, પોતે વિદાય લીધી
ચંડાળે ચીત્ત ધાર્યું, સંપીને એ વિચાર્યું—૧૨૨૭
જવું તે ઘોરો વાટે, તાજી ચણેલી જોઈ
તોડીને ઘોર તો તે, જાણે ન તે તો કોઈ—૧૨૨૮
મડદુ માંહેથી લેવું, વસ્ત્રો આ સર્વ ધરવા
ઓળખાય ન અંગે તેવાં, નિશાન સર્વ કરવા—૧૨૨૯
વિચારી એવું પોતે, ગયા નિશાએ જો તે
તાજીજ ઘોર ખોદી, કાઢી છે લાશ ત્યાંથી—૧૨૩૦
વસ્ત્રો સજાવ્યાં સરવે, સતીનાં લાવ્યા સાથે
જખમ ઘણાય કરીને, ઉપાડી લાશ માથે—૧૨૩૧
મોહનના ઘરની પાછળ, ઉતારી લાશ તે તો
યુક્તિ જો તેને દાટી, જાણે ન કોઈ તે તો—૧૨૩૨
વળી હથીઆર છુપાં, મુક્યાં ત્યાં બીજે ઠામે
ચંડાળ આવું કરીને, સીધાવ્યા નીજ ગામે—૧૨૩૩
મોહન સવારે ઉઠે, નહી સતીને દેખે
આનંદ રંગ વ્યાપ્યો, મહેનત આવી લેખે—૧૨૩૪

પંચાત સર્વ છુટી, નીરાંત વાળી બેઠો
હુવે ન ગાય વાતો, મટી ફજેતી આ તો—૧૨૩૫
વિચારી વાત એણે, ઉડાવી વાત એવી
જાત્રાએ બહાર ગઇ છે, ગંગા થવાને દેવી—૧૨૩૬
મહાજન જતુંતું મોટું, તે સાથ તે તો ગઇ છે
સંગાથ સારો જોઇ, આ જ્ઞાન લેવા રહી છે—૧૨૩૭
ગામે પ્રસારી એવી, વાતો અનેરી આજે
લોકોને તેની કાંઇ, પડી તે હોય શાને—૧૨૩૮
એ રીત દીન વીત્યા, દશેક શાન્તિ દાતા
પછીથી વાત ફુટી, ચર્ચાય ગામ બાધા—૧૨૩૯
વદે છે કોઇ એવું, ગંગાનું લગ્ન કીધું
કોઇ કહે છે એવું, ગંગાને ઝેર દીધું—૧૨૪૦
કોઇ કહે છે એવું, ગંગાને મારી નાંખી
કોઇ કહે છે એવું, વાતો ખોટી દાખી—૧૨૪૧
અનેરી આમ વાતો, વાયુના વેગે ફરતી
આધના સ્વરૂપી દુનિયા, ખરી પરીક્ષા કરતી—૧૨૪૨
જાણીને દાવ સારો, અહિંયાં પ્રતાપ ચલ્યો
ફોજદાર ઘેર જઇને, મુદ્દો બધોય આપ્યો—૧૨૪૩
પછીથી આવ્યો તે તો, મોહન ઘેર મળવા
મીઠાશ રાખી મનમાં, વાતો તે બેઠો કરવા—૧૨૪૪

અરેરે ભાઈ આજે, અનેરી વાતો થાએ
સાવધપણે તો રહેજો, ઈજત બધાંની જાએ—૧૨૪૫
કરતાં એ કામ તારૂં, મારૂં ન મુળ જાએ
સંભાળ તેની રાખો, પછી થવાનું થાએ—૧૨૪૬
મોહન વદ્યો ત્યાં વાણી, વીરા ન બીક રાખો
ફીકર તજોને તેની, હૃદયે તે હામ રાખો—૧૨૪૭
થાએ ન કાંઈ એમાં, ફીકર કરો છો જેમાં
દીવસ ગણાય વીત્યા, વળે હુવે ન તેમાં—૧૨૪૮
પ્રતાપ એવી વાતો, કરી ત્વરાથી ઉઠ્યો
મોહન મન ચોકખું, હજુ ન ભેદ તુટ્યો—૧૨૪૯
મોહન નીરાંત વાળી, બોલાવી નારી પાસે
વાતો મજેની કરતો, અનેરી આજ આશે—૧૨૫૦
આનંદ અતીશે જામ્યો, નારીની સાથ વાતે
જોતાં ન જાણે કોઈ, દુ:ખીયાં ન કોઈ વાતે—૧૨૫૧
એવામાં દ્વાર પાસે, પોલીસ આવી ઉભો
મોહને જોઈ તેને, પુછે તું શાને આવ્યો ?—૧૨૫૨
વદ્યો પોલીસ વાણી, હમણાં બધુંય જાણો
હું છું તમારા જેવો, અંદેશ ન ઉર આણો—૧૨૫૩
શાંતી એ સર્વ આપી, પોલીસ ઉભો ત્યાં તો
બીજાય બધાય આવ્યા, થોડીક વારે ત્યાં તો—૧૨૫૪

ફોજદાર સાથ આવ્યા, ઘરને ત્યાં ઘેરો ઘાલ્યો
મોહનને નારી સાથે, બાહેર તર્ત કાઢયો—૧૨૫૫
પેરામાં તેને રાખ્યો, મળવા ન કોઈ દેતા
મોહનને આમ જોઈ, કોઈ કશું ન કહેતા—૧૨૫૬
પોલીસને આજ પુરી, બાતમી મળી છે જેથી
તપાસ થોડી કરતા, ખોળી તે કાઢયું તેથી—૧૨૫૭
ખોદાવી લાશ કાઢી, હથીયાર સર્વ કાઢયાં
લાવીને બહાર તેને, મોહનને દૃષ્ટે પાડયાં—૧૨૫૮
ચુંથાઈ લાશ ગઈ છે, નીશાની નવ રહી છે
ઓળખાય એ ના આજે, તેવી બનીને રહી છે—૧૨૫૯
વસ્ત્રો હતા જે પાસે, મોહન એજ ઓળખે
ગંગાના વસ્ત્રો જાણી, ચોધાર આંસુ આવે—૧૨૬૦
અરેરે દેવ ! આ શું ! આ લાશ અહીં કયાંથી ?
જરૂર બેન મારી, આવી આ લાશ કયાંથી ?—૧૨૬૧
દગો થયો શું પુરો, પ્રતાપે એજ કીધું
ભુલ્યો હું પાપ ભાગે, પ્રતાપે વેર લીધું—૧૨૬૨
ફોજદારે પુછયું ત્યાં તો, મોહન કહોને આજે
આ લાશ કોની કાવે, વદો એ સત્ય કાજે—૧૨૬૩
જુઠું ન બોલો જરીએ, થવાનું તેજ થાએ
જુઠું વદ્યાથી જાણો, ઇજ્જત બધીય જાએ—૧૨૬૪

મોહન વદ્યો ત્યાં વાણી, સાહેબ વાત સારી
એકલાં આ વસ્ત્ર જાણું, ઓળખાય ન લાશ સારી—૧૨૬૫
ગંગા જે મુજ બેની, જેવાં છે વસ્ત્ર આ તો
પરંતુ આંહી જોઇ, વીસ્મય ઘણોજ થાતો—૧૨૬૬
જાત્રાએ તે તો ગઇ છે, વસ્ત્રો આ કયાંથી આવ્યાં
છે સંગ સાથે સારો, તો વસ્ત્ર કયાંથી આવ્યાં—૧૨૬૭
ભગની પવીત્ર મારી, કર્યું શું ખુન કોઇ
અરેરે હાય કહીને, મોહન પડયો છે રોઇ—૧૨૬૮
ફોજદારે પંચનામુ, વીધીસરેજ કીધું
સબને તે દવાખાને, મોકલાવી તર્ત દીધું—૧૨૬૯
પાસે બોલાવ્યા લોકો, પુરાવા કંઇક લીધા
દુશ્મન હતા જે લોકો, પુરાવા ખોટા દીધા—૧૨૭૦
પુરી વીધીએ કરતાં, લોકોને દુર કાઢી
મોહનને તેની સ્ત્રીને, હાથે કડીઓ નાંખી—૧૨૭૧
ચોધાર નયને રડતો, મોહન નારી સાથે
ભર્યે બજારે ઘેર્યો, પોલીસે નારી સાથે—૧૨૭૨
સરકારી તાળાં દીધાં, મોહનને ઘેર વાસી
સગાં સંબંધી સર્વે, ભાગ્યાં એ દુર નાસી—૧૨૭૩
મોહનને જેલખાને, પૂર્યો એ ખૂન બાને
નારી છે તેની સાથે, નડયાં કરેલાં હાથે—૧૨૭૪

વાંચક વિશ્રામ લ્યોને, પછીથી પાય ધરીએ
દશા સતીની શી છે, તેનો વિચાર કરીએ—૧૨૭૫
દુખીઆરો જન્મ જેનો, ન સુખ હોય તેને
પ્રભુ દરબાર કેરો, ઘણો અન્યાય જેને—૧૨૭૬
પુરી કસોટી કરતો, તાવી એ તાપ દેતો
જેને હાથ ધરતો, પીછો એ પુરો લેતો—૧૨૭૭
ફસાય તેની માંહી, કીંમત ન કોડી કેરી
ઉલટોએ છેહ દેતો, રખડાવે શેરી શેરી—૧૨૭૮
કસોટી પાર પામે, ગમે તે તાપે તાવે
તેને પછીથી જગમાં, ઉની ન આંચ આવે—૧૨૭૯
સતીને એહ રીતે, કસોટી કંઈક કીધી
અતિશે તાપ દેતાં, વિપત્તિ કંઈક દીધી—૧૨૮૦
છતાંય તેહ બાળા, ચલિત ન કર્મ થાતી
વિપત્તિ માંહી તે તો, પ્રભુનાં ગુણ ગાતી—૧૨૮૧
અબળાનું અંગ તેનું, ખમાય દુઃખ જેને
છતાંયે જાણી જાણી, પાડ્યું પ્રભુય તેને—૧૨૮૨
અતીશય દુઃખ પડતાં, સતી કસાણી જાતે
હવે તે દુઃખ સરવે, હળવાં બધાય લાગે—૧૨૮૩
હનુમાન કેરા દેહરે, છુટી સતી જે થઇ છે
પાછી ઘેર ન જાતાં, જંગલ વિષે તે ગઇ છે—૧૨૮૪

ભીષણુ રાત નીરખી, વળી છે રાન રસ્તો
કાળી અંધારી રાતે, સુજે ન એક રસ્તો—૧૨૮૫
સતીના કેશ છુટા, રાને પડયા છે પુરા
માથે ન વસ્ત્ર રહેતું, સતીના હાલ બુરા—૧૨૮૬
આ વેષ અંગ આવ્યો, સમજીને કચ્છ વાળ્યો
થવું કો ગામ ભેગું, વિચાર એજ ધાર્યો—૧૨૮૭
અંગે ઉજરડા થાતા, ગણે ન લેશ તેને
કેકર ઉડાવે કેસે, ધારે ન દુઃખ તેને—૧૨૮૮
વટાવે રાન રસ્તો, ભૂલી તે કંઇક પડતી
રસ્તા વીના એ આવે, એકે ન સુજ પડતી—૧૨૮૯
જંગલ વિકટ આવ્યું, સતીને ભાન તેનું
જરાય હોય શાનું, બેભાન દીલ જેનું—૧૨૯૦
લાખો નીરાશા મનમાં, આશા ન એક જેને
પરવા કહોને શાની, પછીથી હોય તેને—૧૨૯૧
અતીશે રાન ગાઢું, ધ્વની બે કાંઈ થાતો
વૃક્ષો અડીને ઉગ્યાં, સંચય ન વાયુ થાતો—૧૨૯૨
હજારો જન કેરી, કુડાળી મર્ણ કેરી
લાખોના જાન લીધા, આ તો જગા અનેરી—૧૨૯૩
લુંટારૂ લોકો રહેતા, કર્મો એ ઘોર કરતા
તજીને બીક સર્વે, નિર્ભયપણે તે ફરતા—૧૨૯૪

આજે તે લોક કેરો, ઉત્સવ દીન જાણે
મલીને સર્વ બેઠા, ભોળા થયા પ્રમાણે—૧૨૯૫
અગ્ની સળગાવી વચ્ચે, આહુતી કંઇક આપે
ગુફા છે શક તેને, દેવી કરીને થાપે—૧૨૯૬
બધાય શાંત બેઠા, બોલે ન કાંઈ ત્યાં તો
સંજ્ઞાથી કાર્ય કરતા, બોલ્યા વીણ ત્યાં તો—૧૨૯૭
ખડખડાટ દૂર થાતો, અહીંયાં સુણાય તે તો
પાપીઓ પાપ મુકતી, કરતાય એમ એ તો—૧૨૯૮
અહીંઆં સતીએ ચાલી, આવે આ રાન માંહી
બીજું ન ભાન તેનું, સંભાળી ચાલે ત્યાંહી—૧૨૯૯
ચર્ણો તપાસી મુકે, નજર પણ ત્યાંજ રાખે
ધ્વની જો કંઇક થાતો, તેમાં ન દીલ રાખે—૧૩૦૦
ચાલે તે પુર જોશે, અતીશે હાલ હોંશે
આવીને પહોંચી પાસે, લુટારૂ બેઠા ખાશે—૧૩૦૧
કદમ પચીસ દુરથી, લુટારૂ દીઠા દષ્ટે
લુટારૂ તેને દેખે, ભરાયુ દુઃખ કષ્ટે—૧૩૦૨
સતી અતીશે ચમકી, ઓ હાય આ શું દેખું
ભુલી હું ભાન મારૂં, તેનું આ દુઃખ પેખું—૧૩૦૩
વાઘોની વસ્તી માંહી, આ ગાય છે ફસાણી
જીવતર ન હોય હાવે, ખુટી છે કર્મ કહાણી—૧૩૦૪

પ્રભુ શું સ્હાય દેશે, કુવે પડી હું હાથે
વિચારી હું ન ચાલી, હાવે પ્રભુ શું સાથે—૧૩૦૫
બચાવ કેમ કરવો, સુઝે ન એકે આરો
ઉપાય એક ન જડતો, તજવો આ જીવ મારો—૧૩૦૬
અહીંઆ સતી એ આવે, નિશ્ચય કર્યો છે જ્યારે
પણ લુટારૂ કેરી, વાતો શી ચાલે ત્યારે—૧૩૦૭
સતી ન ડગલુ ભરતી, ખસતી નથી એ ત્યાંથી
જડવત બનીને ઉભી, ધરે ન પાય જ્યાંથી—૧૩૦૮
લુટારૂ દેખી તેને, વિસ્મય અતિશે થાતા
જડવત ઉભેલી જોતાં, વિચાર કંઇક થાતાં—૧૩૦૯
વિચારો ધીરે કરતા, ન હોય આ કો નારી
જરૂર દેવી આવી, વરદાન આપનારી—૧૩૧૦
ઉભી છે માન લેવા, અહીંઆ ન તેથી આવે
અવસર ચુકીશું આ તો, રીસાઇ તેહ જાવે—૧૩૧૧
માટેજ સર્વ ઉઠો, જયકાર સર્વે બોલો
દેવી પ્રસન્ન થાશે, દેવીનો ભાર તોલો—૧૩૧૨
ઉઠયા સર્વ સાથે, આવ્યા સતીની પાસે
સતીએ અતીશે ડરથી, પાછા પગે તે નાસે—૧૩૧૩
વિનવે અતીશે મુખથી, દેવી કહીને બોલે
કૃપા તે માગે પુરી, એવા તો બોલ બોલે—૧૩૧૪

સતીએ ધાર્યું મનમાં, દેવી મને એ માને
ત્યારે તો ઉભું રહેવું, ડરવું હવે તો શાને—૧૩૧૫
કરવો એ વેશ પુરો, આવી પડયો જો માથે
તેમાં જો ચુક થાએ, ખમવું પડે તે સાથે—૧૩૧૬
ધારી સતી ત્યાં એવું, ઉભી છે હામ રાખી
લુટારૂ પાસે આવ્યા, અતિશે પ્રેમ દાખી—૧૩૧૭
નીચા નમાવી શીશો, પાયે સતીને લાગ્યા
ગદગદ કંઠે બોલી, વરદાન કંઇક માગ્યાં—૧૩૧૮
સતીએ ખામોશ રાખી, ખુશ રહો એ ભાખી
પછી લુટારૂ બોલ્યા, આજ્ઞા એ એક માગી—૧૩૧૯
સતી પછીથી બોલી, પુત્રો હું સત્ય કહું છું
રક્ષા તમારી કરવા, તત્પર સહાય રહું છું—૧૩૨૦
વસ્ત્રો ઘરેણાં કંઇએ, લાવ્યા જો હોય તેની
ધરોને ભેટ મુજને, ભુખી હું હાલ તેની—૧૩૨૧
પછીથી એક આજ્ઞા, તમોને આજ આપું
હમણાં તૈયારી કરવા, આજ્ઞા હું એજ આપું—૧૩૨૨
અહીંથી વીશેક ગાઉએ, મુકામ સર્વ કરજો
સંજ્ઞા ન ધારી મનમાં, ડગલું ન પાછું ભરજો—૧૩૨૩
પુરો પરોઢ થાતાં, રાજા આ રાન માંહી
લશ્કરની સાથ આવે, શીકાર માટે જ્યાંહી—૧૩૨૪

અહીંથી તમો ન જાવો, પકડાઇ નક્કી જાઓ
કહેવા હું ખોજ આવી, મારો ન ચાલે દાવો—૧૩૨૫

લુટારૂ ખુબ હરખ્યા, દેવીની વાણુ સુણી
ફરીથી ઉપાય લાગે, વાતો સતીની સુણી—૧૩૨૬

લુટારૂ હરખી પોતે, ભેટો વીવીધ ધરતા
આગ સતીની આશે, દાગીના ભેટ કરતા—૧૩૨૭

બેઠાય ભેટ મુકી, રહ્યા છે જ્યારે તે તો
રાત્રીના ચાર વાગ્યા, તાણુ અંદાજ છે તો—૧૩૨૮

પછીથી આજ્ઞા દીધી, સહુને જવાની ત્યાંથી
વેરાય તેજ રીતે, ધારેથી સર્વ ત્યાંથી—૧૩૨૯

નિર્ભય સતી તો હાવે, અહીંબ થઇ જે ઉભી
પ્રભુ કૃપાથી તેને, કોઇએ ન આંકી દુભી—૧૩૩૦

વાયુ વેગથી લોકો, થયા આદર્શ ત્યાંથી
સતી સવાર સુધી, ખસી ન જરા ત્યાંથી—૧૩૩૧

મીલકત બધી ત્યાં મુકી, પત્રો ઉપર તો ઢાંકયાં
ચાલતી તે પોતે ચાલી, ચિન્હો ઘણાય આંકયાં—૧૩૩૨

ચાલીને સર્વ દુઃખ્યા, જંગલનો પાર આવ્યો
ફુરાઆળી ભુમી આવી, સતીનો હર્ષ આવ્યો—૧૩૩૩

થયો છે શ્રમ ઓછો, શકતી કંઇક આવી
બેઠી તે શ્વાસ ખાવા, હીંમત અનેરી આવી—૧૩૩૪

થોડેક દુર ચાલી, રસ્તો સરીયામ આવ્યો
ચઢી તે એજ રસ્તે, અંદેશ ન કાંઇ આવ્યો—૧૩૩૫
પુછતી કો રાહધારી, જનો જો કોઇ જાતો
ચાલી તે જાય વાટે, અંતર ઉમળકા થાતા—૧૩૩૬
પાદર જણાયુ તેને, કો નગ્ર કેરૂ તેને
વસ્ત્રો સજીને લીધો, પડે ન કહેવુ તેને—૧૩૩૭
મલાજો સહેજ રાણી, ચાલી તે નગ્ર માંહે
ઉંચા મકાન જોતી, ચાલી તે જાય ત્યાંહે—૧૩૩૮
વજીર રાજ કેરો, તેનું મકાન જોતી
મહેનત અતીસે કીધી, કાઢયું છે ત્યારે ગોતી—૧૩૩૯
ખબર તો પહેલી આપી, આપા મળી છે જ્યારે
વિવેક સર્વ રાખી, દાખલ થઇ છે ત્યારે—૧૩૪૦
પ્રધાન આવી ઉભો, સતીને પ્રશ્ન પુછે
નારી કહોને મારૂં, એવું તે કામ શું છે—૧૩૪૧
ક્યાંથી અત્યારે આવીયાં, રહેવાનું ગામ બોલો
ડર તો બધીય ત્યાગી, બધોય ભેદ ખોલો—૧૩૪૨
સતી પછીથી બોલી, પ્રજા હું આપ કેરી
બાપુજી તેથી ધારો, પુત્રી હું આપ કેરી—૧૩૪૩
જો હું નામ આપું, અહીત તેથી મારૂ
તેથી એવુ ધારી, બાજી એજ સરૂ—૧૩૪૪

હું છું વણીક તનીયા, વિધવા જીવન ગુજારૂ
અતિશે દુખ આજે, દીલડુ બળે છે મારૂ—૧૩૪૫
કહીશ વાત પુરી, લાંબી કથા છે મારી
બાપુજી ધારી લેજો, સુણતાં છુટે કંપારી—૧૩૪૬
આશ્રય અત્યારે આપો, એટલુંજ કષ્ટ કાપો
બનતાં કરીશ કામો, ફકત અન્ન આપો—૧૩૪૭
બીજુ ન માંગુ કાંઈ, આજ્ઞા ફરમાવો બાપુ
પ્રભુ ભલુજ કરશે, આશીશ એજ આપુ—૧૩૪૮
આજ્ઞા પ્રધાને આપી, ભલે બાઇ તુ રહેજે
કરી ન વાત પુરી, સંશય એજ રહે છે—૧૩૪૯
ખુશી પડે તો કહેજે, રહેવાય તેમ રહેજે
અહીંઆ ન નામ તારૂ, કદાપી કોઇ લેશે—૧૩૫૦
પછી સતીએ ધારી, પ્રધાન એકાંત તેડયો
વળતીથી માલ કેરા, મુદ્દો બધોએ છોડયો—૧૩૫૧
જગ્યા બતાવી પુરી, હરખ્યો પ્રધાન ત્યારે
તૈયારી તર્ત કીધી, સુણી એ વાત જ્યારે—૧૩૫૨
સતીને સાથ લીધી, ગાડી કરાવી પોતે
વીશ્વાસુ જન લીધા, આવ્યા તે ઠામ જોતે—૧૩૫૩
લુંટારૂ કેરો પેલો, બધોય માલ જ્યાં છે
સતી પ્રધાન સાથે, ઉભા જઈને ત્યાંતે—૧૩૫૪

આ દ્રશ્ય પ્રધાને જોયું, અતિશે દીલ મોહ્યું
અઢળક છે માલ આતો, મોહીત મન થાતો—૧૩૫૫
સતીને શાબાશી આપી, બધોય માલ લીધો
સાથે આવેલ તેને, થોડો થોડોય દીધો—૧૩૫૬
પછીથી પુર વીશે, પાછુ પ્રયાણુ કીધું
પુત્રી સતીને કહીને, અભયદાન દીધું—૧૩૫૭
હવે સતીને અહીંઆ, ઘરમાંહી મન મળીયું
સતી કહે તે થાતું, એનું તે ભાગ્ય ફળીયું—૧૩૫૮
પોતાનું નામ બદલી, જુદુ ધરાવ્યું આંહી
રહે તે એવી રીતે, પ્રભાવ પુરો માંહી—૧૩૫૯
ઘરના તમામ કામો, નજરમાં એહ રાખે
નોકરની પાસ લેતી, હાથે ન કાંઈ દાખે—૧૩૬૦
પુત્રી પ્રધાન કેરી, શીક્ષણ અનેરૂ આપે
પ્રધાન પુત્રી સાથે, સહીએર પણ સ્થાપે—૧૩૬૧
પ્રભાવ સતીનો સારો, ઘરમાં પડયો છે જોઈ
હાજી હજુર રહેતા, નોકર રહે છે જોઇ—૧૩૬૨
સાંજે પ્રધાન આવે, કચેરી માંહે જઈને
સતી ધીમેથી પુછે, પાસે ઉભી રહીને—૧૩૬૩
ચાલે છે કેશ કોનો, શું નામ ઠામ તેનું
વીગત બની શું તેમાં, વિવરણ કરાવે તેનું—૧૩૬૪

પ્રધાન દેહ કહે છે, શંકા તજીને તેને
વિનોદ પોતે માને, પ્રધાન પોતે એને—૧૩૬૫
એવા તે ક્રમથી રાજે, સતી પ્રધાન પુછે
ઉત્તર પ્રધાન આપે, પુછે ન તારે શું છે—૧૩૬૬
દીનો સુખી તે ગાળે, પ્રથા તે એવી ચાલે
હજુય દુઃખ કેરાં, સ્વપ્નો સતીને આવે—૧૩૬૭
એક દી વજીર સાંજે, આવ્યા કચેરીમાંથી
સતી તે પાસ જઇને, પુછતી બધુંય બેઠી—૧૩૬૮
બાપુ કહોને આજે, ચાલ્યો છે કેસ કોનો
આરોપી કોણ તેમાં, છે કેસ મુદ્દો શાનો—૧૩૬૯
બાપુ કહોને મુને, વાતો એ પ્રીય લાગે
સુણતાં એ વાત સર્વે, મારી તો ભ્રાંત ભાગે—૧૩૭૦
બોલ્યો પ્રધાન વાણી, સાંભળ તું બેન મારી
સંભળાવું વાત એ તો, જીજ્ઞાસા હિત તારી—૧૩૭૧
રામપુર ગામ અહીંથી, વીસેક માઇલ દૂરે
આપણું છે રાજ્ય ત્યાં તો, સાચી છે વાત સુણે—૧૩૭૨
મોહન કરીને ત્યાં તો, માણસ ગૃહસ્થ પુરો
તેના નઠારે ભાઇ, ધંધો કીધો છે બુરે —૧૩૭૩
સગી જે બેન તેની, ગંગા સ્વરૂપ પુરી
કીધુ છે ખુન તેનું, દેસારો તેને સુણી—૧૩૭૪

મરનાર નામે ગંગા, બદચાલ તેની સુણી
હમેશ હરામ કેરા, લોકોની વાત સુણી—૧૩૭૫
મોહન ભરાયો રોશે, મારી તે નાંખી તેને
સ્ત્રીનો સંબંધ તેમાં, લાવ્યા છે સાથ તેને—૧૩૭૬
ચંચળ છે નામ-તેનું, તહોમતે નામ તેનું
વિગત બનેલી આજે, બીજી તે કાલે કરશુ—૧૩૭૭
હજુ ન કેસ ચાલ્યો, શરૂઆત કાલે થાશે
ત્રણ દીને પુરો થાશે, આરોપી ફાંસી જાશે—૧૩૭૮
રાતી સુણીને બોલી, આજે પીતાજી કાલે
વાતો વિશેષ કરજો, અત્યારે એમ આલે—૧૩૭૯
દીવસ બીજોય વીત્યો, સાંજે પ્રધાન આવ્યા
દીઠા રાણીએ જ્યારે, અંતર ઉમળકા આવ્યા—૧૩૮૦
આવીને પાસ બોલી, પીતા કહોને આજે
કચેરી કેસ આજે, શું કામ ચાલ્યુ આજે—૧૩૮૧
પ્રધાન એવી બોલ્યો, પુત્રી તું સુણ સર્વે
આરોપી નર તે નાનો, [illegible] હાલે—૧૩૮૨
સાક્ષી પુરાવા પડતા, [illegible] જેવા
લીધા [illegible], [illegible] છે એક એવા—૧૩૮૩
બચાવ ન કોઈ કરતું, [illegible] રહે છે બાંને.
[illegible]—૧૩૮૪

છુટે ન એજ કો દી, એવા પુરાવા પડતા
સાક્ષી પ્રતાપ નામે, મીત્રો થઇને નડતા—૧૩૮૫
સુણી સતીના નયણે, પાણી ભરાયું પ્રેમે
મનમાં વીચાર કરતી, ભાઇ ભલો તો એ છે—૧૩૮૬
નારીની ખોટી શીક્ષા, માનીતે એહા મનમા
બદલો કીરતારે આપ્યો, સહે છે દુખ તનમાં—૧૩૮૭
ફાંસીએ તો ભાઇ જાશે, પીઅર ઉજડતો થાશે
નિર્વંશ કુલ થાશે, દુશ્મનો હરખાશે—૧૩૮૮
માટે બચાવુ વીરને, પસ્તાશે આપ મેળે
મારૂય આળ જાશે, મને પ્રભુજી પ્રેરે—૧૩૮૯
પ્રધાન સાથે બોલી, સતી મુદુએ વાણી
પીતા કહ્યુ જો માનો, વદુ હુ સાચી વાણી—૧૩૯૦
મોહનનો કેશ ચાલે, સમક્ષ આપે કેરી
ગરીબ આરોપી એ છે, ન પક્ષ કોઇ તેની—૧૩૯૧
જશે બીચારો માર્યો, દયા મુને એ આવે
સાક્ષી બચાવે દેવા, પુત્રી તમારી આવે—૧૩૯૨
આજ્ઞા જો આપો તેની, પગલુ ભરાય તો તો
આવું હુ કોર્ટ મધ્યે, કરૂ બચાવ તો તો—૧૩૯૩
સપાડું કાંઇ ન કરતી, તને છોડી દેવા
મારા બચાવ સુણી, આવે વિચાર એવા—૧૩૯૪

આરોપી તોજ છુટે, માગુ હું આપ પાસે
આજ્ઞા જરૂર આપો, અવસર અલેખે જાસે—૧૩૯૫
પ્રધાન સુણી વાતો, હરખ્યો ઘણુંય મનમાં
પુત્રી ખરી એ વાતો, તે ઘેરી હામ તનમાં—૧૩૯૬
કચેરીમાં તું આવું, બહુ માનથી બોલાવું
કાલે ભલેને ચાલો, રજુ કરો તો દાવો—૧૩૯૭
નકકી વિચાર એવો, રાત્રે કરીને સુતાં
સવારે સર્વે જન તો, નીયમ પ્રમાણે ઉઠયાં—૧૩૯૮
સતી ઉઠી છે વ્હેલી, સૌચારી કાર્ય કીધું
પરવારી એજ કર્મે, ભજન પ્રભુનું કીધું—૧૩૯૯
સમય પુરો તે થાતા, પ્રધાન તો સીધ.વ્યા
કોર્ટે સતીને જાવા, સવડ કરીને આવ્યા—૧૪૦૦
પુરો જ્યાં એક વાગ્યો, ગાડી તૈયાર કીધી
જાવા કચેરી મધ્યે, આજ્ઞા તે આવી દીધી—૧૪૦૧
બાહેર સતીએ આવી, ખબર બધીએ આપી
પ્રધાન તર્ત તેને, બેસાડી સ્થાન આપી—૧૪૦૨
મોહનને તેની નારી, સામે આરોપી ઉભાં
કુસુંગા સંગ થાતો, પ્રભુએ આજ ડુબ્યાં—૧૪૦૩
સતી તો કોર્ટ મધ્યે, ઉભી થઈને બોલી
સભાજનો આ સુણજો, દેજો એ ન્યાય તોળી—૧૪૦૪

આરોપી જેના ખુને, ઘસડાયો કોણ મધ્યે
આજે એ ફાંસી ચડતો, છે ન્યાય કેરી રીતે—૧૪૦૫
કર્યું છે ખુન જેનું, ગંગા હું નામે તે તો
જીવતી છું હું જ અહીંઆ, ખરી એ વાત છે તો—૧૪૦૬
પુછો પુછાવો કોઇ, સાબીત ન થાય જોએ
વીતી બધી એ વર્ણું, આજ્ઞા પીતાએ થાએ—૧૪૦૭
મલી રાજ આજ્ઞા, સતીને વાત કરવા
સતીએ સર્વ જનને, કહ્યું છે કાન ધરવા—૧૪૦૮
પછીથી માંડી દીધી, બધીએ વાત વર્ણી
એકે ન છાની રાખી, પહેલા હતી જે પરણી—૧૪૦૯
કથા જે સાંજ સુધી, રસ પુર્ણ સર્વ કહેતી
અધુરી જેહ રહેતી, બીજે દીને તે કહેતી—૧૪૧૦
આખી કથા તે પુરી, પુરા તે સાત દીને
ઉત્સાહ નગરે વાધ્યો, સુણવા ભરાય લોકો—૧૪૧૧
ઘટના આ દુઃખ કેરી, સુણી ઘણાય લોકો
ભરી સભામાં રડતા, દુઃખે મુકીને પોકો—૧૪૧૨
વિસ્મય અતીશે થાતા, રાજાએ વાત સુણી
શાબાશ પુત્રી મારી, વાતો બધીય સુણી—૧૪૧૩
સાચી સતીજ તું છે, પાયે હું તને લાગુ
થાય ક્ષમ મારૂં, એય વરદાન હું જ માગુ—૧૪૧૪

રાજા જ્યાં પાય લાગ્યો, લોકો ત્યાં પાય લાગ્યા
જે જેને રૂચે તેવા, અભિલાશ કંઈક માગ્યા—૧૪૧૫

મોહન ને તેની નારી, છૂટાં તે આજ થાતાં
જોઇ સતીને મનમાં, ઘણું ઘણાં શરમાતાં—૧૪૧૬

રાયે સતીને આપ્યો, અલગ મહેલ રહેવા
સાધન પુરાવ્યાં સર્વ, જીંદગી સુધીએ ખાવા—૧૪૧૭

સચવાય માન તેનું, સમસ્ત રાજ્ય મધ્યે
મોહનને ત્યાંજ રાખ્યે, અધીકાર આપી તેને—૧૪૧૮

હુતા વીરૂદ્ધ લોકો, શીક્ષા ભવાને આપી
ખોળાં મુખો તે લઇને, સંતાપ કઈક પામી—૧૪૧૯

સતીની આમ રક્ષા, પ્રભુ તે આપ કરશે
પાપીઓ પાપ ભાનુ, પોતાની મોત મરશે—૧૪૨૦

સંકટ અનેક પડીયાં, સતીએ સત ન છોડ્યું
આખર પ્રભુએ જાતે, આવીને કષ્ટ તોડ્યું —૧૪૨૧

સતીયાં જે નર ને નારી, કષ્ટો અનેક પામી
અંતે તે સુખ પામે, પ્રભુ કહે વીરા —૧૪૨૨

દુર્જન હજાર લોકો, સુખે ભલે ને ફરતા
આખર દુઃખે દુઃખી, કુદરત માંહે પડતા—૧૪૨૩

હીન્દુ સમાજ મધ્યે, કીધા અનેક આવા
અજ્ઞાનતાથી ભાગતા, ફરતા સુધારે જાતા—૧૪૨૪

કરીને બાળ લગ્નો, બાળાનાં ઉર બાળે
જોતા ન જોડી વરની, પોતાનું અંગ ટાળે—૧૪૨૫

સદાય સ્વાર્થ માટે, લોકો એ તેથી કરતા
આખરે પાપ ભાતું, ભરીને નર્કે પડતાં—૧૪૨૬

અરેરે હાય આજે, હીન્દુ સમાજ તારી
અધોગતી હે પુરી, ખરે ખરી થનારી—૧૪૨૭

હજુએ આંખ ખોલી, નિહાળો વાત આવી
તો તો જરૂર હાથે, આવે સ્વરાજ ચાવી—૧૪૨૮

કથા સતીની વાંચી, વિચાર સર્વે કરજો
અસાર મુકી દઇ ને, ગ્રહણ સાર કરજો—૧૪૨૯

સતીનું દુઃખ જાણી, પુત્રી દુભાય ન કોદી
સંભાળ ચંની રાખો, આવે ન દુઃખ કોદી—૧૪૩૦

કહલાલકર તો કહે છે, વાંચક વીચારો પ્યારા
હશે હજાર દોશો, એકે ન લેશો મારા—૧૪૩૧

સમાપ્ત

ડીલીવરી મીક્ષ્ચર ! !

બાળકના જન્મ થયા પછી અનેક વ્યાધીઓથી સ્ત્રીઓની હાલત ગંભીર થઈ જાય છે. તેને માટે આ દવા એક અકસીર દવા છે.

ડીલીવરી મીક્ષ્ચર—એ એક નામીચા ડોકટરનું બનાવેલું અને પોતાના દરદીઓમાં અનુભવેલું સંપુર્ણ ખાત્રીવાળુ છે.

કોઈપણ જાતનો તાવ, ઝાડો, પરૂવાળો ઝાડો, પેટનો દુખાવો, મોંઢાની ગરમી, કમરનો તથા માથાનો દુઃખાવો, હાથ–પગની બળતરા, કાળજાનો દુઃખાવો, સુસ્તી રહેવી, બેશુ થઇ જવું, વારંવાર આવતી સુવાવડોથી નબળાઇ આવવી ઈ. અનેક બીમારીઓને મટાડી માતાની તથા બાળકની તંદુરસ્તી કાયમ રાખે છે. આજ કાલ ઘણી જગ ને દારૂ ચોળવાનો પ્રચાર વધી પડયો છે. શરૂઆતમાં તેના ફાયદો જણાય છે, પણ પાછળથી બહુજ નુકશાન થાય . જ્યારે આ દવાથી કોઇ જાતનું નુકશાન થતુ નથી અને શરીર તંદુરસ્ત રહે છે. સાત દીવસ ચાલે તેટલી દવાની કીંમત શીશી ૧ ના રૂ. ૨) ટ. ખ. સાથે રૂ. ૨ા ત્રણ શીશીના રૂ. પા ટ. ખ. સાથે રૂ. ૬)

રૂ. ૧) કરતાં ઓછી કીંમતનું વી. પી. મોકલવામાં આવતું નથી

શ્રી વાસુદેવ પ્રી. પ્રેસ, સ્ટેશન રોડ,—**નડીઆદ.**

અનેક દરદોની એકજ દવા "જેનસ" જીવનધારા

જીવનધારા હવે તો જગ પ્રસિદ્ધ થઈ ગઈ છે, પંદર વરસ થયાં પોતાના આશ્ચર્ય ચકીત ગુણોથી એક લાખ કરતાં વધારે શી-શીઓ વેચાણ થઈ ચુકી છે.

જે જે સદગૃહસ્થ એક વખત અજમાયસને ખાતર મંગાવે છે, તે પોતેજ તેની જાહેરાત કરવા માંડે છે, અને હમેશને માટે ગ્રાહક થઈ જાય છે.

શરીરને નુકશાન કરનારી કોઈપણ દવા 'જીવનધારા' ની અંદર આવતી નથી. નાના બચ્ચાંથી તે બુઢ્ઢા માણસ સુધી ગમે તેને વગર બીકે આપી શકાય છે, પ્રખ્યાત ડોકટરો તથા વૈદો વખાણ કરતાં કરતાં તેનો ઉપયોગ પોતાના ગ્રાહકોમાં કરી રહ્યા છે. છતાં પણ હજુ સુધી જેને "જીવનધારા" માં રહેલા અલૌકીક ગુણોની માહીતી નથી તેને માટેજ આ જાહેરાત છપાવવી પડી છે.

અનેક દર્દોમાં "જીવનધારા" થી થતા ફાયદા નીચે વર્ણન કરેલા છે, આપ પણ એક શીશી અજમાવીને આનો લાભ જરૂરથી લેશો.

અજીર્ણ—અપચો !

સર્વ રોગનું કારણ અજીર્ણ બદહજમી છે. માણસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઈ ચુકી છે માટે તેનો તત્કાલ ઉપાય કરવો, ગમે તેવા અજીર્ણમાં જીવનધારાનાં માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે, એકજ

દીવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઈપણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દીવસ લાગલાગટ બેબે ટીપાં જીવનધારાનાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉઠાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બન્ને વખત જમ્યા પછી એક ચમાચા પાણી સાથે અથવા દશ ટીપાં સુંઠના અર્ક સાથે બેબે ટીપાં જીવન ધારા પીવી, સુંઠનો અર્ક અગર હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦ાા પડશે.

ઝાડા-સંગ્રહણી.

ઝાડા, સંગ્રહણી, કોલેરા, અતિસાર, ઉલટી એ રોગોમાં જીવનધારા ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦–૧૦ વખત ઝાડા થતા હોય, ટુંકમાં જેને ઝાડાનો રોગ હોય તેણે પહેલી તકે જીવ નધારાનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં તે ખાત્રીપુર્વક આરામ પહોંચાડે છે ઉલટી શરૂ થતાની સાથેજ જીવનધારાનો ઉપયોગ કર-વામાં આવે તો પાંચ દશ મિનીટમાં ફાયદો પહોંચાડે છે જ્યાં જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા છાપરી જમણવાર ચાલતા હોય, યાત્રામાં ઠંઠા પાણીનાં સ્નાન, ખોરાકનુ અનીયમીતપણું અને રખડપટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે, તેવે સ્થળે એક શીશી જીવનધારાની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે, પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા માટે દરેક ગૃહ-સ્થની ફરજ છે કે તેણે જીવનધારાની એક શીશી ગજવામાં રાખ-વાની હમેશાં કાળજી રાખવી.

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો દર કલાકે ચાર ચાર ટીપાં જીવનધારા થોડા પાણી સાથે ઉલટી બંધ થતા સુધી લીધા જવું અથવા વધારે જરૂર જણાય તો અંદર બેબે ટીપાં (કોલેરામાં દર ૦ાા કલાકે આપવું) લવીંગનો અર્ક નાંખવો. લવીંગનો અર્ક રૂ. ૦ાા ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

ચુંક, આંકડી, પેટનો દુખાવો.

ઠંડા પાણીમાં રહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી વાયડી ચીજો ખાવાથી; તેલમાં તળેલા પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભુખ ન હોવા છતાં ખોરાક લેવાથી અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે તથા ઝાડો કબજ થાય છે અને કેટલીક વાર તો એટલી બધી ચુંક આવે છે કે તે સહન થઈ શકતી નથી, દરદી આસપાસના માણસોને ગભરાવી મારે છે, તેવી વખતે જીવનધારાનાં માત્ર બેજ ટીપાંની જાદુઇ અસર થાય છે, માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દીવસ દવા ચાલુ રાખવથી પ્રકૃતી પાછી અસલ હાલતમાં આવી જાય છે.

ઉપયોગ—દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં જીવનધારા એક ચમચા દુધ યા પાણી અથવા વરીયાળીના અર્કના દશ ટીપાં સાથે લીધા કરવી. તેમજ બેઆનાં ભાર તપખીર [છીકણી] માં ૧ ટીપું જીવનધારાનું મેળવી ડુંટીમાં ભરવી, વરીયારીનો અર્ક એક શીશી રૂ. ૦ાા એ ભાવે હમારે ત્યાં પણ મળે છે.

ખાંસી, દમ, શ્વાસ.

ખાંસી, દમ, શ્વાસ, ક્ષય, બાળકોનું ઉટાંટીયું, વગેરે છાતીના દરદો ઉપર જીવનધારા અસરકારક દવા છે. બે ત્રણ દીવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો અને શરૂઆતના ઉપાય તરીકેજ જીવનધારા ઉપયોગમાં લેજો જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો. દમ અને ક્ષયના દરદીઓએ સમાન્ય રીતે એક મહીનો દીવસ જીવનધારાનું સેવન ચાલું રાખવું જોઇએ, ઓછા ખરચે વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એકજ છે.

ઉપયોગ—બે બે ટીપાં જીવનધારા રોજ સવાર સાંજ એક ચમચા દુધ સાથે પીવાં તથા આઠ તોલા તલના તેલમાં ચાર આની ભાર જીવનધારા મેળવી શીશીમાં ભરી રાખવું અને રોજ તેમાંથી થોડું છાતીએ ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

શીરદર્દ, આદાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખત દુખાવો, સણકા, ચસ્કા, આદાશીશી, વિગેરે રોગોમાં જીવનધારા ખાત્રી ભરેલી દવા છે. માત્ર બે પાંચ મીનીટમાંજ પુરો આરામ થઇ જાય છે. જાણે કદી માથુ દુખતુંજ નથી. તાવમાં પણ જ્યારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથુ દુખતું તો મટી જાય છેજ. ગમે તેવો સખત દુખાવો પાંચ મીનીટમાં તો સાફ થઇ જાય છે ઝાંમરના દરદીએ પણ જીવનધારાનું સેવન કરવું કે જેથી તમો ખાત્રી પુરવક ફાયદો મેળવી શકશે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવૂ, પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં સંભાળ રાખવી કે આંખમાં લાગે નહિ. સખત દુખાવામાં ચોળવા ઉપરાંત દીવસમાં ત્રણ ચાર વખત શીશી ઉઘાડીને સુંઘવી.

આંખનો દુખાવો.

આંખોનો દુખાવો, કળતર, લાલી, ગરમી, વિગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર જીવનધારા છે. આંખોની ગરમી દુર થઇ જાય છે. અને લાલી કપાઇ જાય છે. જ્યારે આંખમાં રેતી કે કાંઇ રજ જેવું પડ્યું હોય છે. અને ઘણુ ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવો તે છે, આંખોમાંથી પુષ્કળ પાણી કાઢવા માટે જીવનધારા ઘણી સરસ અને સસ્તી દવા છે,

ઉપયો —આંખની ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખોમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે, સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહી પામે જો ૧ તોલા સુરમામાં માત્ર એક ટીપું જીવનધારા મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે અમારે ત્યાં અસલ સુરમો મળશે ૧ તો. કીં. રૂ. ૨)

દાંત—દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું: દાઢમાં કળતર, દંતશુળ, સણકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે જીવનધારા ખાત્રી ભરેલી દવા છે. દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસ.ાયક છે તે

વિતે તેજ જાણે, એક મીનીટ એક એક યુગ જેટલી થઇ પડે છે, તેવી વખતે જીવનધારા માત્ર લગાડવાનીજ ખોટી છે, દાંત કે દાઢને દવા અડતાની સાથે આરામ થઇ જાય છે. જેમને દાંતનો રોગ અસલથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહિ, દાઢના સણકા ઉપર જરા પુમડ઼ ભીંજવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું. અથવા પોલાણ હોય તો પુમડુ દાબી દેવું.

કાનના સણકા.

પરૂ વહેવું, કાનમાં સણકા, કાનમાં દુખાવો, બહેરાપણુ, સુળ, વિગેરે કાનના સઘળા દરદો ઉપર જીવનધારાનો ઉપયોગ કરવો જોઇએ. એક તોલા ડુંગળીના રસમા અથવા એક તોલા તલના તેલમાં અથવા એક તોલા દારૂમા માત્ર ચાર ટીપાં જીવનધારાનાં મેળવી તેનાં બે ટીપાં કાનમાં દીવસમાં બે વખત પાડવાનું મટતા સુધી ચાલુ રાખવું.

દરાજ, ધાધર, ખસ, ખરજવું.

દરાજ અથવા ધાધર ઉપર જીવનધારા રામબાણ દવા છે ત્રણ વખત લગાડવાથી આરામ થાય છે. ખસ અને ખરજવા ઉપર પણ તે ઘણીજ અકસીર દવા છે. આવા રોગોમાં જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમને છેવટના ઉપાય તરીકે જીવનધારાની અજમાયસ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમના એ દરદનુ આયુષ્ય પૂરૂ થયું હશે તેમને જીવનધારાના ઉપયોગની સલાહ ખરીજ લાગશે, પણ જેમના એ દરદોનો છેડો આવવાનુ હજી દુર હશે, તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી જીવન ધારા વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ૧૦ ટીપાં જીવનધારા નાખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડતી વખતે અગર અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનું તેલ લેવું. ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧) માં એક શીશી મળશે.

સોજો.

કાંઇ વાગવાથી, ઘસારાથી અથવા બીજા કોઈ રોગથી શરીરનો અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે, તેના ઉપર જીવનધારા ઘણી અકસીર દવા છે. એક અથવા બે વાર લગાડતાની સાથેજ સોજો ઉતરી જાય છે. ઉપયોગ દીવસમાં બે ત્રણ વખત એક એક બેએ ટીપાં જીવનધારા મસળવું, ગરમ કપડાંથી સેકવું અથવો ગરમ પાણીથી ઝારવુ. સંભાળજો આંખમાં લાગે નહિ.

સંધીવા—લકવો.

અર્ધાંગ વાયુ, સંધીવા લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને જીવનધારા વાપરવા લાયક છે, સાંધાઓ ઝલાઇ જઇ માણસ ખાટલાવશ કેમ નહી થયો હોય, પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદીને પોતાને કરાર વળેલો જણાય છે સાધારણ હાથ પગમાં થતો ફાટ, તોડ, ચુંથારો, ઝઝણી, સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખારો, સુળ પાંસળામાં કળતર, છાતીમાં દુઃખ થવું, હાથ પગનુ ભરાઈ જવું, વિગેરે દરદોમાં સસ્તી કીમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો જીવનધારાનો ઉપયોગજ છે. થોડા કલાકમાંજ તે મન માનતો ફાયદો પહોંચાડે છે ગમે તેવા જુના દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે. ૧૦૦] રૂપીઆના ખરચે જેઓનો લકવાસારો થયોનહીહોય, તેવા દરદીઓને જીવનધારાની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડયો હતો એવા એક બે નહિ પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયસ લેવાઈ છે અને તે સઘળામાં તે ફતેહમંદજ નીવડયું છે, સરેસવનુ અથવા તલનુ તેલ, ટરપેટાઇન કે વાસલેટ, કોઇપણ એક તોલો લઇ તેમાં ાા તોલે. જીવનધારા મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવુ, ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થસે અગર અગન બળતી જણાય તો જીવનધારા ાા ને બદલે ા તોલો લેવું.

કમજોરી—નિબંળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઉંચા ખોરાકની

જાણે શરીર કીંમતજ નહી કરતું હોય, આખો દિવસ સુસ્તી લાગતી હોય આંખો નિસ્તેજ, મોં ફીકું, ડાચાં બેઠેલાં, છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય, પાંચ શેર ઉચકી પાંચ ડગલાં ચલાતું નહી હોય, પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતાં શ્વાસ ભરાઇ જતો હોય, મન હંમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળ બળ થયા કરતો હોય, રસજ્ઞપણું જતું રહ્યું હોય, નિરાશામાં દિવસો વ્યતીત થયા હોય, ઉઠીને ઉભા થવું ભારી પડતું હોય, આખો દિવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય, યાદશકિતનો નાશ થયો હોય, મગજના અનેક ગુંચ-વાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જયારે શરીર કેવળ શકિત વગરનું થઇ ગયું હોય ત્યારે, જીવનધારાનો જરૂર ઉપયોગ કરવો, અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચીકણાં, અંગ ભરા-વદાર, ચહેરો ગુલાબી, છાતી ઉઠાવદાર, કમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી, અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ સીસીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે વિદ્યાર્થીઓએ ખસુસ કરી વાપરવું જોઇએ, ધાતુ પોષ્ટીક દવાઓમાં પહેલો નંબર જીવનધારાનો આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ અથવા, એક તોલો માખણ અને અડધો તોલો વાટેલી સાકર અથવા એક તોલો બદામનું તેલ અથવા ૧૦ તોલા દુધ, એમાંના કોઇપણ અનુ-પાન સાથે બે ટીપાં જીવનધારા સહવાર સાંજ લેવું.

હરસ-મસા.

હરસની પીડા જેને વીતે તે જાણે, જયારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હો ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર જીવન-ધારા અજમાવજો અને ખાત્રીથી એ પીડા હંમેશની દુર થઇ જશે.

ઉપયોગ—રોજ સવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર

૧ તોલો વાટેલી સાકર ભેગી કરી તેમાં બે ટીપાં જીવનધારા નાંખી
ફી મારવી અને ઉપરથી ૦। શેર દુધ પીવું જો ફાકવું પસંદ નહી
ય તો માંખણમાં મેળવી ચાટવું.
ઉંચુ નાગકેશર દળેલુ તઈયાર સીસી ૧ નો રૂ, ૦।। હમારે
થી પણ મળશે.

મોં—આવવું.

ગમે તે કારણથી મોં આવ્યું હોય અવાળુ ફુલી ગયું હોય
ંમાં ચાંદાં ધારાં પડી ગયાં હોય બધુ બે ચાર વખતમાંજ મટી
ય છે.
ઉપયોગ—૧ તોલો કબાબચિની (ચાણીકબાલા) બારીક
ટી તેમાં માત્ર ચાર ટીપાં જીવનધારાનાં નાંખી મેળવી મોંમાં
પડવું. અને મોં ગળતું મુકવું [લાળ જવા દેવી] એ રીતે દીવ-
માં ત્રણ કે ચાર વખત કરવુ.

પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ જીવનધારાથી તે
રૂર મટશેજ.
ઉપયોગ—રોજ સવારમાં એક તોલો વાટેલું ગોખરૂ ૧ તોલો
ડમડીનાં પાંદડાંનો રસ ૧ તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં
ટીપાં જીવનધારા નાંખી પી જવું અથવા દસ ટીપાં ચોખ્ખુ
દનનું તેલ લઈ તેમાં ૧૦ ટીપાં ગંધાબીરોજાનો અર્ક તથા બે
પાં જીવનધારા મેળવી રોજ સવારમાં ચાટી જવું, ચંદનનુ ચોખુ
। હમારે ત્યાં પણ મળશે. કીમત રૂ. ૧ ગંધાબીરોજનો અર્ક રૂ. ૦।।

ચામડીનુ ફાટવું.

શિઆળામાં ઘણુ કરીને, દરેક માણસના હાથ પગની ચામડી
છી વધારે ફાટયા વિના નથી રહેતી, તેવે પ્રસંગે જીવનધારા
પરવા લાયક દવા છે.
ઉપયોગ—માંખણ, ઘી, તેલ, દીવેલ અથવા વેસેલીન એમાંથી

કોઇપણ ચીજ ૦ાા તોલો લઇ તેમાં બે ટીપાં જીવનધારા નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે.

ઝેરી ડંખ.

ભમરી, વીંછુ, મધમાખ, ચાંચડ, માંકડ, મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર જીવનધારા અમુલ્ય દવા છે હજારો વખત તેની અજમાયેસ લેવાઈ છે, અને હજી સુધી એક વખત પણ નિષ્ફળતા મળી નથી દવા લગાડતાં વારજ અસર થવા માંડે છે, અને પાંચ મીનીટમાં તો દરદનું ચીન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર બે ચાર ટીપાં જીવન ધારા ચોળવું.

પ્લીહા-બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને જીવનધારા અજમાવવું, જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોચાડયો ત્યાં તે જરૂર સારૂ પરિણામ લાવશે થોડા ખરચે જલદી આરામ કરવાને એકજ રસ્તો છે ને જીવનધારાની અજમાયેશ લેવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આની ભાર લઈ તેમાં બે ટીપાં જીવનધારા મેળવી રોજ દીવસમાં બે વાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાથી મંગાવવામાં આવશે તો રૂ. ૧ ની તોલો. એ હીસાબે મોકલવામાં આવશે,

નપુશકતા.

વિર્યનો કોઈપણ રીતે નાશ કરવાથી આ દરદ ઉત્પન્ન થાય છે, સૃષ્ટિવિરૂદ્ધ કર્મ, હસ્ત દોષ. અતિશય વિહાર, રાત દિવસ હલકીમોજમજાના વિચારો, બીભસ્ત વાંચન લેખન, સ્વપ્નાવસ્થાઈત્યાદી કારણોથી વિર્યનો અઘટિત રીતે નાશ થઇ માણસ પુરૂષત્વ ખોઈ બેસે છે તેવે વખતે તેમને ચિંતામાંથી મુકત કરનાર એક જીવનધારા એજ ખરો આધાર છે ધાતુ ક્ષીણતાથી નશો ઢીલી પડી જઇને શિથિલતા પ્રાપ્ત થાય છે. ઢીલી થએલી નસોને પાછી તંગ

બનાવી તેમાં તાકાત લાવવા માટે જીવનધારા રામબાણ દવા છે પુરૂષત્વના નાશથી જેઓ રાત દિવસ ચીંતામાં રહેતા હોય હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નીરાશ થઇ ગયા હોય તેઓને છેલ્લા ખાત્રી ભરેલા ઉપાય તરીકે જીવનધારા વાપરવાની ભલામણ કરવામાં આવે છે અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની ભવની ચીંતા ટળી જશે, ઉપયોગ–રોજ સહવાર સાંજ ૫–૭ ટીપાં માલ કાંકણીના તેલમાં બે ટીપાં જીવનધારાનાં મેળવી માલીશ કરવું. માલ કાંકણીનુ તેલ ફી શીશી રૂ. ાા ના હીસાબે અમો મોકલીશું.

પ્રદરરોગ

સ્ત્રીઓના પ્રદર રોગ ઉપર જીવનધારા અજાયબ અસર કરે છે રકત વા સ્વેત ગમે તે પ્રદર ઉપર આપી શકાય છે બે ચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે. સ્ત્રીઓને તન્દુરસ્ત આરોગ્ય મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતી પણ નીરોગી બનાવી શકાય છે સ્ત્રીઓને નિરોગી બનાવવા માટે દર વરસે એક શીશી જીવનધારા આપવામાં આવે તો સુવાવડામાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. ઉપયોગ–સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ાા તોલો નાગકેસર ઝીણું વાટેલું લઇ તેમાં એક તોલો માખણ તથા બે ટીપાં જીવનધારા મેળવી ખાવું ઉપરથી રૂચી અનુસાર તાજું દુધ પીવું.

સરદી

અતિશય સરદી થઇ જવાથી માણસ ઘણીવાર ઠંડોગાર બની જાય છે અને સ્થિતી ભયંકર બની જાય છે અને જો એ સ્થિતીમાં તત્કાળ તેને બચાવવામાં નહી આવે તો થોડા કલાકોમા તેનુ આયુષ્ય પુરૂ થઇ જાય છે. ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય જીવનધારાજ છે. આવી સ્થિતીમાં તે પગના તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની

સાથેજ હુશીઆરી આવી જાય છે. ઉપયોગ—એક તોલો સરસીઆનું અગર તલનું તેલ લઇ તેમાં ૧૦ ટીપાં જીવનધારા મેળવી ખુબ ચોળવું વધારામાં જરૂર જણાય તો દશ ટીપાં તજનું તેલ ઉમેરવું તજનું તેલ હમારી પાસેથી મંગાવતાં રૂ. ૦ાા ની એક શીશી લેખે મોકલવામાં આવશે.

તાવ.

ઠંડીના લખલખાં આવીને રોજીંદો, એકાંતરીયો, ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલો ઉપાય ‘ જીવનધારા ” છે. જીર્ણજવર ઉપર પણ તે ઘણું સારૂ કામ કરે છે. સેંકડે ૮૦ માણુસોને તેથી આરામ થઇ જાય છે. ઉપયોગ—તુળસી આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ [૦ા) તોલો મેળવી તેમાં બે ટીપાં જીવનધારા નાંખી દરદીને દીવસમાં બે વખત પાવું.

ન્હારૂ.

ન્હારૂ અથવા વાળો એક જાતના તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજા ઘણા કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગમાં વાળો નીકળે છે એક વાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે છે. કારણ કે તાણી કાઢતાં તે તુટી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે અને ઘણી ઘણી વેદના દીવસો કે મહીનાઓ સુધી આપે છે ઉપયોગ—ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં જીવનધારા નાંખી થોડું પાણી ઉમેરી રોજ દીવસમાં ત્રણ વાર પીવું તેમજ હીંગનો અર્ક મેળવેલ જીવનધારાનાં ૪—૫ ટીપાં વાળાના મોઢાં ઉપર મુકવાં હીંગનો અર્ક અગર હમારી પાસેથી મંગાવશો તો રૂ. ૦ાા ની શીશીને હીસાબે મોકલીશું.

જંતુ નાશક.

ઘરમાં, ખાળ, મોરીઓ વગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુર્ગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી

વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે એટલુંજ નહી પ
એવી દુર્ગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું છે. એક શેર પાણીન
અંદર ૧૦ ટીપાં જીવનધારા નાંખી જગાઓ સાફ કરવામાં આવે ત
દુર્ગંધ દુર થશે એટલુંજ નહી પણ હાની કરતા જંતુઓનો ના
થાય છે.

માંકડ.

પલંગ, ખુરસી, ટેબલ, કબાટ, અભરાઇ, બારી, બારણ ભીતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુસ્કળ ભરાઈ રહે છે તેમ નાશ કરવા માટે જીવનધારા ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળ લગભગ દરેક ઘરમાં હોય છે અને માંકડના ઉપદ્રવથી બચવાન ઇચ્છા પણ દરેકને હોય છે. ત્યારે માંકડનો નાશ કરવા ઉપરાંત જેમ બીજા સેંકડો ગુણો સમાયલા છે તેવી જીવનધારાની દરેક ઘરમ જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ—સાબુનું ફીણ બનાવીને તેનું પાણી ગલાસ ભરી તઇયાર કરી તેમાં ૭ ટીપાં જીવનધારા નાખી માંકડ ભરાવવાન જગ્યાઓમાં તે ઉતારવું એથી માંકડ મરી જશે અને મહીનાઓ સુધ તે જગામાં માંકડ ભરાઇ બેસશે નહી.

શુળ

છાતીમાં, પાંસળાંમાં, અગર કમરમાં શુળ ,ચસકા મારતા હોય તેને માટે જીવનધારા અકસીર ઉપાય છે. દરદ વાળા ભાગ ઉપ જીવનધારા ચોળી ઉપર કળીચુનાની ફાક લગાડવી.

મ્હોંમાં દુર્ગંધ

રોજ દાતણ કરતી વખતે દાતણના કુચા ઉપર અથવા ટુથ બ્રશ ઉપર એક ટીપું જીવનધારા પાડીને તેનાથી દાંત ઘસવાથ અથવા પાનમાં બે ટીપાં પાડી પાન ખાવાથી અથવા ગ્લાસ ભર

પાણીમાં બે ચાર ટીપાં જીવનધારાનાં મેળવી તે પાણીથી દીવસમાં એક બે વાર કોગળા કરવાથી મ્હોની દુર્ગંધ દુર થાય છે.

સર્વ પ્રકારનો દુખાવો.

માથુ, હાથ, પગ, કમર, બરડાની કરોડ, છાતી, પાંસળાં; બોચી, ખભા, ઢીચણ, ઘુંટણ વગેરે ગમે તે ભાગમાં દુખાવો સણકા ચરકા, શુળ વિગેરે ગમે તેવું દરદ થતું હોય તે સર્વ માત્ર એક બે વખત જીવનધારા લગાડવાથી આરામ થઇ જાય છે.

ઉપયોગ—જીવનધારા ચોળવું. ઉપરથી ગરમ કપડાનો શેક કરવો. ગરમ કપડું વીંટાળી રાખવું.

પેટ ચઢવું અને પવનનું ગુંચાવું.

ઘણીવાર બાદીથી પેટ ચઢી આવે છે. પેટમાં પવન ગુંચાઇને પેઢુમાં સુળાં ભોકે છે. અને પેટ ડમ ડમ થઇને મનને અકળાવે છે ખાવા પીવાની રૂચી થતી નથી તે વખતે જીવનધારા જરા હથેળીમાં લઇને પેટ ઉપર ડુંટીની આસપાસ તેમજ પેઢુ પર ચોળવું. એકાદ કલાકમાં પવન છુટીને પેટ હલકું પડશે અને પેટમાં થતું દરદ દુર થઇ જશે.

ઘા વાગવો, લોહી નીકળવુ.

પડી જવાથી કોઇ શસ્ત્રથી કે કોઇ ફટકામાંથી ઘા પડયો હોય તો તે ઉપર જીવનધારા ઘણી કીંમતી દવા છે લોબાનનો અર્ક અને જીવનધારા સરખે ભાગે મેળવીને અથવા એકલું જીવનધારા ઘા ઉપર રેડવું તેથી તુરત લોહી બંધ થઈ જશે ઘા પાકવાની ભીતી રહેશે નહીં. લોબાનનો અર્ક શીશી ૧ નો રૂ. ાા હમારે ત્યાં પણ મળશે.

દાઝવું-બળવું.

દેવતાથી, દારૂખાનાથી, ગરમ પાણી, તેલ કે ઘીથી, તેજાબથી અથવા સીલવર નાઇટ્રેડ કે તેની કોઈ દવાથી શરીર દાઝી ગયું હોય ડામ પડયો હોય,ચામડી ખસી ગઇ હોય તે વખતે જીવનધારા ઘણી ઉપયોગીથઇપડેછે,જીવનધારારૂઝલાવેછે અનેવધારેભાગકોહતોઅટકાવેછે.

ઉપયોગ— ચુનાનું નિતર્યું પાણી તોલા ૧૦ તલનું તેલ કે કોપરેલ તોલા ૨૦ તથા જીવનધારાનાં ટીપાં ૧૨–૧૫ મેળવી ખુબ હલાવી મળી જાય એટલે દાઝેલા ભાગ પર લગાડવું દર વખતે શીશી હલાવીને વાપરવું.

જીવનધારા.

ઉપર લખવામાં આવેલા જીવનધારાના સઘળા ગુણ અતિશયોક્તિથી કેવળ નિરાળા છે દરેક ઘરમાં તેની ખાસ જરૂર છે. પોતાના સ્વાર્થ માટે તો ઘણા માણસો આ શીશી ખરીદ કરે પણ પરોપકાર માટે પણ તેની સેંકડો શીશી દયાળુ ગૃહસ્થો ખરીદ કરે છે જે ઘરમાં જીવનધારાની એક શીશી છે તેને વૈદ ડાકટરની જરૂર ક્વચીતજ પડે છે.

કીંમત.

જીવનધારાની એક શીશી સેંકડો રૂપીઆની કીંમતની છે એમ કહીએ તો પણ ચાલે. કારણ કે તેનાથી વૈદ ડાકટરોના મોટા બીલો ભરવાનાં બચી જાય છે. પરંતુ સાધારણ માણસને પણ પોસાણ થઇ શકે તેટલા માટે હમોએ તેની કિંમત માત્ર રૂ. ૧ાા રાખી છે, ત્રણ શીશીના રૂ. ૪) ડઝનના રૂ, ૧૫) બે ડઝનના રૂ. ૨૮) ત્રણ ડઝનના રૂ. ૩૯) પેકીંગ તથા ટપાલ ખર્ચ જુદુ.

ચેતવણી.

જીવનધારાની ઘણી ખપત જોઇને નકલી માલ ઘણો નિકળી પડયો છે. તેમજ હલકા માલમાં વેપારીને કમાણી વિશેષ હોવાથી તેવો માલ આપવા પ્રયત્ન કરે છે, માટેજ ચેતવણી આપવાની કે રજીસ્ટર ટ્રેડમાર્ક "જેનસ"નં. ૩૦૨ જોઈ તપાસીને ખરીદ કરજો.

અનુભવ સિધ્ધ દવાઓ ! !

ષંઢત્વ વિનાશક તેલ.

નામર્દીકે નપુસકતાને નષ્ટ કરનારૂ આ તેલ ઘણુંજ ચમત્કારી છે. હસ્ત દોષથી અથવા કુકર્મથી નબળી પડી ગયેલી નસોમાં નવો જોસ પેદા થાય છે, ટુટેલી નસો જોડાઇ જઇને સુખમાં માણસને ઉન્મત બનાવી મુકે છે. પહેલેજ દીવસે એનો ચમત્કાર જણાય છે. અને ૨૧ દિવસમાં તો નામર્દીપણાનું નામ નિશાન રહેવા પામતું નથી. પછી જીંદગીભર અમનચમનમાં દીવસો વ્યતીત થાય છે વૃદ્ધાવસ્થામાં પણ નીરાશ નહીં થતાં આ તેલનો ઉપયોગ જરૂર કરી જોવાથી વિલાસામૃતમાં માણસ ડુબકાં મારે છે. હજારો શીશાયોને લોકો અજમાવી ચુકયા છે. અને હવે તે તૈયાર થતાં થતાંજ ખપી જાય છે ગમે તેવી નીરાશામાં પણ આ દવાની ૧ શીશી અજમાવી જોયાથી ખાત્રી રાખજો કે નુકશાન થવાનું નથી. કીં. શીશીના રૂ. ૫)

અમારાં જેવાંજ અગર ભલતાંજ નામ આપનારાઓના નકલીઆત માલથી ઠગાતા નહિ.

દરાજનો મલમ.

ગમે તેવી જુની હોય, કાળી કે લાલ હોય, શરીરના કોઈપણ ભાગમાં લાગેલી હોય અને અનેક ઉપાયો છતાં દરાજ (દાદર) નહીં મટતી હોય તો છેવટે હમારી આ દવા અજમાવી જોવી, દવા લાગતી નથી નં. ૧ ની કીંમત રૂ. ૦। ત્રણ ડબીના રૂ. ०।।≈ નં. ૨ ની શીશી ૧ નો રૂ. ૦।। ત્રણ શીશીનો રૂ. ૧। નં. ૩ દરાજનો અર્ક શીશી ૧ ની કીંમત રૂ. ०।≈ ત્રણ શીશીનો રૂ. ૧)

સારસા પરીલા.

લોહી એ મનુષ્યનું જીવન છે તે બગડયું હોય તો અનેક રોગો ઉત્પન થાય છે. માટે તે સુધારવા દરેક મ ણુસને કાળજી લેવી જોઇએ તેને માટે આ સારસા પરિલા વિના બીજી કોઇપણ દવા પીવાની જરૂર નથી. ઉપદંશ, ગરમી અને તેના વડે થતા રોગો— તેમજ લકવો, સંધિવા, કંઠમાલ—પ્રમેહ ચામડી પર કાળા ડાઘા પડવા, આંખનું સુજી આવવું, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર શીતળા સરખા ફોલ્લા થઈ આવવા વીગેરે વીકારો ઉપર શેઠનાનો સારસા પરેલા અકસીર થઇ ચુકયો છે. શીશી ૧ નો રૂ. ૧ાા વી. પી. થી રૂ. ૨ ત્રણ શીશીના રૂ. ૪) વી, પી. થી રૂ. ૫)

વાતહરણ તેલ.

૨૪ કલાકમાં પ્રત્યક્ષ ફેળ જોઇ લેવું દર કલાકે ફેર પડતો જતો જણાય છે. સાંધાનું રહી જવું ફાટ ફાટ થઇને હાથ, પગ, કમર કે કરોડમાં દર્દ થવું સર્વ તુરત આરામ થાય છે. કીંમત રૂ. ૧ાા ત્રણ શીશીના રૂ. ૪,

હરસની દવા.

વિતે તે જાણે કે હરસની બીમારી કેટલી ખરાબ છે અમારી આ દવા ખાવા માત્રથી હરસ સુકાઇને ગરી જાય છે. હરસમાંથી લોહી વ્હેતું તો પહેલેજ દિવસે બધ કરે છે. હરસ ઉપર મલમપટા કરવાની કશી જરૂર નથી. કીં. રૂ. ૩ નમુના માટે પા (ા) શીશી જોઈએ તો રૂ. ૧.

પ્રમેહાંતક.

જુનો કે નવો ગમે તેવો પ્રમેહ નીરમુળ કરનારી આ દવા છે વારંવાર પીપ (રસી) નું જવું, પીળા તથા સફેદ રંગના ડાઘા પડવા વારંવાર પેશાબની ઇચ્છા પહેલાં યા પછી ધાતુનું જવું, મધની માફક ઘાડો પેશાબ થવો પેશાબ કરતી વખતે બળતરા થવી વીગેરે પ્રમેહથી થતા તમામ રોગોને નીરમુળ કરી પુરતો આરામ થાય છે. બજારૂ દવાઓ કરીને કંટાળી ગયા હો તો એકવાર જરૂર અમારી દવા અજમાવી જોજો કીં. રૂ. ૨) ત્રણ સીસીના રૂ. ૫ાા

ખીજાબ. (કેશ કલપ)

શેઠનાનો ખીજાબ વાપરો. સુગંધીથી મ્હેક મ્હેક થાયછે. વાળ તો અસલ કુદરતી કાળા રંગના થઇ જાયછે. ખર્ચ શું ? રૂ. ૧) ત્રણ શીશીના રૂ. ૨॥.

અર્ક ! ફુલ ! ! તેલ ! ? !

	શીશી. એકની કીં. રૂ.	શીશી ત્રણની કીં. રૂ.		શીશી. એકની કીં. રૂ.	શીશી ત્રણની કીં. રૂ.
અજમાનો અર્ક	૦॥	૧॥	પીપરમીંટનો અર્ક	૦॥	૧॥
તજનો અર્ક	૦॥	૧॥	લવીંગનો અર્ક	૦॥	૧॥
ઇલાયચીનો અર્ક	૦॥	૧॥	ગંધાળીજેરાનોઅર્ક	૦॥	૧॥
વલીઆરીનો અર્ક	૦॥	૧॥	ફુદીનાનો અર્ક	૦॥	૧॥
હીંગનો અર્ક	૦॥	૧॥	સુંઠનો અર્ક	૦॥	૧॥
પીપરમીટનાં ફુલ	૦॥	૧॥	અજમાનાં ફુલ	૦॥	૧॥
ચંદનનું તેલ	૧)	૨॥	ચલાનું તેલ	૦॥	૧॥
પીપરમીટનું તેલ	૦॥	૧॥	કપુરનું તેલ	૦॥	૧॥

ઉપર જણાવેલ અર્ક, ફુલ, તેલ વગર ભેળસેળનો તથા ખાત્રીનો માલ મળશે.

જેનસ બામ.

માથાના દુઃખાવા માટે અકસીર દવા કી. રૂ ૦॥ ત્રણ શીશીના રૂ. ૧॥.

ખાંસીની ગોળીઓ.

કી. રૂ. ૦॥ ત્રણ શીશીના રૂ. ૧॥.

બાલામૃત.

નાનાં બચ્ચાં માટે શકિતની અકસીર દવા કી. રૂ. ૧) ત્રણ

એક રૂ. કરતાં ઓછી કીંમતનું વી. પી. મોકલવામાં આવતું નથી.

સીસીના રૂ. ૨ાા.

સુરમો.

નં. ૨નો ધોળો તોલા એકના રૂ. ૧૦) નં. ૩નો કાળો તોલા ૧ના રૂ. ૨) ૦ા તથા ૦ાા તોલાની સીસીઓ ચાલુ ભાવે મળશે.

ખસનો મલમ.

ગમે તેવી ખસને માટે અકસીર ઉપાય છે. કીં. રૂ. ૦ાા ત્રણ સીસીના રૂ. ૧ા.

જુલાબની ગોળીઓ.

કીં. રૂ. ૦ા ત્રણ સીસીના રૂ. ૦ાા=

ભીમસેની ચુર્ણ.

અજીર્ણ તથા અન્ન પાચન નહિ થવાથી ઉત્પન થતાં દરદો માટે અકસીર ઉપાય કીં. રૂ. ૦ાા ત્રણ સીસીના રૂ. ૧ા

ફીવરૉલ ! !

(તાવનું એગ્યુમીક્ષ્ચર)

મેલેરીઆ, ઇનફ્લુએનઝા, એકાંતરીઓ, રોઝંદો, ચોથીઓ, પ્લેગનો, પ્લીહા (બરોળ) નો, લાંબી મુદતનો, ટાઢીઓ, વીગેરે તમામ પ્રકારના તાવને માટે અકસીર દવા છે. તાવને આવતો રોકી દસ્ત સાફ લાવે છે અશકતી લાગતી નથી તેમજ આંખની બળતરા માથાનો દુખાવો શરીરનું કળતર વીગેરે એકજ દિવસમાં મટી જાય છે. કીં. એક સીસીનો રૂ. ૦ાાા ત્રણ સીસીના રૂ. ૨)

દાંતનું મંજન.

સુગંધીદાર આ મંજન હંમેશાં વાપરવા જેવું છે, દાંતને ઉજળા મોતીના દાણા જેવા રાખવા માટે જરૂર વાપરો, દાંતમાં કળતર, લોહી નીકળવું, પરૂ નીકળવું, હાલવું, અવાળું ફુલવું વિગેરે માટે ખાસ વાપરવું જરૂરતું છે કીંમત રૂ. ૦ા= ત્રણ સીસીનો રૂ. ૧)

નેત્રબિંદુ.

સાધારણ ઝાંખ, રતાશ, આંખોની ગરમી, દુખવા આવવી. રાત્રે ઓછું દેખાવું વધ્ધાવસ્થાની આંખની નબળાઇ, વિગેરે માટે અકસીર છે, કીંમત રૂ. ૦ાા ત્રણ સીસીનો રૂ. ૧ા

પારિજાતક હેર ઓઇલ.

પારીજાતક હેર ઓઇલ સૂગંધીનો ખજાનો છે. માથાના વાળ કાળા, રેશમ જેવા સુંવાળા અને ચકચકીત થાય છે. મગજને ઠંડુ રાખે છે અને માથામાં કોઇ પ્રકારની વ્યાધી થતી નથી. કીં. રૂ. ૦ાા ત્રણ સીસીના રૂ. ૨)

અર્ક કપુર

કોલેરાનો ઉપદ્રવ ચાલુ હોય તે વખતે આ દવાનાં રોજ બે ત્રણ ટીપાં પાણી સાથે પીવાની ટેવ રાખવાથી કોલેરાનો ચેપ લાગતો નથી. કોલેરા ઉપરાંત સાધારણ ઝાડા, ઉલટી, ચુંક, મરડો વીગેરે પેટનાં દરદોમાં પણ અકશીર ઉપાય છે. કીં. રૂ. ૦ાા ત્રણ સીસીનો રૂ. ૧ા

કસ્તુરીની ગોળીઓ.

અસલ નેપાળની સુદ્ધ કસ્તુરી મીશ્રીત આ ગોળીઓના સેવનથી દમ, શ્વાસ, ખાંસી, છાતીનું દર્દ, ધાતુ ક્ષીણુતા નપુસકતા વીગેરે દુર કરી નવું લોહી અને વીર્ય ઉત્પન્ન કરી બદન ગુલે ગુલાબ જેવું બનાવે છે. મન પ્રફુલીત રહે છે. સ્ત્રી પુરૂષ બન્નેને એક સરખો ફાયદો પહોંચાડે છે. કીં. રૂ. ૨) ત્રણ સીસીના રૂ. ૫ા

દાંત અગર દાઢના દુખાવાની દવા.

દાંત અગર દાઢના દુઃખાવાની વેદના તો જેને વીતી હોય તે જાણે દરદાને કોઇપણ જાતનું ચેન પડતું નથી, ખોરાક લેવાતો નથી તેમજ જીવ આખો વખત ત્યાંનો ત્યાંજ લાગી રહે છે. આ દવાનું પુંમડુ મુકતાંજ ચમત્કારીક અસર થાય છે રોતી સીકલ એકદમ હંસમુખી થઇ જાય છે. કીં. રૂ. ૧) છેત્રણ સીસીનો રૂ. ૨ાા

કમરનો, પગની પીંડીઓનો દુખાવો, ખોરાક ઉપર અરૂચી સ્મરણ શકતી બરોબર રહે નહિ, ખાંસી, થોડા કામથી થાક લાગવો, હાથની હથેલી ઘસીને સુંઘવાથી દુરગંધી, તરસ લાગવી, સ્વપ્નામાં ધાતુનું સ્ખલીત થવું નજીવી બાબતમાં ઈન્દ્રિનું ઉશ્કેરાવું અને તેનાથી વીર્યનો નાશ થવો વીગેરે સેંકડો પ્રકારના રોગો વીર્યના નાશથી ઉત્પન્ન થાય છે. તે દરેક રોગને દુર કરવા માટે અમૃતગુટીકા એક અલૌકીક બીન હરીફ દવા છે પાચનશકિત મંદ હોય તો ઘી, દુધ મેવો વીગેરે કંઈ કામ લાગતું નથી તેટલા માટેજ અમૃતગુટીકાનો ઉપયોગ કરવાની ખાસ જરૂર છે, તમારી અમુલ્ય જીંદગીનો અકાળે નાશ કરવાની ઈચ્છા ના હોય તો પહેલી તકે આને અજમાવી જો જો.

અમૃત ગુટીકા

દરેક રૂતુમાં તેનો ઉપયોગ થઈ શકે છે તેમજ દરેક રૂતુમાં એક સરખો ગુણ આપે છે. ખાત્રી પુરવક માનજો કે શકતી પ્રાત્પ કરવા માટેજ અમૃતગુટીકાનો ઉપયોગ કરવાની જરૂર તો છેજ પણ તમારા હંમેશના જીવનને સુખ પુર્વક વીતાડવા માટે ખાસ ઉપયોગી દવા છે. કીંમત દરેક માણસને પોસાઈ શકે તેટલા માટે સાધારણ રાખી છે. ૩૨ ટીકડીઓની એક સીસીના રૂ. ૨) ત્રણ સીસીના રૂ. પા

અમૃત મીક્ષ્ચર !!

(શકિત મેળવવા માટે અમુલ્ય દવા.]

"અમૃત ગુટીકાના" ઉપયોગથી જે જે ફાયદા થાય છે. તેટલા જ ફાયદા આ દાવના ઉપયોગથી પણ થાય છે. (પુરી વિગત માટે પી. ૨૦-૨૧ વાંચો) પણ ઘણા સદગ્રહસ્થોને ગોળીઓ ખાવાની પસંદ આવતી નથી તેમને માટેજ ખાસ કરીને આ "અમૃત મીક્ષ્ચર" પીવા માટે બનાવવામાં આવેલ છે. સ્ત્રી પુરૂષોને એક સરખો ગુણ

આપે છે; એક વખતના ઉપયોગથીજ ખાત્રી થઇ જશે. કીંમત ૧ શીશીના રૂ. ૨) ટ. ખ. સાથે રૂ, ૨ાા ત્રણ શીશીના રૂ. પા ટ. ખ. સાથે રૂ. ૬)

મહીલા જીવન.

પ્રદરનો રોગ સ્ત્રીઓને માટે મહા ભયંકર ગણાય છે. કારણ પ્રદરથી અનેક સ્ત્રીઓનાં જીવન અકાળે નષ્ટ થાય છે. નવ જીવન, ભરેલું બદન, ઉત્સાહી અને ખીલેલું બદન, મોહક ચહેરો એ સર્વનો નાશ પ્રદરના વ્યાધીથીજ થાય છે. સેંકડે ૯૦ સ્ત્રીઓ આ રોગથી હેરાન થાય છે અને ફોગટના પૈસા ગુમાવી માટીના મુલ્યની દવાઓ ખાય છે.

" મહીલા જીવન " એ એક કુશળ ડોકટરની બનાવટ છે. હજારો દરદીઓમાં વાપર્યા પછીથીજ જન સમાજના ઉપયોગ માટે બહાર મુકવામાં આવેલ છે. ' મહીલા જીવન ' ના ઉપયોગથી શ્વેત (ધોળો) યા રકત [લાલ] પ્રદર એટલે ચીકણો, મેલા રંગનો, ઘટ્ટ, પીળો, ધોળો અગર લાલ રંગનો વાસમારતો પ્રવાહી રૂપે જે પદાર્થ વહી જાય છે તેનાથી શરીરનું કળતર રહેતી, હાથ પગની બળતરા જીર્ણ તાવ, શરીરનું સુકાઇ જવું, અધુરે માસે ગર્ભનો નાશ થવો, અનીયમીત અટકાવ આવવો, ખાંસી, રતવા, માથાનો તથા પેટનો દુઃખાવો, ખોરાક પર અરૂચી, દસ્તની કબજીઅત, આખો વખત સુઇ રહેવાની ઇચ્છા ઇ. અનેક વ્યાધીઓને જડમુળથી નષ્ટ કરી બદન જોવનથી ખીલતું અને ગર્ભ ધારણ કરવા લાયક બનાવે છે. ગર્ભાશયના તમામ વીકારો મટાડે છે. કીંમત ૧ શીશીના રૂ. ૨) ટ. ખ. સાથે રૂ. ૨ાા ૩ શીશીના રૂ. પા ટ. ખ. સાથે રૂ. ૬]

જે. એન. શેઠના મુ. પો. નડીઆદ (ગુજરાત)

J. N. SETHNA. p. c. NADIAD (Gujarat)



બ્હેન. સતી! હમો ભયંકર કુંવારા હોવા
છતાં રજોગુણના ગુલામ છીએ.